જૈન સંસ્કૃતિનું

# કલ્યાણ

સંદેશવાહક


વર્ષ ૧૭ : વીરસં. ૨૪૮૬ : વિ. સં. ૨૦૧૬ : વાર્ષિક લવાજમ

અંક ૨ : એપ્રીલ-૧૯૬૦ : ચૈત્ર : રૂા. ૫-૫૦



: સંપાદક :

સોમચંદ ડી. શાહ

# વિષય દર્શન


| લેખ | લેખક | પાનું |
|---|---|---|
| ઉઘડતે પાને | સંપાદક | ૮૧ |
| બે સનાતન તત્વો | વૈદ્ય મોહનલાલ ચુ. ધામી | ૮૩ |
| શુભ સંકલ્પ | શ્રી મફતલાલ સંઘવી | ૮૫ |
| મનન માધુરી | શ્રી વિમર્શ | ૮૮ |
| ફુલ અને ફોરમ | પં. શ્રી પ્રવિણવિજયજી ગણી. | ૯૨ |
| અદ્ભુત ચમત્કાર | શ્રી ભદ્રભાનુ | ૯૩ |
| વેરાયેલાં ફુલો | શ્રી સુધાવર્ષી | ૯૯ |
| સર્વ શ્રેષ્ઠ વિકાસના માર્ગે | પૂ. મુ. શ્રી મિત્રાનંદજી મ. | ૧૦૧ |
| કષાયાન્ સંવૃણુ પ્રાજ્ઞ ! | શ્રી પ્રિયદર્શન | ૧૦૫ |
| ઋતુધર્મ અંગેની મર્યાદા | સંપા. ચિકિત્સક | ૧૦૯ |
| જ્ઞાન ગોચરી | શ્રી ગવેશક | ૧૧૩ |
| પુનર્જન્મ કેટલાક પ્રસંગો | સંપાદિત | ૧૧૯ |
| શંકા-સમાધાન | પૂ. આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિશ્વરજી મ. | ૧૨૩ |
| સંસાર ચાલ્યો જાય છે | વૈદ્ય શ્રી મોહનલાલ ચુ. ધામી | ૧૨૬ |
| શ્રી શંખેશ્વર મહાતિર્થ | | ૧૩૫ |
| શ્રી દ્વાદશાર નયચક્ર સમારોહ | | ૧૪૦ |
| સમાચાર સાર | સંકલિત | ૧૪૪ |


કલ્યાણ


વાર્ષિક લવાજમ રૂા. ૫—૦૦


WALCHAND COOPER GROUP

મજબૂતાઇમાં સર્વોપરી હોવા છતાં અવાજનો અભાવ.

કુપર શેપીંગ મશીનો


- ઘસારા સામે ટકે તેવાં
- પ્રીસીસન "ગ્રેડ ૧"
- ક્વૉલીટી મટીરીઅલ



ખાસ ચક્રરો, મીડીઅમ કાર્બન સ્ટીલમાંથી અને બીજા ચક્રરો અને ભાગો—'મીહા નાઇટ' સ્પેશ્યલ ગ્રેડ, હાઇ ડયુટી કાસ્ટીંગમાંથી બનાવેલ છે. સઘળા ભાગો સહેલાઈથી બદલી શકાય છે અને સહેલાઈથી છુટા પાડવાનું તેમજ સાફ કરવાનું કામ થઈ શકે છે.

વાઇસ:- સ્પેશ્યલ ક્વોલીટી સ્ક્રુ ટાઇપ, સ્વીવેલ બેઝ સાથે.

"AS" ૨૦" અને ૨૪" બેલ્ટ-ડ્રાઈવ, ઇલેક્ટ્રીક-ડ્રાઇવ (વી-બેલ્ટ સાથે) માં મળી શકશે.



"G.P." ૨૦", ૨૪" અને ૩૨" ઓલ-ગીઅર્ડ-સીંગલ પુલી અને ઇલેક્ટ્રીક ડ્રાઇવ (વી-બેલ્ટ સાથે)



"SS" ૧૨" બેલ્ટ ડ્રાઈવ. ઇલેક્ટ્રીક ડ્રાઈવ (વી-બેલ્ટ સાથે) મળી શકશે.

ઉત્પાદકો:
કુપર એન્જીનીઅરીંગ લી.
સતારા રોડ.

વિતરકો: બાટલીબૉઈ એન્ડ કંપની • ફોર્બ્સ સ્ટ્રીટ, કોટ, મુંબઇ. ૧.

આશ્રીતો: ભોગીલાલ લહેરચંદ પ્રાયવેટ લીમીટેડ.

શાખાઓ: મદ્રાસ • કલકત્તા • દીલ્હી • અમદાવાદ • કાનપુર • વિજયવાડા • સીકંદ્રાબાદ
કોઈમ્બતુર • બેંગલોર.

# ઉઘડતે પાને

દશ કર્માનો ગતાંક પ્રગટ કરીને વાચકોની સેવામાં રજુ કર્યા બાદ આ બીજો અંક પ્રસિદ્ધ થાય છે. સંસારના વિષમ વાતાવરણની વચ્ચે જીવન વ્યતીત કરતા સંસારી આત્માઓને શાંતિ, સમતા તથા સંસ્કાર અને સ્વાધ્યાયનું સાહિત્ય પીરસતા 'કલ્યાણ' માટે અમારે કશું કહેવાનું નથી !

આજે સમસ્ત સંસારમાં ક્રોધ, માન, માયા તથા લોભ કષાયોની ભૂતાવળ તદ્દન નગ્ન સ્વરૂપે તાંડવ મચાવી રહી છે. તેમાંયે માયા તથા લોભે તો મર્યાદા વટાવી દીધી છે. આજના રાજકારણે પ્રત્યેક પ્રવૃત્તિઓને ભરડો લીધો છે. ધાર્મિક સામાજિક, નૈતિક કે વ્યાપારિક કોઈ પણ પ્રવૃત્તિ બાકી નથી રહી કે જેમાં વર્તમાન રાજકીયતંત્રે વ્યકિતગત કે સામુદાયિક સ્વાતંત્ર્ય પર પોતાના કાયદા કાનૂનો-દ્વારા હસ્તક્ષેપ ન કર્યો હોય. ?

જેમ કાયદા ઓછા તેમ રાજકીયતંત્ર હિતકર તે સૂત્ર આજે દેશમાંથી ભૂલાતું જાય છે. પ્રજાના દરેક વ્યવહારોમાં કાયદાનો હસ્તક્ષેપ પારાવાર વધતો રહ્યો છે. ધાર્મિક તથા નૈતિક વ્યવહારોમાં પણ આજના રાજ્યતંત્રે જે અનુચિત હસ્તક્ષેપ કરવા માંડયો છે, તે ખરેખર અનર્થકર અને દેશની સ્વચ્છ હવાને ગૂંગળાવનારૂં અનિષ્ટ પગલું છે. આની સામે સર્વ કોઈએ આજે જાગૃત બનીને પડકાર કરવાની જરૂર છે.

દેશમાં આજે કોંગ્રેસીતંત્રમાં લાંચરૂશ્વત, અપ્રામાણિકતા, આપખુદી વર્તન, સ્વાર્થ-પરાયણતા હિંસા, લોભ, અસંતોષ, લૂંટ, ખુનામરકી ઈત્યાદિ પાપતત્ત્વો ફાલીફુલ્યાં જ કરે છે: તદુપરાંત: ક્રૂરહિંસા પણ આજે કોંગ્રેસી રાજ્યમાં કેવલ મોજશોખમાંયે થઈ રહી છે. આ બધું આજે જે રીતે આગળ વધી રહ્યું છે, તે ખરેખર ભારત દેશની ~~પ્રાચીન સંસ્કૃતિપરનો ખુલ્લો અત્યાચાર જ કહી શકાય, તેમજ આ તંત્રે પૈસા~~ મેળવવા માટે જે અનેક કરવેરા પ્રજાની દુબળી કાંધપર નાંખ્યા છે; કે જેના યોગે પ્રજાનો કોઇ પણ વર્ગ આજે શાંતિનો શ્વાસ લઇ શકતો નથી. તેમાંયે આજના તંત્રે વધારે આપખુદી તે દાખવી છે કે, ધર્માદા ટ્રસ્ટના નાણાં ગમે તે ઉપયોગમાં લઇ શકાય તે માટે હમણાં સરકારી તંત્ર પેરવાઈ કરી રહ્યું છે.

આજે ભારત સરકારના કાયદાઓ અમુક જ સમાજ માટે રહે છે, ને અમુક સમાજ માટે નહિ. આ દ્વિધા-વિસંવાદ કોઇ રીતે સમજી શકાતો નથી. હિંદુને બે પત્ની ન થઇ શકે, કરે તો તે ગુનેગાર: ને મુસ્લીમ ગમે તેટલી સ્ત્રીઓ કરી શકે તો

## ✻ નવા સભ્યોની શુભ નામાવલી ✻

રૂા. ૫૦, શેઠ જમનાદાસ મોરારજી હિન્દુ સેનેટેરીયમ હા. રામજી પુનાજી પુના પૂ. આચાર્યદેવશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૨૫, શાહ ખાતે પાલીતાણા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજશ્રીએ સૂરિમંત્ર પંચ પ્રસ્થાનની આરાધનાની પૂર્ણાહુતિ નિમિત્તે.

રૂા. ૨૫, શ્રી કેશરીચંદ સુરજમલ વાપી પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી છબીલદાસ એમ. શાહ મુંબઇ.

રૂા. ૧૧, શ્રી હરગોવનદાસ નાગરદાસ શાહ મુંબઈ શ્રી રમણિકલાલ મણિલાલ શાહની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી નાનજીભાઈ ચનાભાઈ જૈન મુંબઈ ઉપર મુજબની શુભ પ્રેરણાથી.

રૂા. શ્રી ઈશ્વરલાલ સોમચંદ ખંભાત.

રૂા. ૧૧, શ્રી રતિલાલ જગશીભાઇ ખેમાણી શ્રી બાબુલાલ કાલીદાસ સાંપ્રાવાળાની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી મણિલાલ શામજી હા. શ્રી નિર્મળાબેન ભાવનગર સાધ્વીશ્રી ત્રિલોચનાશ્રીજી મ. ની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી વી. આર. શાહ મુંબઇ.

રૂા. ૧૧, શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ધર્મશાળા અને શેઠશ્રી નેમચંદ નાથાભાઈ જૈન જિનાલય સુરત.

રૂા. ૧૧, શ્રી ચુનીલાલ મંગળદાસ શાહ મુંબઈ માસ્તર નવલચંદ હિરાચંદની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી વરધીલાલ મણિલાલ બોરીવલિ ઉપર મુજબની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી શણગાર રૂપચંદ શાહ મુંબઇ ઉપર મુજબની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી દેવીચંદ વીરચંદ શાહ મુંબઇ

રૂા. ૧૧, શ્રી મહાવીર હોલસેલ કલોથ ડીપો દાવણગિરિ.

રૂા. ૧૧, શ્રી જાદવજી રતનજી પ્રભાસપાટણ

રૂા. ૧૧, શ્રી હિંમતલાલ ગીરધરલાલ મહુવા.

રૂા. ૧૧, શ્રી જૈન સંઘની ઓફીસ સોરઠ વંથલી

રૂા. ૧૧, શ્રી ગાંગજીભાઈ ગોસર દીગરસ

રૂા. ૧૧, શ્રી રમણલાલ જેશીંગભાઈ જરીવાલા અમદાવાદ.

રૂા. ૧૧, શ્રી હિંમતલાલ મુલચંદ જૈન મુંબઈ.

રૂા. ૧૧, શ્રી મોતીલાલ જીવરાજ જુનાડીસા.

રૂા. ૧૧, શ્રી કેશવલાલ માણેકલાલ પુના

રૂા. ૧૧, શ્રી રતિલાલ પાનાચંદ ગાંધી ડેરોલ

રૂા. ૧૧, શ્રી પોપટલાલ ઘેલાભાઈ જુનાડીસા.

રૂા. ૧૧, શ્રી મનરૂપજી ઓટાજી શીરોહી.

રૂા. ૧૧, શ્રી કચરાભાઈ વીરજી નખત્રાણા.

---

તે કાયદેસર, તે રીતે હિંદુઓના ધાર્મિક ટ્રસ્ટો માટે ચેરીટી કમીશ્નરની સત્તા તેના ધાર્મિક ટ્રસ્ટોનું ટ્રસ્ટડીડ કરવું જ પડે, તે કાયદો મુસલમાનો માટે નહિ. આ ભારત સરકારની કાયદો બધા માટે છે-ની વાતમાં કેટ કેટલો વિરોધાભાસ !'

**આ** બધી પરિસ્થિતિની સામે પત્રકાર તરીકે 'કલ્યાણ' પણ શકય રીતે પ્રતિકાર કરી, ભારતીય પ્રાચીન સંસ્કૃતિનું રક્ષણ કરવા કાજે સક્રિયપણે પ્રયત્નશીલ છે. પોતાના સાધનોની મર્યાદામાં રહી શકય દરેક રીતે સમાજ, સંસ્કૃતિ, શિક્ષણ, શ્રદ્ધા તથા સમભાવના પ્રચારક કલ્યાણને સર્વ કોઇ શુભેચ્છકો પોતાનું માની સદા સર્વદા સહકાર આપતા રહો એ જ એક અભિલાષા.

તા-૫-૪-૬૦ —સંપાદક

વર્ષ : ૧૭ * અંક ૨

# કલ્યાણ

ચૈત્ર * ૨૦૧૬

## બે સનાતન તત્ત્વો

### વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

સત્ય અને અહિંસા એ ભારતવર્ષની સંસ્કૃતિના પાયા રૂપ છે.

અને પાયાના રંગ અવારનવાર પલટે નહિં; અથવા સત્ય અને અહિંસાના સ્વરૂપમાં કે તત્ત્વમાં કદી પરિવર્તન થઈ શકે નહિં.

ભારતના મહાપુરુષોએ સત્યને જેમ અટલ અને અપરિવર્તનશીલ કહ્યું છે તેમ અહિંસાને પણ એજ રીતે વિચારી છે.

આજે એક સત્ય હોય અને ગઇ કાલે એજ વસ્તુ અસત્ય હોય એવું કદિ બની શકે નહિં.

એજ રીતે અહિંસાનું સ્વરૂપ જે ગઇકાલે હતું તે આજે પણ હોય અને આવતી કાલે પણ એજ રહેવું જોઇએ

કારણ કે સત્ય અને અહિંસા એ બંને તત્ત્વો અટલ અને અપરિવર્તનશીલ છે.

પરંતુ આજે આ બંને તત્વો પર ઘોર અત્યાચાર વરસી રહ્યો છે. આજના વામન બુદ્ધિવાળા માણસો કેવળ પોતાના અંગત સ્વાર્થો અથવા તો રાજકીય સ્વાર્થો અથવા તો સંસ્થાના સ્વાર્થોને પોષવા ખાતર સત્ય અને અહિંસાની ઘોર ખોદવાનું કાર્ય કરી રહેલ છે.

અને દુઃખનો વિષય તો એ છે કે જે સત્ય અને અહિંસા ભારતના પ્રાણ સમાન છે તેની જ આજે ક્રૂર મશ્કરી થઇ રહી છે.

જે લોકોનાં હૈયામાં નથી ધર્મદૃષ્ટિ, નથી તત્ત્વદર્શનની ઝાંખી કે નથી આર્યસંસ્કૃતિના હેતુઓનું જ્ઞાન તેવા અજ્ઞાની લોકોના હાથમાં આજે સમાજને, સ્વરાજને અને રાષ્ટ્રને દોરવાનો દોર આવી પડયો છે અને આ બધા સામાજીક કે રાજકીય આગેવાનો પોતાના જ અજ્ઞાનના પાપે ભારતની ભવ્ય સંપત્તિનો વિનાશ નોતરી રહ્યા છે.

સત્યનાં તો આજે લોકજીવનમાં દર્શન થવાં પણ દુર્લભ છે, કારણ કે લોકો હંમેશા પોતાના આગેવાનોની પાછળ જ ચાલતા હોય છે!

એજ રીતે અહિંસાની દશા થઇ રહી છે.

થોડા ઘણા ડોલરની ભૂખ સંતોષવા ખાતર કતલખાનાઓ ચલાવાતા હોય છે અને એના નિર્માતા અથવા તો એમાં રસ લેનારાઓ પોતાને અહિંસાના પૂજારી કહેવડાવતા હોય છે.

ગાંધીજીની ધરતી પર પણ કેવળ સિંહનાં દર્શનના ક્ષુદ્ર મનોરંજન ખાતર ઘોર હિંસાની યોજનાઓ થતી હોય છે, એને કાયદાનું પ્રમાણ પણ મળતું હોય છે અને એના યોજકો પોતાને બાપુના ભકતો કહેતા હોય છે!

બેફામ પણે ગોળીબાર કરનારાઓ પણ અથવા તો દમનના કોરડા વિંઝનારાઓ

પણ એમજ કહેતા હોય છે કે આ બધું અહિંસાની રક્ષા ખાતર કરવામાં આવે છે!

અહિંસાની આથી ભયંકર-ક્રૂર હાંસી બીજી કઇ હોઇ શકે? હિંસાના રક્ષણ માટે અહિંસાને જો જીવવાનું રહેતું હોય તો અહિંસાના બળની કિંમત પણ શું?

મહાત્માજીએ તો અહિંસાનું સ્વરૂપ એટલે સુધી ગાયું હતું કે અન્યની લાગણીને દુભાવવી એ પણ હિંસા છે!

પરંતુ એના ભકતોએ અહિંસાના સ્વરૂપને નવાયુગનો નવો વાઘો પહેરાવ્યો છે!

ઇંડા, માંસ, મચ્છી કે એવી હિંસક વસ્તુઓ ખાવામાં પણ અહિંસા રહેલી છે એવી વ્યાખ્યા આજની અહિંસાની બની રહી છે!

પરિણામ એ આવ્યું છે કે લોક જીવનમાં રહેલાં સત્ય અને અહિસાનાં મૂલ્યો ઓસરવા માંડયાં છે.

આ દેશમાં પ્રત્યેક વ્યક્તિ અહિંસક હતી એવું કદી બન્યું નથી, બની શકે નહિં. હિંસા અને અહિંસા બંને તત્વો રહેતાં જ આવ્યાં છે; પરંતુ એવું કદી નથી બન્યું કે હિંસાને આચરનારો અથવા હિંસાને પોતાનું શસ્ત્ર બનાવનારો, માનવી પોતાની જાતને અહિંસક કહેવા અથવા તો પોતાના કાર્યને અહિંસક ગણાવવા તૈયાર થાય!

હિંસક માનવી પણ હંમેશા પોતાની જાતને અહિંસક કરતાં નીચો જ માનતો આવ્યો છે અને અહિંસા આચરી ન શકાતી હોય તો પણ અહિંસા એજ સાચો આદર્શ છે એમ પ્રમાણિકપણે માનતો આવ્યો છે.

ભારતવર્ષના કોઈ પણ ભૂતકાળમાં હિંસાનો બચાવ કોઈએ કર્યો નથી.

માનવી માંસાહારી હોય તો પણ તે દોષ કરે છે. એ હકીકત તો તે સ્વીકારતો જ રહ્યો છે!

પણ આજની અહિંસા સાવ નિરાળી વસ્તુ છે. બીજા શબ્દોમાં કહીએ તો આજે હિંસાને જ અહિંસાનો અંચળો પહેરાવીને લોકો સમક્ષ એક ભંગાર યુગનો વારસો ઉભો કરવામાં ગર્વ લેવાઈ રહ્યો છે.

સત્ય અને અહિંસા પ્રત્યેના આજના ઘોર અત્યાચારના પરિણામે આવતીકાલની પેઢી કેટલી ખતરનાક અને ભયંકર હશે એની કલ્પના કરવી પણ ભારે કઠીન છે.

કારણકે માનવીના પ્રાણમાં અને લોહીમાં પડેલાં આ બે સનાતન તત્વોને આજે વિચલિત બનાવી દેવાનો પુરૂષાર્થ આચરાઈ રહ્યો છે!

સત્યની પણ આજે એજ પરિસ્થિતિ છે. આજના આગેવાનો આજ જે બોલે તેને સત્ય કહેવરાવતા હોય છે અને નવાઈની વાત તો એ છે કે આજનું સત્ય આવતી કાલનું ભયંકર અસત્ય પુરવાર થતું હોય છે. સત્યની આજે કરેલી વ્યાખ્યા આવતી કાલે વિપરીત સ્વરૂપ ધારણ કરતી હોય છે.

ભારતની જનતા યુગયુગથી જે બે તત્વો પર ગર્વ લઈ રહી છે, તે બંને સનાતન તત્વો જો આ રીતે ચૂર્ણ-વિચૂર્ણ બની જશે તો ભારતની જનતા પાસે કઈ મુડી રહેશે?

શું વિરાટ કારખાનાઓ એ મુડી છે? શું માનવીને પામર બનાવનારી નિકાસ યોજનાઓ એ ભારતની સાચી સંપત્તિ છે?

એ તો કેવળ ક્ષુદ્ર નિર્માણ છે. અસ્થિર ઉપાય છે. કાળની એકજ થપાટ લાગતાં એ બધાં નષ્ટ ભ્રષ્ટ થઇ શકે છે!

પણ ભારતનાં જે સનાતન તત્વો છે તેને કાળની થપાટ પણ નષ્ટ કરી શકતી નથી એને નષ્ટ કરે છે માત્ર આપણો પ્રમાદ અને આપણી અજ્ઞાન મનોદશા!

# શુભ સંકલ્પ

卐 卐 શ્રી મફતલાલ સંઘવી

ધરતીના ઉત્સંગે ઝૂલતા નયનમનોહર અને નાજુક છોડની શાખા-પ્રશાખા અને પાંદડીએ પાંદડીમાં મહામોટા વૃક્ષપણાને પામવાનો જે તરવરાટ અનુભવવા મળે છે, તેવો તરવરાટ વ્યોમની છાયામાં વસતા માનવીમાં–પરમ માનવજીવનને પામવા માટે જન્મશે કયારે?

ક્ષમાના અવતાર સરખી ધરતીનું સુદૃઢ આલંબન મળ્યું હોવાના કારણે નાનો સરખો છોડ જો છાયાઢોળતા મહાવૃક્ષનું સ્વરૂપ પામી શકે છે, તો દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માનું અનન્યતમ સુદૃઢ આલંબન જે ભવ્ય આત્માઓને તેમના અનેક જન્મોના સુંદર ફળ સ્વરૂપે મળ્યું છે, તેમના જીવનમાં પરમ-જીવનને આલિંગવા સિવાયની બીજી કોઈ તમન્ના હોઈ શકે ખરી કે?

નાનકડો છોડ જે નિષ્ઠાપૂર્વક પોતાનું મૂળ ધરતીને અર્પિત કરી દે છે, તેવી જ નિષ્ઠાપૂર્વક જો આપણે કરુણાસિંધુ શ્રી અરિહંત પરમાત્માને આપણું હૃદય સોંપી દઈએ, તો વૃક્ષરૂપે પરિણમતા છોડની જેમ આપણું નાનકડું જીવન-ઝરણું યથાકાળે કલકલ નાદે વહેતી પાપ પ્રક્ષાલિની સરિતાનું સ્વરૂપ અવશ્ય ધારણ કરતું થાય.

પાણીના મિશ્રણવાળું દૂધ જેમ બરાબર જામતું નથી, તેમ વિષય–કષાયના મિશ્રણવાળું આપણું મન પરમ પવિત્ર ભાવોના પિતા શ્રી અરિહંત પરમાત્માની ભક્તિમાં બરાબર જામતું નથી અને તેથી આપણો જીવનછોડ આંતર સંબંધોની ઘનિષ્ઠતાના યોગને સાધવામાં લગભગ નિષ્ફળ નીવડે છે. અને જાણે તે ઉખર ભૂમિમાં વવાયો હોય તેમ વૃદ્ધિંગત થવાને બદલે દિન-પ્રતિદિન સૂકાતો જાય છે.

અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે, આપણી સમગ્રતા પરમ જીવન માટે વલોપાત કરી રહી છે કે કેમ?

પ્રશ્નનું સમાધાન કરતાં જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે 'દેવ, મનુષ્ય, નારક અને તિર્યંચગતિરૂપ સંસારમાં ત્રણેય કાળમાં એવા પરમ-જીવનના અભિલાષી આત્માઓ હોય જ છે.

આ ઉપરથી એ નક્કી થાય છે કે પરમ-જીવનની અભિલાષાથી અધિક શ્રેષ્ઠ બીજી કોઈ અભિલાષા નથી. કારણ કે ચારગતિમય સંસારના ત્રણેય કાળના સર્વ શ્રેષ્ઠ આત્માઓનું સઘળું સર્વશ્રેષ્ઠત્વ તે અભિલાષાની પરિપૂર્ણતામાંથી જ તાજા ખીલેલા ફૂલની સુગંધની જેમ આ સંસારમાં અનાદિકાળથી મહેંકી રહ્યું છે.

તે મહેક પ્રત્યે ભમરાની જેમ આકર્ષાવાને બદલે, જેની દુર્ગંધથી ગભરાઈને વર્તમાનકાળે દેવો અહીં આવતા અટકી પડયા છે તે અશુચિમય સંસાર પ્રત્યે આકર્ષાવાનું આપણું વલણ આપણા હૈયામાં અશુચિ પ્રત્યે આદરભર્યો હોવાનો નિર્દેશ નથી કરતું શું?

વીતી વાત પર વલોપાત કરવાનો શો અર્થ? હા, તેમાં પશ્ચાત્તાપનો અગ્નિ ભર્યો હોય તો હજીએ કાંઈક અર્થ સરે.

આજે તો આપણે દેવ–ગુરુની સાખે એટલો જ શુભ સંકલ્પ કરવાની આવશ્યકતા છે કે 'આજની આ ઘડીથી નાનકડા છોડ સરખો હું, કૃપાનિધાન શ્રી અરિહંત પરમાત્માના પરમ વિશુદ્ધ અને વિશ્વવિશાળ હૃદયમાં મારું હૃદય સ્થાપીને દશેય પ્રાણ દ્વારા મારા પરમજીવનનો વિકાસ સાધીશ.'

પરમ જીવનની સાધનાની દિશામાં મક્કમતા-પૂર્વક પગલાં ભરવાનો શુભ પ્રારંભ નહિ કરીએ ત્યાં સુધી આપણને વળગેલી કર્મજન્ય પામરતા

અને પરવશતા કદી આપણો કેડો નહિ છોડે. કારણ કે આપણે તેનાથી મુકત થવાના શુભ આશયપૂર્વક આગળ ડગ માંડવાની વૃત્તિ જ ન રાખીએ, એટલે પછી પામરતા આદિ તે દોષોને આપણું ઘર ખાલી કરીને બીજે જવાની વૃત્તિ થાય જ કઇ રીતે? મતલબ કે અનેક ભવોમાં જીવની સાથે રહેલું જડત્વ એજ આપણા જીવનું જીવન બની રહ્યું છે.

આત્માનું મૌલિક જીવન ધીમે ધીમે આપણા હૈયામાં ઉઘડતું થાય અને ભવોભવની આપણી પરાધીનતા ટળી જાય તેટલા માટે આપણે આપણી સમગ્રતાને સમગ્ર વિશ્વના એક માત્ર ચક્ષુ સમાન શ્રી અરિહંત પરમાત્માના પરમતારક ભાવની સાથે જોડી દેવી જોઇએ. જળમાં જળ ભળી જાય છે તેવી રીતે આપણામાં રહેલા શુભના વિમળ સ્રોતને સાગર સરસા બનાવવા માટે મહાસાગર સરખા શ્રી અરિહંતપણાના ચંદ્રિકા વિશુધ્ધ પ્રવાહમાં ભેળવી દેવો જોઇએ.

આપણું આત્મદ્રવ્ય જેવું તેવું નથી. તેનામાં અપાર અને અચિંત્ય શકિત રહેલી છે. તેમાંથી પ્રગટતા શુભ ભાવની સરવાણી સેંકડો ભવોના પાપ–તાપના સંતાપને પળમાં ઠારી દે છે. પરંતુ તે દ્રવ્યના અસંખ્ય પ્રદેશોમાં ભળી ગએલી આઠ પ્રકારના કર્મોની અતિશય સૂક્ષ્મ અને ચીકણી રજને નિર્મૂળ કરવા માટે સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી અરિહંત પરમાત્માએ સ્વમુખે પ્રકાશેલા તપ, સંયમ, સત્ય વચન, બ્રહ્મચર્ય, અચૌર્યતા, નિરભિમાનીપણું, આર્જવ, અપરિગ્રહ, મુકિત અને ક્ષમારૂપ દશ પ્રકારના ધર્મના પાલનમાં આપણે દિન–પ્રતિદિન વધુ ને વધુ વીર્ય ફોરવવું જોઇએ. આત્માના ગુણોને પ્રગટ કરવામાં પ્રમાદ સેવવો અને વીર્ય ગોપવવું તે આપણને મળેલા ઉત્તમ માનવભવના ઘોર અપમાન અને અનાદર સમાન છે. દહિં, સાકર અને શેરડી જેવાં સામાન્ય દ્રવ્યો પોતાનામાંના ઉત્તમ ગુણને ફોરવીને આ સંસારમાં બહુમાન પામી શકે છે, તો અનંત શકિતશાળી આત્મદ્રવ્યની અચિંત્ય શકિતને પ્રગટ કરવાની પૂરેપૂરી યોગ્યતા. અનુકૂળતાવાળો ઉત્તમ માનવભવ મળવા છતાં, આપણે કયા ઉદ્દેશ ખાતર બહાર ને બહાર જ ભટકીએ છીએ ? રાત–દિવસના આઠ પ્રહરમાંથી શું આપણે આપણામાં, આપણા આંતરભવનમાં એકાદ પ્રહર પૂરતા પણ પૂરા આનંદ અને ઉલ્લાસપૂર્વક નહિ જ બેસીએ? તો પછી આપણામાં સ્વરૂપરમણતા પ્રગટશે કયાંથી? ત્રિભુવનપતિ શ્રી અરિહંત પરમાત્માના નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવને યથાર્થ સ્વરૂપે ઓળખનારૂં આપણું ભકિતનેત્ર ઉઘડશે કઇ રીતે?

જેમણે આપણને મહાન બનાવવા માટે ઉત્તમમાં ઉત્તમ અનુષ્ઠાનો, વ્રતો નિયમો અને પ્રતીકોનો સર્વોત્તમ વારસો આપ્યો તે પરમ–ધર્મ પિતા શ્રી અરિહંત પરમાત્માના તે વારસાનો યથાર્થપણે ઉપયોગ કરવા જેટલું શાણપણ અને કુલીનપણું પણ શું આપણે ખોઈ બેઠા છીએ? પરમ પરાક્રમી પિતાનો પુત્ર કેવો હોય તેની કલ્પના સુદ્ધાં આપણને દિવસમાં એકાદ વાર પણ આવે છે ખરી કે?

ત્રણેય લોકના ભવ્ય આત્માઓ જેમની ભક્તિ કરવાના સુઅવસરને પોતાના જીવનનો સર્વ શ્રેષ્ઠ અવસર માને છે, તે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ માટેની પાત્રતાવાળો માનવનો ભવ મળવા છતાં, આજે આપણા સમય અને શકિતનો ઘણો મોટો ભાગ કેવળ સંસારભકિત, કે જે આજ સુધીમાં અસંખ્યવાર આપણને છેતરી ગઈ છે, તેની જ પાછળ બરબાદ થાય છે. મતબલ કે આપણા હૈયામાં પરમ કૃપાળુ શ્રી અરિહંત પરમાત્માની ભકિતમાં હોવો જોઈએ તેના કરતાં પણ અધિક આદર મૃત્યુચક્ર સંસારની ભકિત પ્રત્યે રહેલો છે. અન્યથા આપણે સ્વ અને પરના પરમહિતના સાધક એવા આત્માના પરમ ગુણોને પ્રગટાવનારી દયાસાગર શ્રી અરિહંત પરમાત્માની

સર્વકલ્યાણકારિણી આજ્ઞાના ભંગ સમયે, આપણા અતિ નિકટના સગાના આકસ્મિક મૃત્યુના સમાચાર સાંભળીને જે અકથ્ય દુ:ખ અનુભવીએ છીએ, તેનાથી પણ અધિક દુ:ખ આપણને થાય. કિન્તુ જડભાવલીન આપણા સમગ્ર મનોરાજ્ય ઉપર મહામોહની સત્તા ચાલતી હોવાથી જડ પદાર્થોથી વિખુટા પડતાં આપણને જે દુ:ખ થાય છે, તેટલું પણ દુ:ખ સ્વભાવલીનતા બક્ષનારા શ્રી અરિહંતોપદિષ્ટ ધર્મની આરાધનાના ધન્ય અવસરને જતો કરવામાં થતું નથી.

પિત્તળને સો વાર ઘસવા છતાં પણ એ પિત્તળનું પિત્તળ જ રહે છે પણ સોનું નથી બની જતું, તેમ સંસારને સેંકડો ભવો સુધી સેવવા છતાં એ સંસાર તો સંસાર જ રહેવાનો છે, પણ સર્વસારમયતાના પરમ સત્ત્વરૂપ નિર્મળ આત્માના શાશ્વત પદરૂપ મોક્ષ નથી જ બની જતો. તેમ છતાં તેને જ ભજવાનો મિથ્યા આગ્રહ તે આત્માને તજવાના અતિ ભયાનક જડભાવનો સ્પષ્ટ સૂચક ગણાય.

આધ્યાત્મિક સંસ્કૃતિના પવિત્રતમ નીર વડે ઉભરાતા હૈયાવાળા પ. પૂ. સાધુ-સાધ્વીઓનાં વૃંદ જે પુણ્યભૂમિ ઉપરથી ત્રણેય લોકમાં સર્વ કલ્યાણના બીન તારી (Wireless) સંદેશાઓ પાઠવી રહ્યા છે, તે પુણ્યભૂમિ ભારત જેમના પાવનકારી પાદસ્પર્શના ધન્ય અવસરને યાદ કરીને આજેય અનેરો રોમાંચ અનુભવી રહી છે, તે શ્રી અરિહંત પરમાત્માના પરમતારક ધર્મપ્રકાશને ઝીલવામાટે આપણે સહુ મોડા-વહેલાં પણ આપણા હૃદયતલને સાફ કરવાં જ પડશે. વિવેકી અને જાગ્રત હશે તેઓ વહેલાં જાગશે, મૂઢ અને પ્રમાદી હશે તેમણે પણ જાગવું તો પડશે જ! ભલે પછી તેઓ તેમના સાંસારિક જીવનમાં બપોરે બાર વાગે ઊઠે છે, તે જ રીતે અહીં પણ મોડા ઊઠે. પણ ઉઠયા સિવાય તેમનો છૂટકો જ નથી.

'જાગે તેનું દુ:ખ ભાગે, જાગ! જાગ! જાગ! મરજીવા!'


## નવીન ચાલુ પ્રકાશનો

| | |
|---|---|
| સામાયિક-ચૈત્યવંદન | ૦-૧૫ |
| બે પ્રતિક્રમણ સૂત્ર-સચિત્ર | ૦-૩૭ |
| પંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, સ્તવન-સજ્ઝાય | ૨-૦૦ |
| દેવવંદનમાળા-છંદ સાથે | ૨-૫૦ |
| સ્નાત્ર પૂજા | ૦-૨૫ |
| સામાયિક સૂત્ર સાર્થ અને બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ | ૧-૨૫ |
| પૂજા સંગ્રહ ભા. ૧ થી ૧૦ | ૩-૫૦ |
| બે પ્રતિક્રમણ અર્થસહિત ને પંચપ્રતિક્રમણ મૂળ | ૨-૫૦ |

માસ્તર રતિલાલ બાદરચંદ શાહ
ડોશીવાડાની પોળ, અમદાવાદ

## शुभ सूचना

ऊन बहुत बढ़िया सफेद औघा व चरवला वास्ते
भाव रु १०-०-० रतल अेकना
हर प्रकार की रेशमी, मिक्स तथा ऊनी काम्बली व जोटा सस्ते दाम खरीदें, सूचीपत्र मुफ्त मंगाओ

बिशेशरदास रतनचंद जैन
लुधियाना (पंजाब)

ગ્રાહક બનો! અને બનાવો!
કલ્યાણ વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦
કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા

# મનન માધુરી

## શ્રી વિમર્શ

卐

### જગતનો વિનાશ શાથી ?

"सरागोऽपि हि देवश्चेत्,
गुरुरब्रह्मचार्यपि;
कृपाहीनोऽपि धर्मः स्यात्,
कष्टं नष्टं ह हा जगत्" ॥ १ ॥

કલિકાળસર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્યજી**

સરાગી દેવ પણ દેવ તરિકે પૂજાય, અબ્રહ્મચારી ગુરુ પણ ગુરુ તરિકે મનાય તથા દયાહીન ધર્મ પણ ધર્મ તરિકે લેખાય તો મોટા કષ્ટની વાત છે કે આખું જગત નાશ પામી ગયું સમજવું.

જગતનો સર્વાંશ વિનાશ અટકી રહ્યો હોતતો તેમાં કારણભૂત થોડાઘણા આત્માઓ પણ સરાગીને નહિ પણ વીતરાગને જ દેવ તરિકે, અબ્રહ્મચારીને નહિ પણ બ્રહ્મચારીને જ ગુરુ તરિકે અને દયાશૂન્યને નહિ પણ દયાયુકતને જ ધર્મ તરીકે સ્વીકારે છે.

આ વાતને સ્પષ્ટતયા સમજવા માટે એ વિચારવું જોઈએ કે સરાગીની પણ પૂજા અને અબ્રહ્મચારીની પણ સેવા ફલદાયી થતી હોય તો તેવી પૂજા અને તેવી સેવા આજસુધી જગતમાં કોણે અને કયારે નથી કરી? સૌ કોઈ જીવ કોઈને કોઈ બીજા સરાગી ઉપર પ્રેમ, ભકિત કે વાત્સલ્યભાવ ધરાવે જ છે. અને તે કારણે તેની સેવા, શુશ્રુષા કે આજ્ઞાપાલનાદિ કરે જ છે. કયો પિતા પોતાના પુત્ર ઉપર, કયી માતા પોતાની પુત્રી ઉપર, અને કયો પતિ પોતાની પત્ની ઉપર પ્રેમ ધારણ કરતો નથી? અને તે પ્રેમના યોગે અનુક્રમે પુત્ર, પુત્રી, પત્નીની સારસંભાળ કે સેવા કરતો નથી? એજ રીતે કયો પુત્ર પિતા ઉપર, કયી પુત્રી માતા ઉપર, અને કયી પત્ની પતિ ઉપર પ્રેમ કે ભકિત ધરાવતા નથી? સૌકોઈ ધરાવે છે અને તદનુસાર સેવા-શુશ્રુષાદિ પણ કર્તવ્યબુદ્ધિએ કરે છે. હિંસક પશુપક્ષીઓ પણ પોતાના સંતાનાદિ પ્રત્યે વાત્સલ્યભાવવાળા હોય છે. અને તેની રક્ષા સંવર્ધનાદિના કાર્યમાં સર્વદા અપ્રમત્તપણે તત્પર રહે છે. માતાપિતા ઈત્યાદિ ઉપર ભકિતભાવ ધારણ નહિ કરનાર સંતાનો કે સંતાનાદિ ઉપર વાત્સલ્યભાવ ધારણ નહિ કરનારા માત-પિતાદિ આ સંસારમાં નથી હોતા એમ નહિ પણ તેઓ પણ સ્વ સ્નેહિ-સ્વજનાદિને છોડીને અન્ય સ્નેહિ—સ્વજનાદિ ઉપર સ્નેહ, પ્રેમ કે વાત્સલ્યભાવ ધારણ કરનાર હોય જ છે અને તેમાંના એક પણ વીતરાગ હોતા નથી, કિન્તુ સરાગી જ હોય છે. જો સરાગી સેવા, ભકિત કે પૂજાદિ સ્વર્ગાદિસુખાદિ આપતાં હોય તો થોડાક જ જીવો નરકાદિક દુઃખાદિને અનુભવનારા આ વિશ્વમાં રહ્યાં હોય. પણ આ વિશ્વનું પ્રત્યક્ષ દર્શન એથી સર્વથા વિરૂદ્ધ છે. સમગ્ર વિશ્વ સરાગી પૂજા પાછળ વીતરાગ અને વીતરાગની પૂજાને ભૂલીને પડેલ છે. કોઈક વિરલ જીવ જ સરાગીની પૂજાને છોડીને વીતરાગ કે વીતરાગતાની ભકિતની પાછળ લાગેલો દેખાય છે. તે પણ દીલથી નહિ પણ દ્રવ્યથી માત્ર દેહવ્યાપારાદિથી જ મોટે ભાગે હોય છે. દ્રવ્ય–ભાવ અને બાહ્ય–અભ્યંતર ઉભયથી વીત-

રાગની કે વીતરાગતાની ભકિતની પૂઠે મન, વચન, કાયા અને સર્વસ્વનું સમર્પણ કરનારા જીવ વિરલ જ દેખાય છે. તે જ એમ બતાવે છે કે જગતનાં દુઃખનું બીજ સરાગીનુ સ્મરણ અને વીતરાગનું વિસ્મરણ છે, જગતને સરાગીની જેટલી ઓળખાણ છે; તેટલી વીતરાગની નથી. સરાગીની સેવાથી જેવો લાભ માને છે તેવો વીતરાગની સેવાથી માનતું હોય એમ જણાતું નથી. સરાગીની દોરવણી જેને જેટલી પસંદ છે તેટલી વીતરાગની દોરવણી પસંદ આવતી નથી. જગતની વિનાશકતાનાં છુપાં અને ઝેરી બીજ એમાં જ રહેલાં છે. સરાગી ઉપરની શ્રદ્ધા અને વીતરાગ ઉપરની અશ્રદ્ધા એજ વિનાશનું મૂળ છે. એ વાતને કોઈ વિરલ જ જાણે છે. અને એજ નિયમ લાગુ પડે છે બ્રહ્મચર્યાદિથી વિહીન એવા ગુરુની સેવાને અને દયાવૃત્તિ આદિથી શૂન્ય એવા ધર્મની આરાધનાને.

બ્રહ્મચર્યાદિ ગુણ સંપન્ન ગુરુને અને દયાવૃત્તિ આદિથી પ્રધાન એવા ધર્મને જ સેવનારા અને તે સિવાયના ગુરુ અને ધર્મને છોડનારા કે નહિ માનનારા જગતમાં કેટલા છે? આજે જ નહિ પ્રત્યેક કાળમાં ગુરુગુણસંપન્ન શુદ્ધ ગુરુ અને ધર્મગુણસંપન્ન શુદ્ધ ધર્મ જાણનારા, માનનારા અને સેવનારા ઓછા જ રહ્યા છે. અને એજ કારણે જગત્‌ની વિનાશકતાની પાછળ (ગુરુ અને ધર્મના વિષયમાં પણ) અયોગ્યની સેવા અને યોગ્યની અસેવારૂપી ઝેરી બીજો જ કાર્ય કરી રહ્યા હોય છે. વિરલ આત્માઓજ તે વસ્તુને જાણી કે સમજી શકે છે.

જૈન શાસ્ત્રોનો એ નિરધાર છે કે અવીતરાગતા અને અસર્વજ્ઞતા એ દેવનું મોટું દૂષણ છે. અવીતરાગતા અને અસર્વજ્ઞતાને ધારણ કરનાર આત્માઓ પણ જો જગત્‌ને સાચી દોરવણી આપી શકતા હોત તો જગત્ કોઇ કાળે ઉન્માર્ગે ન હોત.

અસત્ય કે સત્યવિરોધી નિરૂપણનું મૂળ કોઈપણ હોય તો તે અવીતરાગતા અને અસર્વજ્ઞતા જ છે. અસર્વજ્ઞ અને અવીતરાગને ધર્મના પ્રણેતા બનવાનો અધિકાર ન્યાયવિરૂદ્ધ છે. સત્ય વચનનું મૂળ વીતરાગતા અને સર્વજ્ઞતા જ છે. છતાં અજ્ઞાન, મોહ કે દુરાગ્રહવશ વીતરાગ અને સર્વજ્ઞનું અનુયાયીપણું સ્વીકારવામાં ન આવે અને એથી વિપરીત અસર્વજ્ઞ અને અવીતરાગનું અનુયાયીપણું સ્વીકારવામાં આવે તો આંધળાની પાછળ દોરાયેલા આંધળાની જેમ વિશ્વ વિનાશના પંથે જ ખેંચાઈ જાય એમાં નવાઇ નથી.

ઉન્માર્ગથી બચવા માટે, અને સન્માર્ગને પામવા માટે, જેમ દેવ તરિકેનું સ્થાન વીતરાગ અને સર્વજ્ઞ સિવાય બીજાને ન જ અપાય, તેમ ભકિત અને પૂજનનું ફળ મેળવવા માટે પણ, વીતરાગ અને સર્વજ્ઞને છોડીને, અન્યને હૃદયમાં સ્થાન ન અપાય. વીતરાગ અને સર્વજ્ઞની ભકિત એ મુકિતની દૂતી બને છે. અવીતરાગ અને અસર્વજ્ઞની ભકિત મુકિતની વિરોધી બને છે. એ માટે મોટું પ્રમાણ પ્રત્યક્ષ જગત છે.

કંચન અને કામિનીના સંગથી નહિ નિવર્તેલા આત્માઓ તે નુકશાન કરી શકતા નથી, જે તેના સંગથી નહિ નિવર્તવા છતાં ગુરુપદને ધારણ કરે છે. રાગદ્વેષાદિ કિલષ્ટ ચિત્તવૃત્તિઓની ઉત્પત્તિનું મૂળ કોઇપણ હોય તો, તે કંચન અને કામિની પ્રત્યેનો અયોગ્ય મોહ છે. એ જેનો ખસ્યો નથી, તે આત્મા સ્વયં કલેશથી બચ્યો નથી. તો પછી અન્યોને બચાવવા માટે સમર્થ કેવી રીતે થાય? જ્ઞાનમય જીવન જીવવા માટે પણ કંચનકામિનીનો સંગ ત્યાજ્ય છે. કંચનકામિનીના બાહ્ય અભ્યંતર સંગમાં વસીને જ્ઞાનસ્વરૂપ હોવાનો કે જ્ઞાનદાતા બનવાનો દાવો પોકળ છે. જ્ઞાન અને રાગ કંચનકામિનીના સંગને પરસ્પર વિરોધ છે. કંચનકામિનીના આકર્ષણની ઉત્પત્તિનું બીજ જ અજ્ઞાન છે. એ

અજ્ઞાનથી જેઓ અલગ થયા નથી, તેઓ ગુરુ બનવાને લાયક કેવી રીતે ? કંચનકામિનીના સંગ કે આસક્તિમાં ફસેલા આત્માઓ પાસેથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી હોત તો જગત્ આજે અજ્ઞાની ન હોત. પણ એ સ્થિતિ જગતની નથી એનું એજ કારણ છે કે જ્ઞાનમય જીવન જીવવા માટે અને સજ્જ્ઞાનનું દાન કરવા માટે અવિદ્યા કે અજ્ઞાનના ફળસ્વરૂપ કંચન-કામિનીના સંગથી દૂર થવાની જરૂર છે. જેઓ એનાથી દૂર થયા નથી તેઓ ગુરુ તરિકે હૃદયમાં સ્થાપન કરવા યોગ્ય નથી.

અવીતરાગતા અને અસર્વજ્ઞતા એ જેમ દેવનું દૂષણ છે અને કંચન અને કામિનીનો સંગ એ જેમ ગુરુનું કલંક છે, તેમ કામભોગ અને તેના કારણ અને કાર્યસ્વરૂપ આરંભ પરિગ્રહાદિ એ ધર્મનું અપલક્ષણ છે.

જે ધર્મમાં અર્થ, કામ અને તેના સાધનભૂત આરંભ-પરિગ્રહને તિલાંજલી નથી, તે ધર્મ પણ જો તારનાર હોય તો આખું જગત આજ પહેલાં તરી ગયું હોત. અર્થ-કામ અને આરંભ-પરિગ્રહ એ હિંસા-અસત્યાદિ દોષોનું નિવાસ-સ્થાન છે. જે ધર્મમાં તેનો લેશ પણ અંશ નથી તે ધર્મ જ સુખનો હેતુ છે. એવો ધર્મ સામાયિકરૂપ છે. જિનપૂજારૂપ છે. તે ધર્મ નિરવદ્ય છે; નિષ્કલંક છે. નિષ્પાપતાના માર્ગે આગળ વધારનારો છે. એ સિવાયનો ધર્મ એથી વિપરીત ફળને દેનારો છે. એ વાત સર્વપ્રમાણથી સિદ્ધ છે.

## ઉપસંહાર

વિનાશનાં ઝેરી બીજો અસર્વજ્ઞ અવીતરાગ દેવની પૂજામાં, કંચનકામિનીથી નહિ નિવર્તેલા ગુરુની સેવામાં, અને અર્થકામાદિની આસક્તિથી નહિ બચેલા ધર્મની આરાધનામાં છે, એ વાત ખ્યાલમાં નથી ત્યાંસુધી સત્ શ્રદ્ધા સજ્જ્ઞાન અને સચ્ચારિત્રની પ્રાપ્તિ દૂર છે. અસત્ શ્રદ્ધા અસજ્જ્ઞાન અને અસચ્ચારિત્ર એજ જીવનના પતનનું મૂળ છે. તેથી વિશ્વને પતનના માર્ગથી બચાવવા માટે ભાવકરુણાના સાગર કલિકાલ-સર્વજ્ઞના મુખકમળમાંથી આ લેખની આદિમાં ટાંકેલા શબ્દો સ્વાભાવિક રીતે જ બહાર નિકળી પડે છે. એના મર્મને સૌકોઈ હિતાર્થી આત્મા સમજો એજ પુણ્યાભિલાષા.


# યાત્રાએ પધારો !

સિધ્ધપુર અને પાટણ નજીક આવેલ **શ્રી મૈત્રાણાજી તીર્થની** યાત્રાએ એક વખત જરૂર પધારો ! એસ. ટી. બસ સર્વીસ ચાલુ થઈ ગઈ છે. **સિદ્ધપુરથી** સવારે **નવ** વાગે ઉપડી દશ વાગે **મૈત્રાણાજી** આવે છે અહિંથી ૧૦૧ વાગે ઉપડી ૧૧। વાગે **સિદ્ધપુર** પહોંચે છે.

રહેવા-ઉતરવા તથા ભોજનશાળાની સગવડતા છે. લી.

શ્રી મૈત્રાણાજી તીર્થ કમિટિ વતી
**શેઠ દલીચંદ ચતુરભાઈ**
સેક્રેટરી

# શ્રી શત્રુંજય પટ

* શ્રી શત્રુંજય ગિરિરાજના દર્શનાતુર ભાઈ-બ્હેનોની દર્શનભાવના પૂર્ણ કરવા માટે ગિરિરાજના પ્રતિક સમા **શ્રી શત્રુંજય પટ** ઓઈલ કલર્સના પાકા રંગ તથા સાચા સોનાના વરખવાળા પાણીથી ધોઈ શકાય તેવા ગેરંટેડ પટ વસાવી, ચંચળ લક્ષ્મીનો સદ્વ્યય કરી મળેલા માનવ દેહનું સાર્થક કરી સંઘપતિ જેવો લ્હાવો મ્હાણો.

* આ સિવાય અઢાર તીર્થ સાથેનો શત્રુંજય પટ તથા જૈન ધર્મના હિસ્ટોરિકલ ચિત્રો માટે

: લખો :

**ગુર્જર આર્ટ સ્ટુડીઓ**
**પાલીતાણા : : સૌરાષ્ટ્ર**

# ફૂલ અને ફોરમ ★

પૂ. પંન્યાસજી મહારાજ
શ્રી પ્રવીણવિજયજી ગણિવર

## તપની મહત્તા

दुर्लभं सुलभं, वक्रं सरलं वाऽस्थिरं स्थिरम् ।
दुःसाध्यं च सुसाध्यं स्या-त्तपोभिरमलैर्नृणाम् ॥

નિર્મળ તપશ્ચર્યા વડે મનુષ્યોને જે વસ્તુ દુર્લભ હોય તે સુલભ, વક્ર હોય તે સરળ, અસ્થિર હોય તે સ્થિર, અને દુઃસાધ્ય હોય તે સુસાધ્ય બને છે.

## ધર્મજ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

अथिरेण थिरो, समलेण निम्मलो परवसेण साहीणो ।
देहेण जइ विढप्पइधम्मो ता किं न पज्जत्तं ॥२॥

અસ્થિર, મલીન, અને પરવશ એવા આ શરીરથી સ્થિર, નિર્મલ, અને સ્વાધીન ધર્મની પ્રાપ્તિ થાય તો પછી કાંઈ મેળવવાનું બાકી રહેતું નથી.

## આત્મા તરફ લક્ષ્ય આપો

स्याच्छैशवे मातृमुख-स्तारुण्ये तरुणीमुखः ।
वार्धके तु पुत्रमुखो, मूढो नात्ममुखः क्वचित् ॥

બાલ્યાવસ્થામાં આત્મા માતાના પ્રેમમાં મગ્ન રહે છે. યુવાનીમાં સ્ત્રીમાં આસકત બને છે; અને વૃધ્ધાવસ્થા પુત્રના લાલનમાં લટુ બને છે. પણ મૂઢ પુરૂષ કદી આત્મા તરફ લક્ષ્ય આપતો નથી.

## પ્રમાદનું સ્વરૂપ

प्रमादः परमद्वेषी, प्रमादः परमं विषम् ।
प्रमादो मुक्तिपूर्दस्युः, प्रमादो नरकायनम् ॥

પ્રમાદ એ મોટો દ્વેષી છે. પ્રમાદ એ મોટું ઝેર છે. પ્રમાદ એજ મુક્તિનગરીનો ચોર છે અને પ્રમાદ જ નરકનું સ્થાન છે, માટે જીવનમાંથી તેને તિલાંજલિ આપવા પ્રયત્ન કરો.

## જનતામાં શોભારૂપ કોણ બને છે?

पितृभिस्ताडितः पुत्रः, शिष्यश्च गुरुशिक्षितः ।
घनाहतं सुवर्णं च, जायते जनमण्डनम् ॥

પિતાવડે શિક્ષા કરાયેલ પુત્ર, ગુરુ વડે શિક્ષા પામેલ શિષ્ય, અને હથોડા વડે ટીપાયેલું સોનું મનુષ્યોમાં શોભારૂપ થાય છે.

## વસ્તુઓની તુલના

लवणसमो नत्थि रसो, विण्णाणसमो अबंधवो नत्थि
धम्मसमो नत्थि निही, कोवसमो वइरिओ नत्थि.

લવણ જેવો બીજો રસ નથી, વિજ્ઞાન જેવો કોઈ બંધુ નથી, ધર્મ સમાન કોઇ નિધિ નથી અને ક્રોધ જેવો બીજો કોઈ વૈરી નથી.

## મહાન્ પુરુષનું લક્ષણ

प्रतिपन्नस्य निर्वाहो, महतामिह लक्षणम् ।
प्रतिपन्नेऽपि शैथिल्यमितरेषां तु लक्षणम् ॥

અંગીકાર કરેલી વસ્તુનો નિર્વાહ કરવો એ મોટા પુરૂષનું લક્ષણ છે. જ્યારે અંગીકાર કરેલી વસ્તુમાં શિથિલતા લાવવી એ હલકા પુરૂષનું લક્ષણ છે.

## કોણ શું ઓળખાવે છે?

आचारः कुलमाख्याति, वपुराख्याति भोजनम्;
सम्भ्रमः स्नेहमाख्याति, देशमाख्याति भाषितम्.

આચાર કુળને કહે છે, શરીર ભોજનને કહે છે. સમ્ભ્રમ સ્નેહને બતાવે છે અને ભાષા દેશને કહે છે.

## વસ્તુમાં કાલ્પનિક વ્યવસ્થા

रुच्यमेकस्य यज्जातु, द्वेष्यमेकस्य तत्पुनः ।
रम्याऽरम्या व्यवस्थापि, तन्न वस्तुषु वास्तवी ॥

જે વસ્તુ એકને રુચે તેના ઉપર બીજાને દ્વેષ થાય છે. માટે જ સુંદર અને ખરાબ એવી વ્યવસ્થા વસ્તુઓમાં વાસ્તવિક નથી પરન્તુ કાલ્પનિક છે.

## સર્વ સામાન્ય ધર્મ

गेहागयाणमुचिअं, वसणावडिआण तह समुद्धरणं ।
दुहिआण दया, एसो सव्वेसिं सम्मओ धम्मो ॥

ઘરે આવેલાનું ઉચિત સાચવવું, આપત્તિમાં આવી પડેલાનો ઉદ્ધાર, અને દુઃખીઓની દયા, આ સર્વને સમ્મત ધર્મ છે.

# અચિંત્ય ચિંતામણિ શ્રી નવકારમંત્રનો

# અદ્‌ભુત ચમત્કાર

શ્રી 'ભદ્રભાનુ'

અમારા બેનને દમનો વ્યાધિ થયેલ. મુંબઇમાં ડૉ. કોહિયાજી વગેરે પાસે ટ્રીટમેન્ટ કરાવી, મીરજ લઇ ગયા. પણ કંઈ ફાયદો નહિ થયેલો. વ્યાધિ એટલો બધો કે આખી રાત આરામ-ખુરશી ઉપર બેઠાં કાઢવી પડે, જરા સૂઈ ન શકાય. મારી પાસે આ ભાવના હતી. મેં એમને આ ભાવના બતાવી અને હું પોતે–સવારે "બધા જીવો નિરોગી બનો." એ ભાવના કરતી વખતે એમના ઉપર ખાસ લક્ષ્ય આપતો. એમનું નામ દઈને એ નિરોગી બને એવી ભાવના કરતો. થોડા વખતમાં એમને સુધારો થયો. આજે તદ્દન સારું થઇ ગયું છે.

આમાં મને મનનાં ચેકીંગની ખૂબ મહત્તા દેખાઈ છે. એટલા માટે હું બને તેટલું ઓછું બોલું છું, છતાં કોઇ પ્રસંગમાં કોઇને બે શબ્દો કહેવાઈ ગયા હોય કે કોઇનું કંઇ મનદુઃખ થયું હોય તો મારી ભાવનાનો ફયુઝ ઉડી જાય છે. સવારમાં ભાવના માટે બેસું પણ કામ આગળ ચાલતું જ નથી. વચ્ચે વચ્ચે જાણે એ વ્યકિત મનોભૂમિકામાં આવ્યા જ કરે છે. જ્યારે હું સામા પાસે જઇને ક્ષમાપના કરૂં ત્યારે કામ સરળતાથી ચાલે, એકવાર મેં એક વોરાની દુકાને ફોટા મઢાવવા આપેલા, પછી બીલ રૂા. ૭ા કર્યું, મેં કહ્યું: 'આટલા હોય? રૂા. ૭ બરાબર છે?' ના, શેઠ! જે કહું છું તે વ્યાજબી છે, મુંબઈમાં તમે આ કામ કરાવ્યું હોત તો આના કરતાં વધુ ખર્ચ લાગત.' છતાં સાત રૂપીઆ આપી હું ઘેર ગયો. બીજે દિવસે સવારે ભાવના કરવા બેઠો, ત્યારે ભાવના બરાબર ન ચાલી. મેં તપાસ કરી કે જરૂર કાંઈ ભૂલ થઇ છે. વોરાની દુકાને જઇ મેં વોરાને કહ્યું, 'અલીભાઈ, તમે કાલે સાચી વાત કરેલી, તમે કામ ઘણું જ સરસ કર્યું છે. આ એક રૂપીઓ લો! એ ખુશ થઈ ગયો. પછી જ મારી ભાવના બરોબર ચાલી. કોઈવાર દહેરાસરમાં પૂજારી સાથે બે અક્ષર બોલાઈ જાય તો ય કામ અટકી પડતું. પછી ચાહીને દહેરાસરે દર્શન કરવા જાઉં, ચાર આઠ આના પૂજારીને આપી એને ખુશ કરૂં અને ક્ષમાપના કરૂં પછી જ મારૂં કામ બરાબર ચાલે છે. મારે પ્રવૃત્તિ બહુ ઓછી છે એટલે કોઇની સાથે આવા પ્રસંગો ઓછા જ બને. કુટુંબીઓ તો ખૂબ જ અનુકુળ બની ગયા છે. બધાને આ ભાવના બતાવું છું, એમને હું કહું છું કે, 'તમારે સુખ જોઇતું હોય તો સુખ વાવો, બીજાને સુખ આપો. બીજા સુખી થાય એવી ભાવના કરો. એટલે મન બગાડવાના નિમિત્તો મારે બહુ ઓછાં છે, છતાં હું મનનું ચેકીંગ કર્યા કરૂં છું. વચ્ચમાં વચ્ચમાં હું તપાસ કરૂં છું કે મનમાં શું વિચાર ચાલે છે? એ માટે હું જેની સાથે મળું છું, વાતચીત કરૂં છું, તેમાં વચ્ચે વચ્ચે આ ચેકીંગ ચાલુ રાખું છું, સર્વ જીવોને સુખી જોવાની ભાવનાનું પરિણામ એ આવ્યું છે કે આખું જગત આજે મારૂં મિત્ર બની ગયું છે. હું કોઇ અજાણ્યે સ્થળે જાઉં છું તો ત્યાં પણ મારી સાથે વાત કરનાર મારા જાણે ચિરપરિચિત હોય તેમ મારી સાથે ખૂબજ મિત્રતા દાખવે

છે, તેને મારા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે. અને મને ફરી મળવાની તેમને ઈચ્છા રહ્યા કરે છે.

એક વખત હું સવારે ઉઠયો, ત્યાં પગે કોઇ જંતુ હોય એમ લાગ્યું. મને થયું કે કોઈ મોટું જાનવર છે. અંધારૂં હતું. હું રાતે ફાનસ કે લાઈટ રાખતો નથી. મારો ઉઠવાનો સમય થઈ ગયો હતો, તેથી-હું મારૂં બેડીંગ વાળી લઇને ભાવનામાં બેસી ગયો. ભાવના અને નવકારનો કાર્યક્રમ પુરો થતાં હું ઉઠયો, બેડીંગ ઉપાડીને મૂકવા જાઊં છું ત્યાં બ્લેંકેટમાંથી એક મોટો વીંછી નીકળીને સડસડાટ ચાલવા માંડયો. બે કલાક સુધી એ બેઠો રહ્યો, ડંખવા ધારત તો ડંખી શકત પણ મારી મૈત્રી ભાવના સાંભળવા જાણે એ બેસી ન ગયો હોય તેમ એ વૈર-વિરોધ ભૂલી ગયો! શ્રી તીર્થંકર પરમાત્માના સમવસરણમાં નિત્ય વૈરી પશુપંખીઓ પણ જાતિ-વૈર ભૂલી જાય છે; અને સાથે બેસી તેમની વાણીનું પાન કરે છે. એનું કારણ એ પરમાત્માની પ્રકૃષ્ટ મૈત્રી ભાવના છે. આપણી ભાવનાનું બિન્દુ શ્રી તીર્થંકર પરમાત્માઓની ભાવનાના સિન્ધુમાં ભળી જાય તો અક્ષય બની જાય. એ માટે હું નિત્ય આ ભાવના પણ કરૂં છું કે શ્રી તીર્થંકર પરમાત્માની "સવિજીવ કરૂં શાસન રસી"ની ભાવના સફળ બનો.

મનની શુદ્ધિ ઉપર ઘણો જ આધાર છે. શારીરિક રોગો કરતાં માનસિક રોગો ઘણા છે. આજે શરીરના ચિકિત્સકો છે પણ મનની ચિકિત્સા કોણ કરે છે? કેટલાયે શરીરના રોગો પણ મનના રોગથી ઉભા થાય છે. એના ઉપર આજે બહુ ઓછું ધ્યાન દેવાય છે. ખરી દવા તો મનનીજ કરવા જેવી છે, મનને શુદ્ધ રાખવા એનું ચેકીંગ ખૂબજ જરૂરી છે.

ભાવના સાથે કહેલ નવકારમંત્રનો જાપ મનનું ઉર્ધ્વીકરણ કરે છે, સુંદર માર્ગદર્શન અને મહાન બળ આપે છે. એથી આજે મારો આટલો વિકાસ થયો છે, હું હવે પૂર્ણ નિરોગી છું એટલું જ નહિ પણ ગયા ભાદરવા મહિનામાં અમારે ત્યાં શ્રી નવકારમંત્રનો એક લાખનો જાપ અને વર્ધમાન તપના પાયાનો કાર્યક્રમ મહારાજશ્રીએ ગોઠવ્યો હતો, તે વખતે મેં વર્ધમાન તપનો પાયો પણ નાંખ્યો. કેટલાય વખતથી આંબેલતપની મારી ભાવના હતી. પણ ઉપવાસ અને તે ઉપર આંબેલ-એ કેમ થાય? એવી બીક રહેતી. કેન્સરના દર્દ સાથે આ દુનિયામાંથી વિદાય લેવા તૈયાર થયેલો હું આજે વીશ દિવસ સુધી લાગટ આંબેલ અને વચ્ચે વચ્ચે ઉપવાસની આરાધના કરી શકયો. મને એથી ખૂબજ સંતોષ થાય છે, મારા જીવનમાં કોઇ અજબ શાંતિ પ્રસરી રહી છે.

આ આરાધનાથી જેમ જેમ મને સારૂં થતું ગયું, તેમ તેમ ધીરે ધીરે હું ધર્મમાં આગળ વધતો ગયો, વ્રત-નિયમમાં આવવા લાગ્યો. સંવત ૧૯૯૬ પૂર્વેનું મારૂં જીવન ધર્મશૂન્ય હતું. રાત્રિભોજન, ફીચરનો ધંધો, મોડી રાત સુધીના ઉજાગરા, બીજાનું સારૂં જોઇને નારાજ થવું. એ બધું તો સામાન્ય હતું. તે વખતે કોઈનું સારૂં ઈચ્છયું નથી. ઊલટું બીજાનું બગડે કેમ એજ વિચાર રહેતો. આર્ત અને રૌદ્ર-ધ્યાનના કેન્દ્રમાં તે વખતનું જીવન વીતાવતો હતો, એ વખતે એક કલ્યાણમિત્ર મળી ગયા. એમણે મને વ્યાખ્યાનમાં આવવા પ્રેરણા કરી. હું વ્યાખ્યાન સાંભળતો થયો, જેમાંથી મને ઘણું માર્ગદર્શન મળ્યું છે, અને બરાબર અણીને ટાંકણે વ્યાખ્યાનમાં સાંભળેલ ઉપરોકત વચનો યાદ આવ્યાં, નવકારે મને નવું જીવન આપ્યું. એથી નવકારને હું મારું સર્વસ્વ ગણું છું. મારો બધો વિકાસ એને આભારી છે. તેથી સવારે ભાવના કરતાં પહેલાં હું આ શ્લોક બોલું છું. નવકારને ઉદ્દેશીને:-

**त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बंधुश्च सखा त्वमेव; त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्वं मम देव देव ।।'**

શ્રી અમરચંદભાઇને નવકારની સાધના અને તેની સાથે એની પ્રક્રિયા આકસ્મિક પ્રાપ્ત થઈ ગયાં. તેથી નવકાર એમને માટે અચિંત્ય–ચિંતામણિ બની ગયો. એમણે તો માત્ર સદ્‌ગતિ જ ચિંતવી-ઈચ્છી, પરંતુ નવકારે ઈચ્છયા વિના પણ સઘળી અનુકુળતાઓ સર્જી દીધી. એમની નવકારની સાધના શીઘ્ર ફળવતી બની. એમાં એમની સાધના–પ્રક્રિયાના નીચેના અંગો મહત્ત્વના લાગે છે.

૧. નવકાર ઈષ્ટ સાધના છે એવી દૃઢ શ્રદ્ધા,
૨. મૈત્ર્યાદિ ભાવનાથી થયેલી મનની શુદ્ધ ભૂમિકા,
૩. અરિહંતની શતંદિ રટણા,
૪. મન ઉપર સતત ચોકી,
૫. નવકાર પ્રત્યે સમર્પિત ભાવ,

સાધનામાં ઉપરોકત વસ્તુઓનું મહત્ત્વ શું છે? એ આપણે જોઈએ. શ્રી અમરચંદભાઇએ "નવકારથી સદ્‌ગતિ મળશે જ," એવા દૃઢ વિશ્વાસની સાથે ગણ્યા હતા. જ્યારે યમ સામે દેખાય છે ત્યારે ઇશ્વરના નામમાં સહેજે માનવીનું ચિત્ત વિશ્વાસથી પરોવાય છે, નાસ્તિક માનવી પણ મૃત્યુના મુખમાંથી બચવા ભગવાનને સંભારે છે! અમરચંદભાઇની સામે મૃત્યુ ડોકિયા કરી રહ્યું હતું, એવા અવસરે એમને યાદ આવ્યું કે નવકારથી સદ્‌ગતિ મળે, તેથી તેઓ એમાં દૃઢ વિશ્વાસપૂર્વક લીન બન્યા. કોઈપણ સાધનામાં શ્રદ્ધા એ મહત્ત્વનું બળ છે. શ્રદ્ધા વિના સાધના ફળ સુધી પહોંચતી જ નથી. મુંબઈ જવા રસ્તા ઉપર પગ માંડયા, પચાસ માઈલ જઇને જો શંકા પડે કે આ રસ્તો મુંબઇનો છે કે નહિ? તો? એ રસ્તે પ્રયાણ અટકી જશે, શંકામાં કદાચ પ્રયાણ ચાલુ રાખશે તો પણ એમાં વેગ નહિ આવે! અને ગમે તે વખતે એ રસ્તો મૂકી દેતાં એને વાર નહિ લાગે. તેમ જેને "નવકાર અવશ્ય ઈષ્ટ પ્રાપક છે," એવી દૃઢ શ્રદ્ધા નથી તે નવકારની સાધનામાં છેવટ સુધી નહિ ટકી શકે. ઇષ્ટફળની પ્રાપ્તિ થતાં પૂર્વે જ એ નવકારની સાધનાને પડતી મૂકી બીજી કોઇ સાધના પાછળ દોડશે, તેથી શ્રદ્ધા વિનાનો નવકાર ઇષ્ટસાધક નથી બનતો. અન્ન ખાવાથી ભૂખ સંતોષાશે, શરીરને પુષ્ટિ મળશે જ, ઝેરથી મૃત્યુ આવશે અને દવાની આ નાનકડી પડીકી રોગ મટાડશે, એવી માણસને દૃઢ ખાત્રી, વિશ્વાસ, શ્રદ્ધા છે. તેથી જ એ વારંવાર ભૂખ લાગવા છતાં અન્ન તરફ વળે છે અને ઝેરના કણિઆને પણ પ્રયત્નપૂર્વક ટાળે છે. તમે અન્નને, ઔષધને, ધનને, સ્ત્રીને, તમારો ભાવ આપો છો કે આનાથી અમારૂં ઇષ્ટ સધાશે. સ્ત્રી પરણીને ઘેર લાવો છો પછી એવી શંકા નથી કરતા કે અમારૂં ઘર સાચવશે કે નહિ? એનામાં પુરો વિશ્વાસ મૂકી દો છો કે 'એ ઘર સાચવશે. અને ચાવીઓનો ઝુડો એ અજાણી વ્યક્તિની કેડે લટકતો થઈ જાય છે! ધન મળતાં હંમેશાં સુખ વધે જ છે એવું નથી દેખાતું, છતાં લક્ષ્મીથી સુખ મળે છે એવી શ્રદ્ધાને કારણે એની ખાતર માણસ કાળી મજુરી કરે છે. એવી જ રીતે અન્ન અને ઔષધમાં પણ. માટે નવકારમાં પ્રથમ દૃઢ શ્રદ્ધા જગાડવી જોઇએ, એ શ્રદ્ધા થયા પછી ઈષ્ટ ફળની પ્રાપ્તિ કરાવ્યા પહેલાં સાધના અટકી નથી પડતી. શ્રદ્ધા સાથેની સાધના અચૂક ફળ સુધી પહોંચે છે.

નમસ્કાર–સાધનાનું બીજું મહત્ત્વનું અંગ મનની શુદ્ધ ભૂમિકા છે. જિનબિંબ પધરાવવા દહેરાસર બંધાવવું હોય તો પણ એને માટે શુદ્ધ ભૂમિ ગોતવી પડે છે. અશુદ્ધ મનોભૂમિમાં અરિહંત આવીને કયાંથી વસે? પોતાના પૂર્વકૃત દુષ્કૃતની નિંદા-ગર્હા, સ્વના અને પરના સુકૃતની અનુમોદના, અને જગતના સર્વ જીવો પ્રત્યે સ્વાત્મા તુલ્ય મૈત્રીભાવ એ મનોભૂમિને નિર્મળ કરવાના સાધનો છે. દુષ્કૃતની નિંદા અને ગર્હા કરવાથી અશુભવૃત્તિ અને પ્રવૃત્તિઓ

પ્રત્યે જીવને જે અનાદિનો પ્રેમ છે તે મોળો પડે છે, તેમાં થતા પોતાની ભૂલ સમજાય છે અને તેથી તે વૃત્તિઓ અને પ્રવૃત્તિઓનો અનુબંધ અટકી જાય છે. સુકૃતની અનુમોદનાથી સારી વૃત્તિ અને પ્રવૃત્તિ પ્રત્યેનો પોતાનો રાગ વ્યકત થાય છે. અને તેનો અનુબંધ પડવાથી સ્વાત્મામાં એવી શુભ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓની વૃદ્ધિ થતી જાય છે. સકળ જીવરાશિ પ્રત્યે આત્મતુલ્ય–મૈત્રીભાવથી ઇર્ષ્યા, અદેખાઈ, વૈર-વિરોધ વગેરે અશુભ ચિત્તવૃત્તિઓનો નાશ થાય છે.

આપણે જોઈ ગયા કે અમરચંદભાઇ સકળ જીવરાશિ પ્રત્યેની મૈત્રીભાવનાને પોતાની સાધનાનું 'ફ્યુઝ' સમજે છે, અને કોઇને બે શબ્દ કહેવાઈ ગયા હોય કે કોઇને પોતા પ્રત્યે દુર્ભાવ જન્મે એવું કંઈ બની ગયું હોય તો એમની સાધનાનો 'ફ્યુઝ' ઉડી જાય છે. 'આવું કંઈ બને છે. ત્યારે 'તમે તો ઉત્તમ આત્મા છો, ભૂલ મારી જ છે' કહી હું તરત ક્ષમાપના કરી લઉં છું'. એમ તેઓ કહેતા હતા. એ રીતે શુદ્ધ થયેલી મનોભૂમિમાં પડેલું નવકારનું બીજ ફાલીપુલીને સંસારમાં પણ સુખમાં ઝીલાવતું ઝીલાવતું જીવને મોક્ષફળ આપીને જ વિરમે છે. બીજ ઉત્તમ હોય પણ ઉખરભૂમિમાં એનાથી પાક ન નીપજે, તો બીજનો વાંક નથી કઢાતો. તો મલિન ચિત્તવૃત્તિઓથી ભરેલ મનોભૂમિમાં નવકારબીજ ફળ ન દેખાડે તેમાં વાંક કોનો? ખેડૂતો કાળી જમીનનું મૂલ્ય અમસ્તું નથી આંકતા. સારા પાક માટે જમીન એ એક જબરૂં સહકારી કારણ છે.

અમરચંદભાઇની આરાધનામાં તરી આવતું સાધનાનું ત્રીજું મહત્ત્વનું અંગ "ॐ ह्रीँ अर्हँ नमः" અને "नमो अरिहंताणं" ના સતત જાપ દ્વારા વ્યકત થતી અરિહંતની રટણા છે.

**શ્રી નમસ્કારમહામંત્રમાં રહેલ મંત્ર ચૈતન્ય પ્રગટાવવામાં એનાથી ઘણી મદદ મળે છે.** તંત્રવિશારદો ઇષ્ટદેવની દ્રવ્યપૂજાનો આદર કરે છે. કારણ કે, તેઓ માને છે કે-કોઇપણ મંત્રમાં રહેલ શક્તિને જાગૃત કરવા ઇષ્ટદેવને અભિમુખ થવું જરૂરી છે. મંત્રમાં રહેલ મંત્ર–ચૈતન્યને સ્ફૂરિત કરવા માટે પણ એ (ઇષ્ટદેવને અભિમુખ થવું તે) આવશ્યક છે. મંત્રચૈતન્ય એટલે મંત્રના અક્ષરોમાં રહેલ potent અવ્યક્ત શકિત. જેમ દ્રવ્યપૂજાથી માણસ જેની પૂજા કરે છે તેને અભિમુખ થતો જાય છે, તેવીજ રીતે ઇષ્ટદેવના નામસ્મરણથી માણસનું મન ઇષ્ટદેવને અભિમુખ બને છે. મંત્રસિદ્ધિ માટે મંત્રસાધનમાં પ્રથમ અમુક સંખ્યાનો જાપ કરવાનું વિધાન આ હેતુથીજ હોય એમ સમજાય છે. શ્રી અમરચંદભાઇની "નમો અરિહંતાણં" અને "ॐ ह्रीँ अर्हँ नमः" ના અજપાજપ દ્વારા વ્યકત થતી અરિહંત પરમાત્માની રટનાથી નવકારના અક્ષરોમાં રહેલ સુપ્ત મંત્રશકિત જાગી ઉઠી અને નવકારનું મંત્ર–ચૈતન્ય કાર્ય કરતું થઈ ગયું.

વળી, અરિહંત પરમાત્માની સતત રટનાથી એમના નામના અજપાજપથી સાધકનું મન એમની તરફ પ્રવાહિત બને છે, અને એ થતાં અરિહંત પરમાત્માના ગુણો સાધક તરફ વહેવા માંડે છે. તેથી સાધકની જીવનશુદ્ધિ દિન પ્રતિદિન વધતી જાય છે. શ્રી અમરચંદભાઈના અનુભવમાં આ વાત આપણને સ્પષ્ટપણે જોવા મળે છે, નવકારને એમના હૃદયમાં સ્થાન મળ્યા પછી એમનું જીવન આત્મવિકાસ તરફ વળે છે દુર્ભાવનાઓ અને દુર્ગુણો દૂર જાય છે. અને જીવનમાં ધર્મની વૃદ્ધિ થતી જાય છે. નવકારની પ્રાપ્તિ પહેલાં આર્ત–રૌદ્ર ધ્યાનના કેન્દ્રમાં સટોડીઆનું જીવન વિતાવી રહેલા તેઓ આજે શ્રાવકપણાની ઉચ્ચતમ કક્ષા જે સંવાસાનુમતિ શ્રાવકપણું તેની નજીકની ભૂમિકાનું રાત–દિવસ ધર્મસાધનાથી ભરપુર એવું તદ્દન નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.

(૬)

નવકારની સાધનામાં ચોથી વાત મનની ચોકીની છે. મૈત્રીભાવનાથી મનને શુદ્ધ કરીને સાધક નવકાર ગણવા બેસે તો પણ ફરી એ મનમાં બીજો કચરો પેસી ન જાય એની તકેદારી જરૂરી બને છે. છદ્મસ્થ માનવીનું મન પાણીના જેવું ભાવુક દ્રવ્ય છે, કોઈ નિમિત્ત મળી જતાં એને તદ્દાકાર બની જતાં વાર લાગતી નથી. માનવી એટલે શરીર, મન અને આત્મા. શરીર અને આત્મા એ બેની વચ્ચે છે મન. એ વકીલ જેવું છે. એને પોતાનો કોઈ સ્વતંત્ર પક્ષ નથી. એ શરીર સાથે ભળે શરીરનો વિચાર કરે તો શરીરનું-પુદ્ગલનું કર્મ-પાસું તર કરે; આત્માની સાથે ભળે-આત્માનો વિચાર કરે તો આત્માને જીત અપાવે. શરીરની અને શરીર સાથે સંબંધ રાખતી અન્ય ચીજોની વિચારણા-ચિંતા કરવાની એની ટેવ જન્મજાત છે. આત્માની અને એની સાથે સંબંધ રાખતી વાતોની વિચારણા, એ મન માટે નવું કામ છે. એથી મન ફરી ફરીને જુને ખીલે જાય છે. માટે મન કોની સાથે ભળેલું રહે છે? એમાં કયા વિચાર બેસે છે? એની જાગૃત કાળજી સાધક માટે અતિ જરૂરી બને છે. ઘરને પણ સાફ રાખવા માટે રોજ વાળવું-ઝુડવું પડે છે. એક વખત કચરો લઈ લીધો એટલા માત્રથી કામ પતી જતું નથી. ફરનીચરને સાફ રાખવા માટે એના ઉપરથી પણ ધૂળ અને રજ વારંવાર ઝાટકવી પડે છે. તેમ મનને પણ ઈષ્ટ વિષયોની પ્રાપ્તિની કાંક્ષાનો ભેજ ન લાગે કે બીજાની ઈર્ષ્યા, અસૂયા, તિરસ્કારાદિ મલિન ભાવનાની રજ ન ચોંટે એ માટે દિવસની પ્રવૃત્તિ કરતાં કરતાં વચ્ચે વચ્ચે અટકી જઈ મનની તપાસ કરી લેવી આવશ્યક છે.

અમરચંદભાઈની નવકાર-સાધનાનું પાંચમું મહત્ત્વનું અંગ નવકાર પ્રત્યેનો તેમાં સમર્પણ ભાવ છે. સામાન્ય રીતે માણસ નવકાર ગણશે, પરંતુ તે તેને સમર્પિત થઈ શકતો નથી, કારણ, "તેનાથી પોતાની સઘળી ઈષ્ટસિદ્ધિ થઇ રહી છે." એવી તેને પ્રતીતિ નથી. "किं बन्निएण बहुणा? तं नत्थि जयम्मि जं किर न सक्को। काउं एस जियाणं भत्तिपउत्तो नमुक्कारो॥ જગતમાં એવું કાંઇ કાર્ય નથી જે નવકાર સિદ્ધ ન કરી આપે. શ્રી અમરચંદભાઇને શાસ્ત્ર વચનથી નહિ પણ પોતાના અનુભવથી આ પ્રતીતિ થઇ ચૂકી છે તેથી તેઓ નવકારને ખોળે માથું મૂકી જીવનનો બધો ભાર નવકારને ભળાવી દે છે, અને માતા, પિતા, બંધુ, ધન...બધું જ નવકારમાં તેમને મળે છે.

"त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बंधुश्च सखा त्वमेव। त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्वं मम देवदेव॥"

આ શ્લોકદ્વારા એ ભાવને તેઓ નવકાર ગણતાં પૂર્વે નિત્ય વ્યકત કરે છે. જ્યાં શ્રદ્ધા હોય છે ત્યાં સમર્પિત બનતાં માણસને મુશ્કેલી નથી પડતી. મુંબઈથી પુના જવા તમે ગાડીમાં બેસો છો. માર્ગમાં મોટા મોટા પર્વતોની હારમાળા પડી છે, નદી-નાળાં છે, એ શી રીતે વટાવવાં એની ચિંતા કોણ કરે છે? તમે હાથમાં નકશો લઈને નથી બેસતા. પુનાની ટીકિટ લઇને ટ્રેઈનમાં બેઠા પછી તમને સહિસલામત પુના પહોંચાડવાની સઘળી જવાબદારી રેલ્વે કંપની ઉપાડી લે છે, નદીનાળાં શી રીતે ઓળંગવા? વચ્ચે આવતા પહાડો કેવી રીતે વટાવવા? એની બધી યોજના રેલ્વે કંપની કરે છે. તમે માત્ર ટીકીટ કઢાવી પુનાના ડબામાં બેસી જાઓ છો. ટ્રેન તમને પુના અવશ્ય લઈ જશે એવી ખાત્રી હોવાથી વચ્ચે આવા મોટા વિઘ્નો પડેલા હોવા છતાં તમે નિરાંતે બેડીંગ પહોળું કરી ઉંઘી જાઓ છો! એજ રીતે નવકારમાં શ્રદ્ધા, રાખી તેને સમર્પિત થઈ જનાર સાધકને મુક્તિ-

પુરી સુધી નિર્વિધ્ને પહોંચાડી દેવાની સઘળી જવાબદારી નવકાર સંભાળી લે છે.

આ રીતે થતી નવકારની આરાધના નવકારના માત્ર જાપમાં અટકી જતી નથી, સાધકના જીવનમાં તે પરિવર્તન લાવેજ છે. નવકારના સાચા સાધકનું જીવન તદવસ્થ રહી શકતું જ નથી. કોઈ કહે કે અમે નવકાર ગણીશું, બીજું કંઇ નહિ કરીએ. પણ આ એક સિધી હકિકત છે કે નિર્મળભાવે નવકારનો જાપ કરનારનું જીવન મોક્ષલક્ષી બન્યા વિના રહેતું નથી. ઉપર બતાવેલ પ્રક્રિયાપૂર્વક જે નવકાર ગણે તેના જીવનમાં ધર્મ આવ્યા વિના રહેતો નથી. નવકાર આવ્યો ત્યાં પાપ ટકી શકતું નથી. હાથ પગ હલાવીએ તોજ કાર્ય થાય એવો નિયમ નથી. વસ્તુસ્વભાવ પણ કાર્ય કરે છે. જડ ગણાતો પારો અનાજના કોઠારમાં મૂકવામાં આવે છે તો એ થોડા પણ પારાના અસ્તિત્વમાત્રથી મણ બધ અનાજમાં સડો પેસતો નથી, તો જે મનમાં અચિંત્ય શક્તિશાળી અરિહંત પરમાત્મા બિરાજે તે મનમાં દુર્વૃત્તિઓનો સડો એમની સાથે કેમ વસી શકે? નવકાર આવે કે જીવન શુદ્ધ બને જ નવકારના સાચા સાધકના જીવનમાં તપ, નિયમ અને સંયમ આવે જ. તપ, નિયમ અને સંયમ એ નવકારની સાધનાનો માપદંડ-meter માપકયંત્ર છે. પોતાના જીવનની લગામ નવકારને સોંપી દેનારનો નવકાર પોતે સારથિ બની તપ-નિયમ-સંયમના રથમાં બેસાડીને વચ્ચમાં આવતા સઘળા વિઘ્નો અને આડખીલીઓને વટાવી, સંસારની મુસાફરીને પણ સગવડભરી બનાવી, તેને સુખપૂર્વક મુક્તિપુરીએ પહોંચાડે છે.

"तवनियमसंजमरहो पंचनमुक्कारसारहिपउत्तो।
नाणतुरङ्गमजुत्तो नेइ नरं निव्वुईनयरं ॥

જગતના સર્વ જીવો નવકાર જેવા કુશળ અને સમર્થ સારથિને મેળવી શીઘ્ર શિવપુર પહોંચે એ મંગળકામના.

卐


## દહેરાસરના ટ્રસ્ટીઓ તેમજ વ્યાપારી બંધુઓને !

નિવેદન કે, દહેરાસરના વપરાશ માટે ઉત્તમ તેમજ સ્વચ્છ વસ્તુ જેવી કે, **અગરબત્તી કેશર, સુખડ, દશાંગધુપ, વાસક્ષેપ, સોના-ચાંદીના વરખ. બાદલું, કટોરી, નવકારવાળી તેમજ અમારી સ્પેશ્યલ સુગંધરાજ નં ૩૩૩ અને ૫૫૫ અગરબત્તી** વગેરે કિફાયત ભાવે ખરીદવાનું એક ભરોસાપાત્ર સ્થળ.

**બી. એમ. સરૈયા**

ઠે. ભાગા-તળાવ. **સુરત.**

વધુ વિગત માટે પત્રવ્યવહાર કરો !

**ગ્રાહકોનો સંતોષ એ જ અમારો મુદ્રાલેખ છે.**

## લક્ષ્મી છાપ સત ઈસબગુલ

હજારો લોકો કબજીયાત, મસા, અને મરડામાં રોગમુક્તિ મેળવે છે. તમે પણ વાપરશો, તો બીજા અનેકને વાપરવા ભલામણ કરશો.

ઘણા ટાઇમ સુધી તાજું રહે તેવા ઉત્તમ પેકીંગમાં મળે છે.

: વિક્રેતા :

**બી. કે. પટેલ એન્ડ કું.**

**સુરેન્દ્રનગર**

અને બીજા સેંકડો દવાના વેપારીઓ.

# વેરાયેલાં ફૂલો

વ્યાખ્યાતા : પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર
અવતરણકાર : શ્રી સુધાવર્ષી

★

ગત ચાતુર્માસમાં ખંભાતખાતે બિરાજમાન પૂ. પંન્યાસજી મહારાજશ્રીના વ્યાખ્યાનોમાંથી વીણેલાં સદ્દવચનો જે પ્રેરક તથા ઉદ્‌બોધક છે. તે અહિં રજૂ થાય છે. ટુંકાણમાં થોડા શબ્દો દ્વારા ઘણું કહેનારા આ વાકયરત્નો અહિં ઉપર્યુકત શિર્ષક તળે પ્રસિદ્ધ થાય છે.

★

શ્રદ્ધાની નિર્મળતા એનું નામ ચોથો આરો. શ્રદ્ધાની કસોટી એનું નામ પાંચમો આરો.

નાનામાં નાની વાત ઉપરથી પણ ત્યાગના માર્ગે આવવું એ ચોથો આરો. અને નાનામાં નાની વાતમાં સાત્વિકતા ગુમાવી રાગ, દ્વેષ, રોષ, ઇર્ષ્યા, વધારી મલીન થવું તે પાંચમો આરો.

આજે વિદ્વત્તા વધી છે, પણ ઉંડાણ ઘટયું છે. આરાધના વધી છે, પણ આરાધક ભાવ ઘટયો છે. શબ્દો વધ્યા છે, પણ શબ્દોના ભાવ ઘટયા છે. સંખ્યા વધી છે, પણ સત્ત્વ ઘટયું છે. પુન્યોદય વધ્યો છે, પણ આરાધના ઘટી છે. ચોપડા વધ્યા છે, પણ ભણતર ઘટયું છે, એ આજની કમનસીબી છે.

આજનો પુન્યોદય એ વિટંબનારૂપ છે. પૂર્વના પુન્યોદયમાં તેજ હતું. ત્યારે આજના પુન્યોદયમાં નરી દીનતા પ્રાયઃ દેખાય છે. વિટંબના તરવરે છે,

ભગવાન મહાવીરદેવ એટલે ત્યાગ, વૈરાગ્ય સંયમ અને તપ તથા ક્ષમા અને વીરતાની તેજસ્વી મૂર્તિ.

ત્યાગ જેવું સંસારમાં કોઇ સુખ નથી. વૈરાગ્ય જેવી સંસારમાં કોઇ શાંતિ નથી. અને સંયમ જેવી સંસારમાં કોઈ સમાધિ નથી.

ત્રણ વસ્તુ પ્રત્યે જૈનશાસનમાં સહુ કોઈને શ્રદ્ધા હજી જીવંત દેખાય છે. નમસ્કાર મહામંત્ર, પર્યુષણ પર્વ અને સિદ્ધગિરિરાજ શ્રી સિદ્ધાચલ મહાતીર્થ.

વિવેક એ વૈરાગ્ય, સાચી સમજણ એ વૈરાગ્ય, આત્માની શુદ્ધ પરિણતિ એનું નામ વૈરાગ્ય. અને સાચાને સાચું માને, ને ખોટાને ખોટું માને એનુ નામ વિવેક.

દીપક બળીને પણ પ્રકાશ આપે છે. ગુલાબ કચડાઇને પણ સુવાસ આપે છે. સુખડ ઘસાઈને પણ ઠંડક આપે છે. તેમ સજ્જન આત્મા ઘસાઈને સંકટ વેઠીને પણ બીજાનાં દુઃખો દૂર કરે છે. ને બીજાને સુખ આપે છે.

આજનો સંસાર એટલે સુખ-સાહ્યબીનું પ્રદર્શન નહિં, પણ વિટંબના, વેઠ તથા પરવશતાનું પ્રત્યક્ષ દર્શન. સંસારમાં કદી સુખ નથી, શાંતિ નથી, સમાધિ નથી.

સામગ્રી મળવી એમાં મહત્તા નથી, પણ સામગ્રીનો સદુપયોગ થવો એમાં મહત્તા છે. આસકિત મમતા કરાવે છે, મમતા આરંભ કરાવે છે અને એ આરંભ આત્માને તીવ્ર પાપબંધ કરાવે છે.

દુનિયામાં બધા બિઝનેસો-વ્યાપારો ચાલે છે, પણ કોઈ જગ્યાએ વિવેકની દુકાન નથી. કારણ વિવેક ઘણો મોંઘો છે.

દુનિયાની પાછળ ગાંડો બનનાર આત્મા પોતે ગાંડો બનશે અને અનેકોને બનાવશે. અને ત્યાગી તપસ્વી પાછળ ગાંડો બનનાર આત્મા પોતે ઉચ્ચ બનશે. અને અનેકોને ઉચ્ચ બના-

વશે. પોતે ડાહ્યો રહેશે અને અનેકોને સાચું ડહાપણ આપશે.

પુન્યાઈ પરવારે છે ત્યારે ઘરનાં માણસો પણ બહાર કાઢી મૂકે છે.

વીતરાગ ભગવંતે કહેલા માર્ગમાં જે અવિહડ શ્રદ્ધા અને નિષ્ઠા, તે દ્વારા બહાર પડતાં જે શબ્દો, તે સાચા વ્યાખ્યાનકારની શક્તિ અને ભક્તિ

વ્યાખ્યાન એટલે શ્રુતજ્ઞાનની પ્રભાવના. વ્યાખ્યાનની પ્રણાલિકા એટલે જૈનશાસનની જીવતી જાગતી પ્રણાલિકા. વ્યાખ્યાનની અખંડ પરંપરા જૈનશાસનમાં છે. અને એથી કેટલાયે આત્માઓ તરી જાય છે.

ધર્મારાધનરૂપી પુલવાડીને લીલીછમ રાખનાર કોઈ હોય તો તે વ્યાખ્યાન રૂપી નીક છે.

વીતરાગ ભગવંતની વાણી બે ઘડી જેટલો સમય પણ સાંભળવા મળે એ સંસારરૂપી ભડભડતી આગમાંથી ઠારનાર નીર રૂપ છે.

દેવ, ગુરુ, ધર્મ, પ્રત્યે જો દુર્ભાવ આવી ગયો તો ભવાંતરમાં પણ બોધિબીજ નહિં મળે.

પોતાની જેટલી પુન્યાઈ હોય તેટલા પ્રમાણમાં જ ગમે તે સ્થાને સમાઈ જવાની જેનામાં શકિત, તે આત્મા સંસારમાં સમાધિ જાળવી શકે છે. જિનેશ્વર દેવનાં સામાન્યમાં સામાન્ય પણ સંયમીનાં દર્શન કરવાનો અવસર પ્રાપ્ત ક્યારે થાય? પુન્યાઈ આત્માની જાગે ત્યારે જ!

સુખને દીન બનીને ભોગવો અને દુઃખને અદીનપણે ભોગવો. સુખને ભોગવતી વખતે ઉદાસીન ભાવ રાખવો, અને દુઃખને ભોગવતી વખતે ઉલ્લસિત ભાવ રાખવો.

આત્માની સરળતા, હ્રદયની સ્વચ્છતા, અને અંતરની સજ્જનતા એ સ્વાભાવિક આકર્ષણ રત્ન છે.

સત્સંગ, સ્વાધ્યાય, અને સમભાવ, આ ત્રિવેણીસંગમથી આત્મા સંસારને તરી જાય છે.

દેરાસરમાં વપરાતી
જરમન સીલ્વરની
સામગ્રી

REGD. TRADE MARK
GUARANTEED
C.C.
STAINLESS STEEL
18/8

અમારે ત્યાં હંમેશા હાજર સ્ટોકમાંથી મળશે.

★ ફાનસ
★ ચમર દાંડી
★ કળશ
★ પખાલ કુંડી
★ પંખા
★ ચંદન વાડકી વિ.

સ્ટેનલેસ સ્ટીલ તથા જરમન સીલ્વરના
વાસણો આવી છાપ જોઈને ખરીદો

ચીમનલાલ છગનલાલ
૯૧, કંસારા ચાલ, કાલબાદેવી
મુંબઈ-૨

# સર્વશ્રેષ્ઠ વિકાસના મંગલમાર્ગે

પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મહારાજ

卐

આત્માના સર્વશ્રેષ્ઠ વિકાસના માર્ગે પરમ આલંબનભૂત ચાર શરણ, દુષ્કૃતગર્હા તથા સુકૃત-પ્રશંસારૂપ જે ધર્માચરણ, તે જેમાં સંકળાઇને રહેલ છે, તે મહામંત્ર શ્રી નવકાર મંત્ર વિષે કેટલેક અંશે તાત્ત્વિક વિચારણા તથા તે મંત્રાધિરાજનો મહિમા દર્શાવતો આ લેખ નવકારમંત્ર પ્રત્યેના શ્રદ્ધાવાન સર્વ કોઇ વાંચે, અને વિચારે.

卐

## વિકાસના દૃષ્ટિબિંદુઓ

મનુષ્યના જીવનવિકાસની સાથે શ્રી નમસ્કાર-મહામંત્ર ગાઢ સંબંધ ધરાવે છે, સામાન્ય રીતે જીવનવિકાસના અનેક દૃષ્ટિબિંદુઓ છે. કોઈ કોઈ વૈષયિક સુખ-સગવડ, સમૃદ્ધિ અને વૈભવની પૂર્ણતામાં જીવનનો વિકાસ માને છે, કોઇ ભોગવિલાસ અને સ્વૈરવિહારને વિકાસ ગણે છે, કોઇ સ્ત્રી, પુરૂષ અને સ્વજનોના વિશાલ પરિવારથી જીવનને વિકસિત ગણે છે, વ્યાપાર-ઉદ્યોગની કુશળતામાં વિકાસ સમજે છે ત્યારે મનગમતા ખાનપાન અને ગીતગાનની મસ્તી અનુભવામાં કેટલાકની વિકાસ સીમા આવી જાય છે. પણ આ બધા ભૌતિક, લૌકિક, ઐહિક વિકાસના દૃષ્ટિબિંદુઓ છે.

## વાસ્તવિક વિકાસનું દૃષ્ટિબિંદુ

આધ્યાત્મિક વિકાસ એ પણ વિકાસનું દૃષ્ટિબિંદુ છે. એને બીજા શબ્દોમાં લોકોત્તર અથવા પારલૌકિક વિકાસ કહી શકાય. પરલોક દૃષ્ટિ જાગ્યા પછી વિકાસનું દૃષ્ટિબિંદુ આધ્યાત્મિક બની જાય છે અને તત્વચિંતકો એને જ વાસ્તવિક વિકાસ કહે છે. આધ્યાત્મિક વિકાસની ઓળખ પછી એના વાસ્તવિક ઉપાયોનાં સેવનની રુચિ પ્રગટે છે. એટલું જ નહિ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપાય જ આ મહામંત્ર છે.

આ મહામંત્ર ઘણાને મોઢે આવડે છે. શ્રી સંઘમાં સેંકડો, હજારો, લાખોની સંખ્યામાં તે ગણાય છે. માત્ર એ ગણવાની પાછળ ખૂટતી સમજ અને રીત ઉમેરવાની આવશ્યકતા છે. જીવનમાં સર્વતોમુખી વિકાસના મહાન ઉપાય તરીકે આ મહામંત્રને ઓળખી હૃદયસ્થ કરવાની તેમજ ભક્તિ, શ્રદ્ધા અને એકાગ્રતાપૂર્વક ગણવાની જરૂર છે. જેથી વિકાસના કાર્યમાં વેગ આવે. રૂપીયાની નોટો એ સામાન્ય કાગળીયા નથી પણ મૂલ્યવાન વસ્તુ છે એવો ખ્યાલ આવ્યા પછી એ નોટો લેવાના - ગણવાના મૂકવાના વ્યવહારમાં ઘણો તફાવત પડી જાય છે. વસ્તુનું મૂલ્ય સમજ્યા પછી એની સાથેનો વ્યવહાર ફરી જાય છે. તેમ નવકાર એ અલૌકિક રત્ન છે. મૂલ્યવાન મોતીનો હાર છે. અખૂટ ધન છે, પુણ્યનો ભંડાર છે. એમાં ભાવ જાગ્યા પછી નવકારને ગણવાની રીત ફરી જાય છે.

## વિકાસના સાધનોનો નવકારમાં સમાવેશ

જગતમાં ભવ્ય અભવ્ય એમ બે પ્રકારના જીવો છે. દરેક ભવ્યાત્મામાં વિકાસની યોગ્યતા રહેલી છે. એ યોગ્યતાને વિકસાવવા શાસ્ત્રકારોએ ત્રણ વિશિષ્ટ સાધનો બતાવ્યા છે. પહેલું શ્રી અરિહંતાદિ ચારના શરણનો સ્વીકાર. બીજું દુષ્કૃતની ગર્હા અને ત્રીજું સુકૃતની અનુમોદના. આ ત્રણે સાધનોના સેવનથી ભવ્યઆત્માની

સહજ યોગ્યતા વિકસે છે, અર્થાત્ ભવ્યત્વનો પરિપાક થાય છે, શ્રી નમસ્કાર મહામંત્રમાં યોગ્યતાને વિકસાવનારા ઉપરોક્ત ત્રણે સાધનોનું સેવન થતું હોવાથી આધ્યાત્મિક વિકાસના સર્વશ્રેષ્ઠ અને સુગમ ઉપાય તરીકેનું મહત્વ સ્થાન શ્રી નવકાર મહામંત્રને પ્રાપ્ત થાય છે.

નવકારના પ્રથમ પદમાં શ્રી અરિહંત પરમાત્માઓને નમસ્કાર છે. તે પદના જાપથી પ્રથમ શરણનો સ્વીકાર થાય છે. બીજા પદમાં સિદ્ધપરમાત્માઓને નમસ્કાર છે. તે પદના જાપથી બીજા શરણનો સ્વીકાર થાય છે. ત્રીજા, ચોથા અને પાંચમા પદમાં શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોને નમસ્કાર છે, એ પદોના જાપથી ત્રીજા શરણનો સ્વીકાર થાય છે. પંચપરમેષ્ઠિઓને નમવાનો ભાવ એ એક પરમધર્મ છે. ચૂલિકાના ચારપદો પરમેષ્ઠિ નમસ્કારની સ્તુતિરૂપ છે, તેથી એ ચારપદોના જાપથી ચોથા શરણનો સ્વીકાર થાય છે. પરમેષ્ઠિ ભગવંતોને ભાવથી નમસ્કાર કરવો એ પણ તેમના શરણની સ્વીકૃતિ છે. આ રીતે નવકારના જાપવડે ભવ્યત્વના પરિપાકનું પ્રથમ સાધન શ્રી અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર આરાધી શકાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના છઠ્ઠા અને સાતમા પદમાં દુષ્કૃતગર્હાનો ભાવ રહેલો છે. એ પદમાં પરમેષ્ઠિ નમસ્કારથી થતો સર્વ પ્રકારના પાપનો નિર્મૂળ નાશ સૂચિત છે આ બે પદોના જાપથી ભવ્યત્વના પરિપાકનું જે બીજું સાધન દુષ્કૃતગર્હા તેનું પાલન થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના આઠમા અને નવમા પદમાં સર્વ મંગલોનું અનુમોદન છે પરમેષ્ઠિ નમસ્કારની મહામંગલમયતા સૂચિત છે, આ બે પદોના જાપથી પંચપરમેષ્ઠિઓના અનંતસુકૃતોની–ઉદાત્તવૃત્તિઓની–પવિત્ર પ્રવૃત્તિઓની અનુમોદના થાય છે. આ રીતે ભવ્યત્વના પરિપાકનું જે ત્રીજું સાધન–સુકૃતની અનુમોદના એ પણ સધાય છે.

આ દૃષ્ટિથી વિચાર કરતાં નવકાર એ ભવ્ય આત્માની યોગ્યતાને વિકસાવવાનો અસાધારણ ઉપાય બની જાય છે. નવકાર ગણવાની પ્રક્રિયા એ યોગ્યતાના વિકાસની મહાન પ્રક્રિયા છે. નાનકડો પણ નવકાર આત્મવિકાસનું મહાન કાર્ય સિદ્ધ કરવામાં પરમ સહાયક બને છે. જે ક્ષણે શ્રી નવકારમંત્રને ગણવાની શરૂઆત થાય છે તે ક્ષણથી જ અંતરમાં યોગ્યતાના વિકાસની, કર્મ–ક્ષયની આત્મ-નિર્મળતાની પ્રક્રિયા ચાલુ થાય છે. આ પ્રક્રિયા આપણી આંખે દેખાતી નથી માત્ર સૂક્ષ્મબુદ્ધિથી સમજી શકાય છે.

ભવ્યત્વના પરિપાક માટે શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ એક વિશિષ્ટ પુરુષાર્થ છે. ચરમ પુદ્ગલ પરાવર્ત કાળમાં દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદનાના પરિણામપૂર્વક થતો નવકાર જાપનો પુરુષાર્થ અચિન્ત્ય ફળદાયી બને છે, આ અમોઘ પુરુષાર્થ તત્કાલ તેમજ પરિણામે અનેકાનેક લાભોનું–ફળોનું સર્જન કરે છે, આ પુરુષાર્થમાં પુણ્યાનુબંધી પુણ્યનું અવન્ધ્ય બીજ રહેલું છે. જે પુણ્યાનુબંધી પુણ્યથી સદ્ગુરુનો (કલ્યાણ મિત્રનો) યોગ થાય છે. સદ્ગુરુની ઉપાસનાથી વિનય, વિવેક, ઉદારતા, ગંભીરતા, પાપભિરૂતા, સદાચાર, પરોપકાર, ઔચિત્ય, દાક્ષિણ્ય, ગુણાનુરાગ વગેરે સદ્ગુણોની વૃદ્ધિ અને ભાવોની શુદ્ધિ થતી રહે છે. આ રીતે શ્રી નવકારમંત્રથી થતો યોગ્યતાનો વિકાસ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં ક્રમશઃ પૂર્ણતામાં પરિણમે છે.

આ મહામંત્રને ગણવામાં દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદનાનો પરિણામ ખાસ જરૂરી છે. પ્રથમવારના અભ્યાસથી જ તે પરિણામ આવી જતો નથી, કિન્તુ અનેકવાર અભ્યાસ કરવાથી તે પરિણામ જાગ્રત થાય છે, અને ક્રમે ક્રમે વૃદ્ધિ પામે છે. આજે આપણને દુષ્કૃતગર્હા

અને સુકૃત અનુમોદનાના પરિણામની મહત્તા સમજાય છે, તેનું કારણ પણ પૂર્વના અનેક જન્મોમાં તે માટે કરેલો અભ્યાસ છે. આ જન્મના અભ્યાસથી તે પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામશે. એ પરિણામપૂર્વક આ કારણનો સ્વીકાર અચૂકપણે ભવ્યત્વને વિકસાવે છે. જો એ રીતે મંત્રના અર્થની ભાવના પૂર્વક શ્રી નવકારમંત્ર ગણાય તો શીઘ્ર ફળદાયી બને. એ નિસ્સંદેહ હકીકત છે.

આ રીતે નવકારમંત્ર દ્વારા આધ્યાત્મિક વિકાસમાં પ્રગતિ સાધતો આત્મા ખૂબજ જાગૃત બની જાય છે "आत्मप्रवृत्ता अतिजागरुकः" આ મહાસૂત્ર યથાર્થપણે જીવનમાં જીવવા માંડે છે. વિશ્વના ભાવો પ્રત્યે સહજ ભાવે વિમુખ અને ઉદાસીન રહે છે. આત્મનિરીક્ષણ અને આત્મ-સંરક્ષણ એજ એક જીવનમંત્ર બને છે. જેમ જેમ ઉંડું આત્મ-નિરીક્ષણ થતું જાય છે. તેમ તેમ અંતરમાં ભરાયેલા સૂક્ષ્માતિસૂક્ષ્મ દોષોનું સ્પષ્ટપણે દર્શન થતું જાય છે. નિજનું આત્મમંદિર પુરાણા ખંડેરો જેવું બિભત્સ લાગે છે, બીજી બાજુ ગુણીજનોના ગુણોની મઘમઘતી સુવાસથી આત્મા મસ્તી અનુભવે છે. સાચું આત્મનિરીક્ષણ ગુણવાન પુરુષોના ગુણોની કદર કરાવ્યા વિના રહેતું નથી.

આમ ઉચ્ચકોટીની નિજના દુષ્કૃતોની ગર્હા અને ગુણવાન પુરુષોના સુકૃતોની અનુમોદનાનાં ભાવથી આત્મા તરબોળ બને છે અને એની સાથે જ્યારે શ્રી નમસ્કારમહામંત્રનું પરમ આલંબન મળે છે ત્યારે એના જાપમાં તલ્લીન બની પંચપરમેષ્ઠિઓનાં ચરણોમાં આત્મા નમી પડે છે. પરમોચ્ચકક્ષાનો આ નમસ્કાર આત્માને કેવળજ્ઞાન આપે છે. અર્થાત્ ચિત્ત જ્યારે આત્મદોષોના પ્રશ્ચાત્તાપથી નિર્મળ બની ગુણવાન પુરુષો પ્રત્યે અતિ નમ્ર બને છે અને સાથે નવકારનું ઉચ્ચ આલંબન મળે છે ત્યારે તેમાંથી શુભધ્યાનનો દાવાનળ સળગે છે, ઘાતિકર્મો તેમાં હોમાઈ જાય છે અને અનંતજ્ઞાનની જ્યોતિ ઝગમગે છે. આ રીતે વિકાસની પરાકાષ્ઠાએ પહોંચવાનો રહસ્યભૂત ઉપાય પણ શ્રી નમસ્કાર મહામંત્ર છે.


## વરસીતપની પ્રભાવનામાં વહેંચાય તેવા સુંદર અને સસ્તાં પ્રકાશનો

### ૧ શ્રી જિનદેવ દર્શન ચોવીસી

જેમાં ૨૪ તીર્થંકરો સરસ્વતી, લક્ષ્મીદેવી, ચક્રેશ્વરીદેવી, તથા પદ્માવતીદેવી, વગેરેના ચાર રંગમાં છાપેલા સુંદર ચિત્રો તથા ઘંટાકર્ણવીર, શ્રી માણિભદ્રવીર, શ્રી ક્ષેત્રપાલજી, (બટુકભૈરવ) શ્રી નવપદજી, શ્રી ગૌતમસ્વામી, શ્રી પુંડરીકસ્વામી, અને પહેલી જ વખત તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના મૂળનાયક શ્રી આદીશ્વરદાદા તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનાં ચિત્રો આપવામાં આવેલ છે.

**કિંમત પંદર આના. ૧૦૦ નકલના રૂા. ૭૫-૦-૦**

પુંઠા ઉપર પ્રભાવના કરનારનું નામ છાપી આપશે.

**૨ આનંદઘનપદ્યરત્નાવલી**-કિંમત દશ આના, ૧૦૦ ના રૂા. પચાસ.

**૩ અપ્રગટ સજ્ઝાય સંગ્રહ**-કિંમત દોઢ રૂા. ૧૦૦ ના રૂા. ૧૧૨.

**પ્રાપ્તિસ્થાનઃ— સારાભાઈ મણિલાલ નવાબ છીપા માવજીની પોળ, અમદાવાદ-૧**

# कषायान् संवृणु प्राज्ञ !

-શ્રી પ્રિયદર્શન

[ લેખાંક ૪ થો ]

આરિસામાં જાતે જોઈને, કે કોઈના મંગલ-મુખે સાંભળીને તમારૂં મનસ્વી મન નક્કી કરે છે-

"હું અતિ રૂપવાન !"

ચકમકતા અને ચારૂ ચામડા દ્વારા કાળજે જ્યાં આ રૂપની ઉંચી કલ્પના કોરાણી, ત્યાં—

"અદ્ભુત રૂપ-સૌન્દર્યને ધરનારા માત્ર પંચપરમેષ્ઠિઓ છે" એ ભવનાશક ભાવના ખંડ ખંડ થઈ વિખરાઇ જવાની.

અને, "મારા શિવાય, બીજાઓનાં ગમે તેવાં રૂપ....પણ તે મારા રૂપની હેઠ !" પર-અપકર્ષની આ પથ્થર શીલા આત્મા પર તૂટી પડવાની.

આ અભિમાનની આગ બુઝાવી નાંખો. એ આગમાં તમારી ભવ્યતા ભરખાઈ રહી છે, તે ન ભૂલો.

તમે સનત્કુમાર ચક્રવર્તીને તો જાણો છો ને ? કેવું અદ્ભુત એનું રૂપ હતું ? એવું એ અનુપમ હતું કે સહેજે એ રૂપના ધારકમાં અહંત્વ આવ્યા વિના ન રહે !

દેવેન્દ્રને એના રૂપની પ્રશંસા કરવાની ફરજ પડી હતી !

પરંતુ....એ રૂપની પ્રશંસાએ દેવોના અહંત્વને ઢંઢોળ્યું !

દેવોની સ્વ-રૂપની ઉચ્ચ લાગણી ઉશ્કેરાણી. ચક્રવર્તીના રૂપની પ્રશંસામાં દેવોને પોતાના રૂપનું અપમાન ભાસ્યું.

ભાસે જ તો ! જેને જે વાતનું અભિમાન, તે વાત બીજામાં જોતાં તે ધમધમી જ ઉઠે !

દેવોએ બ્રાહ્મણનું રૂપ અને વેશ ધારણ કર્યાં. હસ્તિનાપુરમાં આવ્યા.

રાજમહાલયમાં, ચક્રવર્તીને.... ચક્રવર્તીના રૂપને જોવા, ત્વરાથી તે આવી પહોંચ્યા.

તે વખતે ચક્રવર્તી સ્નાન કરી રહ્યા હતા.

બંને બ્રાહ્મણોએ ટસીટસીને ચક્રવર્તીના રૂપ-સૌન્દર્યનું પાન કર્યું.

દેવોનું રૂપાભિમાન ઓગળી ગયું. !

ત્યારે....ચક્રવર્તીનું રૂપાભિમાન ઝબકીને જાગ્યું !

બ્રાહ્મણોને તે કહે છે-"હે વિપ્રો ! હમણાં તો હું સ્નાનાગારમાં છું....શરીર પરથી મેલ ઉતરી રહ્યો છે. કેશકલાપ વેર વિખેર છે. અલંકારો....સુંદર વસ્ત્રો વગેરે નથી. છતાં તમને મારૂં રૂપ અદ્ભુત લાગે છે. પણ હવે હું જ્યારે વિશ્વનાં શ્રેષ્ઠ અલંકારો, શ્રેષ્ઠતમ વસ્ત્રો, ધવલ છત્ર, મુલાયમ ચામર વગેરેના દબદબાપૂર્વક રાજ્યસિંહાસને બેસું ત્યારે તમે આવીને મારૂં રૂપ જો જો !"

રૂપ-પ્રદર્શનની ખેવના તીવ્રતર બની.

પરંતુ જ્યારે પુનઃ બ્રાહ્મણો ચક્રવર્તીને નિરખવા આવ્યા ત્યારે....?

જ્યારે ચક્રવર્તીએ એ દેવો દ્વારા જાણ્યું કે મારૂં રૂપ નષ્ટ થઈ ગયું છે. ત્યારે...?

સમજી રાખો કે, રૂપ-સૌન્દર્ય એ એક ભેટ-સોગાદ છે કે જે ભેટ-સોગાદની અવસ્થિતિ, તદવસ્થતા વગેરે બધું જ અનિશ્ચિત છે.

ક્યારે એ ખુંચવાઈ જાય, ક્યારે એ ખોરવાઈ જાય, તેનો નિર્ણય અપૂર્ણ-અજ્ઞાન માનવી ન કરી શકે.

તમને તમારા કોઇ સ્નેહીએ ખૂશ થઈ, મૂલ્યવંતા મનોહર અલંકારો આપ્યા; આપીને સાથે જ સૂચવ્યું કે–"આ અલંકારો હું કયાં અને કયા સમયે પાછા માંગીશ, કે કયારે તે અલંકારો પોતાનું પોત પ્રકાશશે, તેની કોઇ જ નિશ્ચિતતા નહિ."

તમારે તે અલંકારોની અનિવાર્ય આવશ્યકતા છે, એટલે તમે એ સ્વીકારો તો ખરા. એનાથી શરીરને શણગારો પણ ખરા! પણ ભલા! શું કદીય તે અલંકારો પર ઓવારી જાઓ ખરા? નહિ ને? બલ્કે તમે હૈયાથી એમ માનો છો કે–

(૧) "આ અલંકારો કયારે ખુંચવાઈ જાય તેનો પત્તો નહિ.

(૨) મારી બેઈજ્જતી કરી બદનામ કરી, ચાલી જતાં વાર નહિ.

(૩) કયારે આ બનાવટી પોતાનું પ્રોત પ્રકાશે, તે કહી શકાય નહિ.

રૂપ-સૌન્દર્યની ભેટ આવી છે! એના પર અભિમાન શાં કરવાંતાં? એના પર શું બહુ મલકાઈ જવાનું?

અને આપણું રૂપ-સૌન્દર્ય એટલે તો એની સારવાર કરવામાંથી જ ઉંચા ન અવાય! વેઠ ક્યાં જ કરવાની!

તમારા ખ્યાલમાં આવે છે? કે રૂપરક્ષણની અને રૂપવર્ધનની તમારી એ લગનમાં તમે કેટલાં બધાં નુકશાન વહોરી રહ્યા છો?

દેહનાં સૌન્દર્યને જ રક્ષે જવામાં અને વધારે જવામાં અનંત સૌન્દર્યની મૂર્તિશા આત્માનાં આવરાયેલાં સૌન્દર્યની તમને કલ્પના પણ છે?

આત્મસૌન્દર્ય... આત્માનું રૂપ......એનું ઉદ્ઘાટન કરવા પાછળ લાગી જાઓ. જેમ જેમ એ અવિનાશી, અક્ષય અને અદ્ભુત સ્વરૂપનો આવિર્ભાવ થશે તેમ તેમ દેહના વિનાશી ક્ષયશીલ અને નમાલા રૂપ પરનો અહંકાર ઓસરવા માંડશે.

શત-સહસ્ત્ર વ્યાધિઓથી....કોટિ કોટિ વેદનાઓથી...અસંખ્ય અસંખ્ય સંતાપોથી ઘેરાયેલા આ જીવલોકમાં કોનું સૌન્દર્ય ચિરસ્થાયી બન્યું છે?

તમે પેલી ગગનને આંગણે રંગબેરંગી ચુંદડી ઓઢી રૂપ પ્રદર્શનના રમણે ચઢેલી સંધ્યા નથી નિરખી? અને વહેલી પરોઢે પાંગરેલા ઓલ્યા પંકજને નથી જોયું?

ઘડી-બે ઘડીમાં સંધ્યા પર શ્યામ સાડલો વીંટાઈ જાય છે! પાંગરેલું પંકજ દિનાન્તે રૂપરહિત બની જાય છે! રૂપાભિમાન વિલય પામી જાય છે.

વળી, એક વાત સાંભળી લ્યો!

રૂપ-સૌન્દર્યનું અભિમાન તમને તે રૂપ સૌન્દર્યના દુર્વ્યય તરફ પ્રેરશે. દેહનાં રૂપ-સૌન્દર્ય દ્વારા તમે વિલાસની વિષમય લીલામાં નાચવાના અને તેથો તમારૂં શત-સહસ્રમુખી અધઃપતન જ થવાનું એટલું જ નહિ પરંતુ તમારી માદક દૃષ્ટિ તમારા પરિચયમાં આવનાર કેટલાય અન્ય આત્માઓમાં પણ વિકારના અંકુરનું ઉદ્ભાવન કરશે.

જે રૂપને ઋષિ-મહર્ષિઓએ ધર્મ-પ્રભાવનાના હેતુ તરીકે નિર્દેશ્યું છે, તે રૂપને તમે પાપ પ્રચારનું કારણ બનાવી, કહો તો ખરા, કે તમે કયું અસંક્લિષ્ટ સુખ પ્રાપ્ત કર્યું?

મારે તો તમને, મારા એક અતિ નિકટના ધર્મસ્નેહી તરીકે એટલું જ કહેવું છે, કે–હે પ્રિય! તમને મળેલું સુંદર રૂપ-સૌન્દર્ય તમારા અંતરતમના અનંત રૂપ-સૌન્દર્યનું ઉદ્ઘાટન

કરે એ રીતે જ તમે તે રૂપ-સૌન્દર્યને ન જારી રાખો?

હા, ચામડાના રૂપ સૌન્દર્ય પર આફરીન બનવાની કુટેવવાળું જગત તમારા બેનમૂન સૌન્દર્ય પર ફીદા ફીદા થઇ જાય. તેની આંખો નાચી ઉઠે, પ્રશંસાનાં પુષ્પો વેરી નાંખે, તમારા પર ઓવારી જાય, ત્યારે તમે સાવધાન રહેજો! જો તમે સાવધાન રહ્યા તો એ જગત તમારા તે સૌન્દર્યને ચોળી ચૂંથી નાખતાં વાર નહિ કરે!

તમારૂં તે રૂપ-સૌન્દર્ય એટલી બધી મૂલ્ય-વંતી ચીજ છે કે તેને જગત સમક્ષ ખૂલ્લી મૂકી તો લૂંટાયા જ સમજો!

ધનને જવાહરને જો તમે મૂલ્યવંત સમજો છો તો તેને તિજોરીમાં-પાકીટમાં ગુપ્ત રાખો છો ને? એને ખુલ્લું મુકવામા તમારી સમક્ષ કેટલાય ભયો તરવરતા હોય છે.

ત્યારે શું રૂપ-સૌન્દર્યને પ્રગટ રાખવામાં તમને કોઇ ભય નથી? જો નથી, તો કહેવું પડશે કે તમે હજુ તમારા જીવન અંગે વિચારક નથી બન્યા.

હા, તમારી મલિન વાસનાઓની પૂર્તિ માટે જ રૂપ-સૌન્દર્યને જો તમારે સાધન બનાવવું હોય તો તો તમને કંઇ જ કહેવાનું રહેતું નથી.

અરે, તમારા આત્મત્વની તમને ચિંતા ન હોય તો ભલે, પરંતુ અન્ય આત્માઓની પવિત્રતાને રક્ષવા માટે પણ તમે તમારા રૂપસૌન્દર્યનું પ્રદર્શન મોકૂફ રાખો. તમારૂં વિકૃત નિમિત્ત પામી અન્ય આત્માઓ.....મહાત્માઓ પોતાની પવિત્રતાને જોખમાવનારા ન બને, તેનો વિચાર કરવો શું તમને ઉચિત નથી લાગતો?

વળી, તમારા ચિત્તમાં જ્યાં સુધી બાહ્ય રૂપસૌન્દર્યની મહત્તા બેઠેલી હશે, ત્યાં સુધી તમે રૂપસૌન્દર્ય વિનાના-પરંતુ આંતરિક મહાન ગુણોથી ભરેલા એવા આત્માઓની અવજ્ઞા કરવાના. કદાચ અવજ્ઞા ન કરો, તો પણ તેમનું યોગ્ય સન્માન-આદર-પ્રીતિ વગેરે તો નહિ જ કરવાના.

અને, એ તો જાણો છો ને કે આંતરિક ગુણો બાહ્ય રૂપસૌન્દર્ય સાથે બંધાયેલા નથી? રૂપસૌન્દર્ય ન હોવા છતાં જ્ઞાન, વિજ્ઞાન, ક્ષમા, મૃદુતા, સરળતા, દાન, શીલ, તપ વગેરે સેંકડો ગુણો આત્મામાં હોઈ શકે છે. અને બાહ્ય અદ્ભુત રૂપસૌન્દર્ય હોવા છતાં આંતરિક ગુણોનો અભાવ પણ હોઈ શકે છે.

'બર્નાડ શો' નું નામ તમે જાણતા હશો? કે જે પશ્ચિમદેશોમાં પ્રસિદ્ધ તત્વચિંતક થઇ ગયો, અને જેણે જીવનના અંતિમ કાળે એ શબ્દો ઉચ્ચાર્યા હતા કે 'જો જન્માંતર મારે લેવો પડે તો મને જૈનધર્મયુકત જન્મ મળો.' તેનું રૂપ કેવું બેડોળ હતું?

એનો એક રસમય પ્રસંગ કહું.

એક સંધ્યાના ટાણે શો'ની પાસે એક ખુબસુરત સ્ત્રી આવી.

એ હતી એક સુપ્રસિદ્ધ નર્તકી.

આવીને તેણે શોને કહ્યું-'મિ.શો, આજે હું તમને એક એવી સુંદર વાત કરવા આવી છું કે તે સાંભળીને તમને જરૂર આનંદ થશે.'

શો બોલ્યા-'જરૂર કહો.'

'મને આજે વિચાર આવ્યો: જો તમારી સાથે મારૂં લગ્ન થાય અને આપણું જે સંતાન જન્મે તેનામાં બે મહાન ગુણોનો સુમેળ થાય! તમારી અનુપમ પ્રજ્ઞા અને મારૂં બેનમૂન રૂપ!'

ક્ષણભર વિચાર કરી લઇ, સહેજ સ્મિત સાથે શોએ કહ્યું 'તેં એક બાજુનો વિચાર કર્યો. પણ બીજી બાજુનો વિચાર ન કર્યો! કદાચ, આપણે લગ્નગ્રંથીથી જોડાઇએ. આપણને

સંતાનની પ્રાપ્તિ થાય, પણ તેનામાં તારા ગુણ અને મારૂં રૂપ જો આવે તો ?"

નર્તકી સ્તબ્ધ બની ગઈ !

અરે ! જે કિંમતી અલંકારોનું ખોખું વધુ દેખાવડું અને સુશોભિત, તે અલંકારો લૂંટાવાનો વધુ ભય ! એમ બાહ્ય સૌન્દર્ય જેનું ખૂબ, તેના આંતરિક ગુણો ભયમાં સમજવા ! ક્યારે દુશ્મનનો હલ્લો થાય તે નિશ્ચિત નહિ.

માટે, જો તમે આત્માભિમુખ છો, આત્મતત્ત્વના અનુરાગી છો, ગુણસમૃદ્ધિના ચાહક છો, તો તમે રૂપસૌન્દર્યના અભિમાનને ત્યજી દો. રૂપસૌન્દર્યનો ધર્મપ્રભાવનાના માર્ગે વિનિયોગ કરી દો. બસ. તમે આ માર્ગે ગતિશીલ બનો ! એક દિવસે તમારૂં એવું રૂપસૌન્દર્ય પ્રગટી જશે કે જેના પર ત્રણે ભુવન ફીદા હશે, જ્યારે તમે તેના પર વીતરાગતાના ધારક બન્યા હશો !

(ક્રમશઃ)

卐

મોટર ચાલુ છે **યાત્રાર્થે પધારો** મોટર ચાલુ છે

શ્રી જીરાવલા પાર્શ્વનાથજી મહાન પ્રાચીન ચમત્કારિક તીર્થની યાત્રા માટે પેઢીની પ્રાઇવેટ બસ આબુરોડ જૈન ધર્મશાળાની પાછળથી દરરોજ બપોરના રા વાગે ઉપડી સાંજના પાંચ વાગે જીરાવલાજી પહોંચાડે છે. અને બીજે દિવસે ઉપડી બપોરે ૧ વાગે આબુ રોડ પહોંચાડે છે.

સ્વચ્છ હવા, હલકું પાણી, નૂતન ધર્મશાળા સારી એવી ભોજનશાળાની સગવડતા છે માટે દરેક યાત્રાળુ ભાઈ-બ્હેનોને આ પ્રાચીન તીર્થની યાત્રાનો અવશ્ય લાભ લેવા વિનંતી છે.

**પેઢીની બસ ચોમાસા અંગે બંધ હતી, તે તા. ૩૦-૧૦-૫૯થી શરૂ થઇ છે.**

નિવેદક:— મેનેજીંગ ટ્રસ્ટ કમીટી

**શ્રી જીરાવલા પાર્શ્વનાથજી જૈન પેઢી. પો. રેવદર** (આબુરોડ થઈ)

# जिनमंदिरोंके उपयोगी

रथ, हाथी इन्द्रध्वजा गाडी, पालखी भंडारपेटी शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने, चांदीके पतरे (चद्दर) लगानेवाले.

चांदीकी आंगीओ, पंचधातुकी प्रतिमाजी ओर परिकर बनानेवाले. चांदीकी चद्दर आपके वहां आके लकडे पर लगा देते है. ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज सकते है. मशीन (यंत्र) से चलनेवाले रथ ओर ईन्द्रधजाकी गाडी बनाने वाले.

**मिस्त्री ब्रिजलाल रामनाथ पालीताणा.**

**ता. क. मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते है.**

# ઋતુધર્મ અંગેની આપણી પ્રાચીન મર્યાદા:

## વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેની વિચારણા.

સંપા૦ શ્રી ચિકિત્સક

⊙

વર્તમાન કાલના સ્વચ્છંદી વાતાવરણની કલુષિત હવાના કારણે આજે પોતાની જાતને ભણેલી—ગણેલી તથા શિક્ષિત માનનાર વર્ગ આપણા દીર્ઘદ્રષ્ટા પ્રાચીન પુરૂષોએ પ્રચારેલી અને સ્વીકારેલી મર્યાદાને હસી કાઢે છે. ને તેનો વિરોધ કરવામાં ગૌરવ માને છે આવી છે એ મર્યાદા સ્ત્રીઓના માસિક ધર્મને અંગેની : જૈનધર્મમાં પણ આપણા પૂર્વ પુરૂષોએ આને અંગે નૈતિક મર્યાદા દર્શાવી છે. પૂ. શ્રી જીવવિજયજી મહારાજ કે જેઓશ્રીએ સકલતીર્થ સ્તોત્રની રચના કરી છે, તે મહાપુરૂષે એક સ્તુતિમાં સ્પષ્ટ ઉપદેશ આપ્યો છે કે: 'ઋતુવંતી અડકે નહિ એ, ન કરે વળી ઘરનાં કામ તો' આથી એ સ્પષ્ટ છે કે, 'માસિક ધર્મના સમયે સ્ત્રીઓએ હરેક પ્રકારની ઘરની પ્રવૃત્તિથી અલગ રહેવું. કોઇને સ્પર્શ ન થઇ જાય તે રીતે રહેવું' તેમજ તે દિવસોમાં પુસ્તકો, છાપાઓ કે કાંઇપણ જ્ઞાનના સાધનોને સ્પર્શ કરવાથી કે કાંઇપણ વાંચવા—લખવાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. ઋતુવંતી સ્ત્રીને શાથી દરેક પ્રવૃત્તિથી દૂર રહેવું ? આને અંગે વૈજ્ઞાનિક દૃષ્ટિની કેટલીક વિચારણા અહિં રજૂ કરીએ છીએ. જેથી સમજી શકાશે કે આપણા પૂર્વ પુરૂષોએ બાંધેલી મર્યાદાઓમાં પણ કેટલું વૈજ્ઞાનિક તથ્ય રહેલું છે.

⊙

સામાન્ય રીતે આપણા દેશમાં આર્તવદર્શનનાં દિવસોને અસ્પૃશ્ય તરીકે સ્વીકારવામાં આવ્યા છે. આ દિવસોનો ખોરાક પણ વિશિષ્ટ પ્રકારનો સ્વીકારાયો છે અને વિહારજન્ય ક્રિયામાં પણ નિયમિતતા—સંયમિતા નકકી કરવામાં આવી છે.

સૌથી પહેલાં અસ્પૃશ્ય શા માટે? એનો વિચાર કરીએ તો એની પાછળ પ્રાચીનોની દૃષ્ટિ આ દિવસોમાં સ્ત્રીને પૂરતો આરામ મળે, ઠંડી—ગરમીના હવામાનનાં આઘાત—પ્રત્યાઘાતમાંથી બચવાનું મળે અને આ દિવસો દરમ્યાન જે રકતસ્રાવ થાય છે તે વખતે એવી કોઇ ક્રિયા ન થઇ જાય કે જેનાં પરિણામે પોષણની ખામીને કારણે વાયુની વૃદ્ધિ થઈને નાનામોટા રોગો—દોષોનો પ્રકોપ થાય. એક રીતે વિચારીએ તો આ દિવસોમાં સ્ત્રીનાં શરીરમાં જે ચેતનપ્રવાહોનો પ્રભાવ વધે છે. તેનાં કારણે સ્ત્રી શરીરમાં એક એવા પ્રકારનો ફેરફાર થાય છે, કે—તે ફેરફારની તીવ્રતાથી એનાં સંપર્કમાં આવનારા સૌ ઉપર એક પ્રકારના આઘાતક અસર થાય છે અને પરિણામે ખાસ કરીને જો આ સંપર્કમાં—સ્પર્શમાં આવનારી ચીજો ખોરાક કે પીવાનાં પાણીની હોય તો એ પદાર્થોની ચેતનશકિત ઘટે છે. હીનવીર્ય થાય છે. આથીજ એને આ દિવસોમાં સ્પર્શજન્ય પ્રસંગોથી અને ખાસ કરીને ખોરાકપાણી સાથેનાં વ્યવહારથી દૂર રાખવાનું માનવામાં આવ્યું છે.

### વૈજ્ઞાનિક ચકાસણી

સ્વાભાવિક રીતે જ એક પ્રશ્ન થાય કે આર્તવદર્શનનાં દિવસો દરમ્યાન જે ફેરફારો

થાય છે એની વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરી શકાય ખરી?

આ પ્રશ્નનો ઉત્તર ખૂબ જ આશાસ્પદ રીતે જોવા મળ્યો છે. વીએના યુનિવર્સીટીના એક પ્રાધ્યાપક ડો. સીકેએ મેડીકલ રીવ્યુમાં એક વિસ્તારપૂર્વકની નોંધ આપતાં જાહેર કર્યું છે કે રજસ્વલા સ્ત્રી એના સ્પર્શ દ્વારા ચેતન-જીવંત સૃષ્ટિ ઉપર ખૂબ જ માઠી અસર કરે છે.

ડો. સીકે જણાવે છે કે 'મારી ઉપર ઓગસ્ટ મહિનામાં એક ફુલનો ગજરો મોકલવામાં આવેલો. તે મારા ઘરની નોકરાણી બાઇને ફુલદાનીમાં મૂકવા આપ્યો. બીજા દિવસે સામાન્ય રીતે કદી ન બને તેવો ફેરફાર મેં એ જોયો કે આ ફૂલ કરમાઇ ગયાં હતાં, ચીમળાઇ ગયાં હતાં. સામાન્ય રીતે આ ઋતુમાં આવાં ફૂલો દિવસો સુધી તાજાં જ રહે તે એક જ રાતમાં કેમ કરમાઇ ગયાં એનું મને ભારે આશ્ચર્ય થયું. બાઇને પૂછતાં ખબર પડી કે તે બાઇ તે જ દિવસે રજસ્વલા હતી.

બાઇએ કહ્યું: 'આ દિવસોમાં જ્યારે જ્યારે હું આવાં તાજા ફૂલોને અડું છું, ત્યારે એ ફૂલો કરમાઇ ગયા હોય છે.'

પ્રાધ્યાપક સીકેએ આ હકીકતને પ્રાયોગિક રીતે ચકાસી જોવાનો નિર્ણય કર્યો. ૧૦ મી સપ્ટેમ્બરે આ નોકરડીને માસિક આવ્યું. આ દિવસે આ ચાકરડી અને બીજી એક સ્ત્રી જેને માસિક નહોતું આવ્યું તે બન્ને માળીને ત્યાં ગયાં એક જ પ્રકારનાં એક જ વખતે ચૂંટેલાં એક જ ઝાડનાં ફૂલો આ બન્ને બાઇએ લીધાં. રજસ્વલા સ્ત્રીનાં ફૂલ ચાર કલાકે કરમાઇ ગયાં. અને ૪૮ કલાકે સૂકાઇ ગયાં અને ૪૮ કલાકે પાંખડીઓ પણ ખરી પડી. જ્યારે રજસ્વલા નહોતી તે બાઇનાં ફૂલો સવારની જેવાં જ તાજાં હતાં. બીજા દિવસે એના કરતાં ય ઓછાં કરમાયાં અને ચોથા દિવસે ન કરમાયાં.

## આર્તવદર્શનનું ઝેર

પ્રાધ્યાપક સીકે. જણાવે છે કે. આર્તવદર્શનનું ઝેર રજસ્વલાના શ્વાસોચ્છવાસમાં નથી પણ એના પરસેવામાં, લોહીનાં લાલ રજકણોમાં જ જોવા મળે છે. આ ઝેર પસીનો અને રકતકણો દ્વારા બહાર આવે છે અને એની વિશિષ્ટ સ્થિતિ તો એ છે કે એ ઝેર ગરમીમાં ૧૦૦ ડીગ્રીએ ઊકળતા પાણીમાં પણ નાશ પામતું નથી. ગરમીમાં રાખ્યા પછી કે પાણીમાં ઉકાળ્યા પછી પણ એની વનસ્પતિસૃષ્ટિ ઉપર ઉગ્ર અસર કરવાની તાકાત જેમની તેમ જ જોવા મળે છે. શરીરસ્વાસ્વથ્ય માટે આ ઝેર હાનિકારક છે. સ્પર્શથી જીવનશકિતનો ક્ષય થાય છે,

આજે રજસ્વલા સ્થિતિમાં પાણી ભરવું, શાક સમારવું, રાંધવું, અડકવું વગેરે પ્રસંગો સામાન્ય બની રહ્યા છે. ત્યારે ઉપરની વૈજ્ઞાનિક સ્થિતિને તો આપણે કહીશું કે એ એક કેવળ વહેમ છે તેમ ગણીને કાઢી નાખીશું? ગુજરાતના સામાજિક કાર્યકર્તાઓ આ પ્રશ્ન ઉપર પોતાના મંતવ્યો પ્રગટ કરે એવી હું અપેક્ષા રાખું છું.

રજસ્વલા સ્ત્રી અસ્પૃશ્ય શા માટે ગણાવી જોઇએ. તેની આ એક વૈજ્ઞાનિક આવૃત્તિ છે: પ્રાચીન સંસ્કારને આ માહિતીથી ભારે પ્રમાણભૂત બળ મળે છે.

હવે આપણે રજસ્વલાની વિહારજન્ય ક્રિયાઓ જોઈએ. રજસ્વલા સ્ત્રીને આ દિવસોમાં આરામ કરવાની ભલામણ કરવાની હોય છે. પણ આ ભલામણના સ્થાને આજે તો હરવું ફરવું, સાયકલ ચલાવવી, ઘોડેસવારી કરવી, નહાવું ધોવું અને આજના શહેરી જીવનમાં લાગણીતંત્રને ઉશ્કેરી મૂકે તેવાં દશ્ય-મિલનોમાં જવું, જોવું એ સ્વાભાવિક થઈ ગયું છે.

(પ્રવાસી)

卐

# જ્ઞાન ગોચરી

શ્રી ગવેષક

વિવિધ સામયિકોમાં તેમજ અન્યાન્ય પ્રકાશનોમાં પ્રગટ થયેલી કેટલીક જાણવા-સમજવા જેવી હકીકતો, તે તે પ્રકાશનોમાંથી, સામયિકો તથા પુસ્તકોમાંથી ઉદ્દધૃત કરીને 'કલ્યાણ'ના વાચકો માટે અહિં રજૂ થાય છે.

—o—

## મોસ્કોની ભૂગર્ભ રેલ્વે

કોઈ મોસ્કોવાસીને પૂછો, મોસ્કોમાં ખૂબ ઝડપી અને સગવડભર્યું વાહન કયું ? તો તે જવાબ આપશે કે 'મેટ્રો.' એ મોસ્કોવાસીઓનું માનીતું વાહન છે. મોસ્કોના ભૂગર્ભ વિજળીક રેલ્વેને લોકો મેટ્રો કહે છે. એમાં જરાય ખોટું નથી. કેમકે એના ભૂગર્ભ સ્ટેશનો આલીશાન મહેલો સરખાં છે. એમાંનું સ્થાપત્ય સોવિયેત પાટનગરના જુદા જુદા લત્તા અને ઉપનગરોને બંધ બેસતું છે.

મોસ્કો ભૂગર્ભ રેલ્વેની લંબાઈ અત્યારે ૮૦ કિલોમિટર એટલે કે ૫૦ માઇલથી વધુ છે. તેનાં ૫૫ સ્ટેશનો છે. મેટ્રો દરરોજ ૨૫ લાખ મુસાફરોને લઈ જાય છે. ગિરદીના સમયે ગાડીઓ દર બે મિનિટ કે એથી યે ઓછા સમયાંતરે દોડતી રહે છે. મોસ્કો ભૂગર્ભ રેલ્વેનું વિશાળ અને જટિલ તંત્ર ઘડિયાળની નિયમિતતાથી કામ કરે છે. મેટ્રોનો કાયદો છે કે તે કલાકો અને મિનિટનાં જ નહિ પણ સેકન્ડની ગણતરીએ નિયમિતતા જાળવે છે. એક પણ ગાડી સ્ટેશન કે બુગદામાં એક સેકન્ડ પણ વધુ રોકાતી નથી. રેલ્વે રોજના ૨૦ કલાક ચાલે છે અને એ દરમ્યાન લગભગ ૪૦૦૦ ગાડીઓ એના પાટા પર દોડે છે.

## તાજી અને ઠંડી હવા

ટૂંકી મુસાફરીને અનુરૂપ એવી તમામ જરૂરી સગવડો ડબામાં આવી છે. બેઠકો નરમ અને સુંવાળી હોય છે. આખો ડબો ડઝનબંધ વીજળીના દીવાઓથી ઝગઝગીત રહે છે. ડબા અને સ્ટેશનોમાં માણસ પોતે જમીનની હેઠળ છે એ વાત જ ભૂલી જાય છે, કેમકે હંમેશા તાજી અને સ્વચ્છ હવા મળતી હોય છે. ઉનાળામાં બુગદામાં ઠંડી હવા અને શિયાળામાં હુંફાળી હવા ફુંકાય છે.

મેટ્રોની ગાડીઓ અને તેને વીજળી પૂરી પાડતું પાવર સ્ટેશન સ્વયંસંચાલિત છે. ગાડીઓ ઝડપથી ઉપડે છે અને તેની વીજળીની ખાસ બ્રેકો ભરોસાપાત્ર અને ચોકસાઈભરી છે. વાહન વ્યવહારનું નિયમન સ્વયંસંચાલિત સિગ્નલ પદ્ધતિ દ્વારા થાય છે. જો ડ્રાઈવર કોઇ કારણસર લાલબત્તી આગળ ગાડી થોભાવી શકયો ન હોય તો 'ઓટો સ્ટોપ' એટલે કે ખાસ સ્વયંસંચાલિત યુક્તિ દ્વારા બ્રેકો આપોઆપ લાગે છે અને ગાડી ઉભી રહે છે.

## આરસના મહેલ

મોસ્કો ભૂગર્ભ રેલ્વે પાટનગરનો સૌથી ઝડપી, સસ્તો અને સગવડભર્યો વાહન વ્યવહાર

છે એ હકીકતને બાજુએ રાખીએ તો પણ એનું એક મોટું મહત્વ એ છે કે-તે સોવિયેત કલા અને સ્થાપત્યનું એક પ્રદર્શન છે.

મેટ્રોનાં સ્ટેશનો સુંદર સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રોથી રળિયામણાં લાગે છે. ઉચ્ચ કલા-પૂર્ણ મ્યુરલ દીવાલ ચિત્રો, શિલ્પ અને ઉપસેસાવેલાં ચિત્રો દ્વારા સોવિયેત જનતાના સર્જનાત્મક પુરૂષાર્થને બતાવવામા આવ્યો છે. મોસ્કો મેટ્રોના સ્ટેશનોમાં ભૂતકાળના ક્રાંતિકારી બનાવોનાં દ્રશ્યો જોવા મળે છે.

સ્ટેશનોના સુશોભનમાં ઉત્તમ આરસ, ગ્રેનાઇટ, ચીનાઈ માટી, કાંસુ અને સ્ટેનલેસ-સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દરેક સ્ટેશન એના સ્થાન અને નામ મુજબ આગવાં લક્ષણો ધરાવે છે.

મોસ્કો આવતા પરદેશી મહેમાનોએ મેટ્રો જોઇને હંમેશાં આનંદ વ્યક્ત કર્યો છે. એક અમેરિકી પ્રતિનિધિમંડળના સભ્યની આ નોંધ લાક્ષણિક છે "અમે ઘણા દેશોમાં ભૂગર્ભ વાહન વ્યવહાર જોયો છે, પરંતુ અમને લાગે છે કે સોવિયેત મેટ્રો એ બધાથી ચડી જાય છે. તમારો આ વાહન વ્યવહાર માત્ર સગવડ. ઝડપ અને સલામતીને ધ્યાનમાં રાખીને રચાયો છે એટલું જ નહિ પરંતુ તમે એનાં સ્ટેશનોને સુંદર સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રો આપી લોકોની કલાની જરૂરિયાત પણ સંતોષી છે. આ અમારે માટે નવી વસ્તુ છે. આ બધું સામાન્ય રીતે કલા પ્રદર્શનોમાં જોવા મળે એવું છે"

## માયકોવ્સ્કી સ્ટેશન

આ નાનકડા લેખમાં સોવિયેત મેટ્રોના સ્ટેશનોનું વિગતવાર વર્ણન કરવું શકય નથી પરંતુ ૧૯૩૮ માં બંધાયેલ માયકોવ્સ્કી સ્ટેશન કેવું છે એ જોઇએ, મહાન ક્રાંતિકારી કવિ માયકોવ્સ્કીની યાદગીરી રૂપ આ સ્ટેશન છે.

એ સ્ટેશનના પાસાદાર થાંભલા કાળા આરસના છે અને તેના ઉપર બે થાંભલાને જોડતી ટીનલેસ સ્ટીલની કમાનો છે. થાંભલાની પગથીઓ "ઓરલેટ" નામના લાલ-કાળા મૂલ્યવાન પત્થરમાંથી બનાવી છે. એના અંડાકાર ઘુંમટમાં રંગીન કટકીઓ વડે સુશોભન કરવામાં આવ્યુ છે. આ આખુંય સ્ટેશન જાણે સ્થાપત્યની કવિતા હોય એવું લાગે છે. સોવિયેત કવિને એ એક યોગ્ય અંજલી છે.

## ભાવિ વિકાસ

મોસ્કો ભૂગર્ભ રેલ્વેની લંબાઈ સતત વધતી રહી છે. યુદ્ધ દરમ્યાન પણ એને લંબાવવામાં આવી હતી. અત્યારે એ ૫૦ માઇલની છે. ૧૯૬૫ માં પૂરી થતી ચાલુ સપ્ત વર્ષીય યોજના દરમ્યાન તેની કુલ લંબાઈ ૧૧૫ કિલોમિટર થશે અને નવાં ૨૦ સ્ટેશનો ઉમેરાશે.

મોસ્કો ભૂગર્ભ રેલ્વે ઉપરાંત સોવિયેત સંઘમાં લેનિનગ્રાડમાં પણ ભૂગર્ભ રેલ્વે છે જેનો પહેલો ભાગ થોડાં વરસો પહેલાંજ ચાલુ થયો છે. ત્રીજો ભૂગર્ભ રેલ્વે માર્ગ આ વરસે યુક્રેઈનના પાટનગર કીવમાં ખુલ્લો મૂકાશે.

ઇ૦ પ્રાકાવ્સ્કી.

o

## વકીલ અસીલનો આડતીયો નથી

"આ ન્યાયખંડ એ ન્યાયનું પવિત્ર મંદિર છે. વકીલ અને ન્યાયાધીશ એ મંદિરના સમાન હિસ્સેદાર પૂજારીઓ છે. બધાનો હેતુ ન્યાયની પ્રાપ્તિની-સત્યની પ્રતીતિ કરવાની હોય છે. આરોપની સત્યતા કે બનાવટ, સુનાવણી દ્વારા મળે છે અને સુનાવણી એ સત્ય શોધવાની ક્રિયા છે. ધીમું શ્રમયુક્ત, ગુંચવણભરી અને શંકાયુક્ત આ સંશોધન માલુમ પડે છે, પણ આપણે બધા સત્યની શોધમાં હોઇએ છીએ. આ શોધ ભવ્ય છે અને એ શોધમાં જે રોકાયા હોય છે તેઓ માનવંત છે.

## ઉન્નત વ્યવસાય

માનવ સ્વભાવની અસ્થિરતા તથા માનવ ઊર્મિઓની પ્રબળતાને કારણે કદાચ આપણે ખોટી માન્યતા ધરાવીએ છીએ, ને કોઈક વખત તેને કારણે જે મહાન હેતુ છે એ પ્રાપ્ત કરવાને બદલે દૂર પણ જઈએ છીએ. પ્રકૃતિ, કલ્પના અને લાગણીઓ આપણને આ સંશોધનમાં ખોટે માર્ગે પણ લઈ જાય તેવો સંભવ છે. આપણે એ મહાન સૂત્રને કદી ભૂલીએ નહિ કે સારાં પરિણામની આશાએ પણ આપણે અનિષ્ટ આચરવું નહિ.

'હું ધારાશાસ્ત્રીને કહીશ કે તમારા હૃદયમાં વહેતા લોહી જેટલો તમારો ઉત્સાહ ભલે ઉષ્માભર્યો રહે. પણ તેના પર સ્વમાન અને વિવેકની મર્યાદા રહેવા દેજો, તમારી સ્વતંત્રતા ભલે દઢ અને અફર રહે, પણ તેને અંગત નમ્રતાથી શોભાવજો.

## ભ્રામક માન્યતા

'વકીલ એના અસીલનું વાજીંત્ર છે. એ માન્યતા ભ્રમભરેલી છે. તેની પદવી એનાથી ઉચ્ચ છે. તેને વાજીંત્ર કહેવો તે તેને નીચે ઉતારવા જેવું છે. એ પ્રતિનિધિ છે, પણ આડતિયો નથી. તે તેના અસીલને તેની વિદ્વત્તા, તેની બુદ્ધિ અને તેની સમતોલ વિચારણાનો લાભ આપે છે; પણ તે બધા વખત દરમ્યાન તેની તેના પોતા પ્રત્યે તથા અન્ય પ્રત્યે શી ફરજ છે? તે તેણે ભૂલવું જોઇએ નહિ.

'પોતાના અસીલને જીતાડવા માટે તે કાયદાની જાણી બુઝીને ખોટી રજૂઆત કરશે નહિ કે હકીકતોને ઇરાદાપૂર્વક ખોટી રીતે રજૂ કરશે નહિ. તેણે એ વાત હંમેશ યાદ રાખવાની છે કે તે ભલે એક વ્યક્તિનો વકીલ રહ્યો અને ભલે તેને તે માટે મહેનતાણું મળ્યું હોય, તે છતાં તેને પહેલાં એક સનાતન બ્રીફ મળેલી છે અને તે એ છે, સત્ય અને ન્યાયની. એ પ્રાથમિક અને સર્વોપરી બ્રીફમાંથી તેને મુક્ત કરનાર કોઈ સત્તા નથી.

(ન્યાયમૂર્તિ શ્રી કેમ્પટન)

o

## ગાંડાઓની સંખ્યામાં વધારો

લડાઇ અને મોંઘવારીની અસર સમાજ પર ઘણી ગંભીર થાય છે અને તેને પરિણામે સમાજના માનવીઓના મન પર તેની ગંભીર અસર પડે છે. આપણે ત્યાં મોંઘવારી વધવાને લીધે ભેળસેળ તથા છેતરપીંડીનું પ્રમાણ વધ્યું છે તેમ બીજી તરફ સમાજમાં પણ અશાંતિ ફેલાઈ છે અને મનુષ્યોના મન વધારે ચિંતાતુર વ્યગ્ર તથા તંગ બન્યા છે. બદલાતા વાતાવરણ સાથે અનુકૂળ ન થઇ શકનારાઓની સંખ્યા વધવા લાગી છે અને ગાંડપણના રોગનું પ્રમાણ વધ્યું છે. જેને રીતસરનું ગાંડપણ કહી શકાય એવા કિસ્સાઓ ઉપરાંત માનસિક અશાંતિથી પીડાનારાઓની સંખ્યા પણ વધી છે.

મુંબઈ રાજ્યમાં થાણા, યરોડા અને અમદાવાદના ગાંડાની ઈસ્પીતાલોમાં અસાધારણ ધસારો થવા પામ્યો છે. ગાંડપણ માટે ગાંડાની ઈસ્પીતાલો જોઈએ તેવી સેવા બજાવી શકતી નથી, કારણ કે આ માનસિક રોગના ક્ષેત્રમાં ઘણું સંશોધન થયું હોવા છતાં હજી ઘણુંજ કરવાનું બાકી રહે છે.

મનુષ્યને માનસિક શાન્તિ મળે અને સમાજમાં ગાંડાઓની સંખ્યા વધવા ન પામે તે બાબતમાં સાચી સેવા તો આપણા સમાજના સાધુ-સંતોજ બજાવી શકે તેમ છે. શિક્ષણમાં પણ જો નૈતિક શિક્ષણને યોગ્ય સ્થાન આપવામાં આવે તો આ બાબતમાં ઘણું કરી શકાશે.

o

## ગેરવહીવટનો નમૂનો

સરકારી તંત્રની ટીકા કરનારાઓને ટીકાખોરો ગણવામાં આવે છે, પરંતુ આવી ટીકાઓ પછી યોગ્ય પગલાં બહુ ઓછા કિસ્સામાં ભર-

વામાં આવે છે અને તેને લીધે સડો ઘટવાને બદલે વધતો જાય છે.

મુંબઈ રાજ્યની પ્રગતિશીલ સરકારના નાગરિક પુરવઠા ખાતાના વધારાના મંત્રી અને નાણાંકીય સલાહકારે દશ હજાર ટન જુવાર ખરીદવા માટે એક એવી પેઢી સાથે કોંટ્રેકટ કર્યો હતો કે જે પેઢી અસ્તિત્વજ ધરાવતી ન હતી. આ કોન્ટ્રેકટને પરિણામે સરકારને ચાર લાખ રૂપીયાની ખોટ ગઈ હતી.

સામાન્ય રીતે માલ પૂરો પાડવામાં આવે ત્યારબાદ પૈસા ચૂકવવામાં આવે છે પરંતુ ડીપોઝીટ અને સીકયુરીટીના નામે અગાઉથી જ મોટી રકમો ચુકવવાનો શિરસ્તો થઈ પડયો છે ત્યાં પછી આવા ગોટાળા ન થાય તો બીજું થાય પણ શું? હવે આ બાબતમાં મધ્યસ્થ સરકારનો દોષ કાઢવામાં આવે છે અને એ રીતે આ ખેતીવાડી ખાતાની નબળાઇ ઢાંકવાનો પ્રયાસ થઇ રહ્યો છે.

(મુંબઈ સમાચાર)

## ફેફસાંના કેન્સરનું ચોકકસ કારણ તમાકુ

લંડનના ફુલુલણુમ ખાતેના ચેસ્ટર બેટટી ઇન્સ્ટીટયુટના પ્રોફેસર એરિક બોયલેન્ડે એક પત્રકારોની પરિષદ સમક્ષ જણાવ્યું હતું કે, ત્વરિત ગતિએ થતા કેન્સરનું કારણ તેમણે શોધી કાઢયું છે, એમ તેમનું માનવું છે.

ઈસ્ટ બર્લિન ખાતે કેન્સર વિષે શોધખોળ કરનારાઓના પાંચ દિવસના સંમેલનની સમાપ્તિ બાદ આ પત્રકાર પરિષદ બોલાવવામાં આવી હતી. આ સંમેલનમાં ૧૮ દેશોના લગભગ ૯૦ જેટલા વૈજ્ઞાનકો હાજર રહ્યા હતા.

પ્રોફેસર બોયલેન્ડે જણાવ્યું હતું કે, 'ગઈ સદીમાં જર્મનીનાં રસાયણ ઉદ્યોગનાં અમુક વિભાગમાં કામદારોને લગભગ ચોકકસપણે થતું ફેફસાનું કેન્સર સામાન્ય પ્રજાને થતાં કેન્સરથી જુદું જણાયું નથી અને તે થવાનાં કારણો મળી આવ્યા છે. આ કેન્સર થવાનું કારણ એક જ છે અને તે પેશાબમાં છુપી રીતે પ્રોટીનની હાજરી. બ્રિટનમાં ફેફસાંના કેન્સરનું પ્રમાણ અમેરિકા કરતાં બમણું અને જર્મની કરતાં ચાર ગણું છે. આનું કારણ બ્રિટનના લોકોમાં તમાકુ પીવાની આદત ઘણી જુની છે તેમજ તે દેશનું હવામાન પણ બગડેલું છે.

આ સંમેલનમાં આવેલા કેટલાક બીજા વૈજ્ઞાનિકોએ ફેફસાંના કેન્સરના કારણરૂપ અત્યંત તમાકુ પીવાની ખરાબ અસરો વિષે ચેતવણીના સુર ઉચ્ચાર્યા હતા.

(પી. ટી. આઇ)


### આત્મ કલ્યાણ માટે અનોખી યોજના

એકાંત, શાંત અને પવિત્ર વાતાવરણમાં ધર્મારાધના કરવાની સુંદર તક છે. સર્વવિરતિ ચારિત્રધર્મના સાધ્યપૂર્વક અંશે પણ દેશવિરતિ ધર્મનું આરાધન કરવું અને કરાવવું એ આ સંસ્થાનો ઉદ્દેશ છે. ( ફક્ત પુરુષો માટે )
પાલીતાણા તળેટીના પવિત્ર વાતાવરણમાં જીવન સુવાસ પ્રગટાવવા માસિક રૂ. ૪૦, માં રહેવા તથા જમવાની ઉત્તમ સાનુકૂળતા. વિશેષ વિગત માટે મળો યા લખો.
**શ્રી જૈન શ્વે. મૂ. મુમુક્ષુ શાંતિનિકેતન**, તલાટી, ગિરિવિહાર **પાલીતાણા.**

મખર નાસ્તિકોને પણ મૂંઝવણમાં મૂકે તેવાં પૂર્વજન્મને સાબીત કરનારા

# કેટલાક પ્રસંગો

ભલ-ભલા નાસ્તિક જડવાદી વર્ગને વિચાર કરતા કરી મૂકે તેવા આત્મા, પુણ્ય, પાપ તથા પરલોકને સાબીત કરનારા કેટલાક વર્તમાનના બનાવો અહિં સંગૃહીત કરીને મૂકયા છે. આ કિસ્સાઓમાં ઠેઠ ૧૯૩૨ (ઇ. સ.) થી માંડીને (ઇ. સ.) ૧૯૫૯ સુધીના પ્રસંગો આવી જાય છે. અહિં રજૂ થતા ચારે કિસ્સાઓ ભલ-ભલા નાસ્તિકોને પડકાર ફેંકે તેવા છે. તાજેતરનો સુવર્ણલતાનો કિસ્સો તો સૌથી વધુ આશ્ચર્યકારક છે, તેના ત્રણ જન્મ વિષે તે જ્ઞાન ધરાવે છે. પૂર્વજન્મોનું જ્ઞાન જૈનશાસનમાં જાતિસ્મરણ જ્ઞાન તરીકે ઓળખાવાય છે. તે મતિજ્ઞાનનો એક ભેદ છે. એથી ક્ષયોપશમની વિચિત્રતાથી એમ પણ બને કે, પહેલાનું યાદ આવે, ને પાછળ-પછીનું ન પણ યાદ આવે.

આજના જડવાદી માનસ ધરાવનારા વર્ગને મૂંઝવણમાં મૂકી દે તેવા છતાં શાસ્ત્રીય-જૈન-શાસનના સિદ્ધાંતની દૃષ્ટિએ સમજી શકાય તેવા આ કિસ્સાઓ વાંચતાં એ સમજી શકાય છે કે, વર્તમાનજન્મ એ ભૂતકાલીન જીવનનું પ્રતિબિંબ છે, માટે તેમાં સ્વપુરૂષાર્થ દ્વારા ભાવિ જીવનને ઉન્નત બનાવવા ધર્માચરણ આચરી, પારલૌકિક શ્રેય સાધવા સર્વ કોઇએ ઉજમાળ રહેવું, નહિંતર જન્મ, મરણની આ ઘટમાળનો કદિયે અંત નહિં આવે.

તેમજ ન્હાની પણ વયમાં આત્મા પોતાના પૂર્વ સંસ્કારોથી બીજાઓ કરતાં અમુક વિશિષ્ટતા ધરાવનાર હોઇ શકે છે. એ હકીકત આથી સિદ્ધ થાય છે.

★

સને ૧૯૩૨ ૩૩ના અરસામાં એક "શાંતિદેવી" ના પુનર્જન્મના કિસ્સાએ ઠીક ઠીક ધ્યાન ખેંચ્યું હતું. આ શાંતિદેવી, વર્તમાન પત્રોમાં જાહેર થયા પ્રમાણે ચાર વર્ષ સુધી તો બોલી શકતી નહોતી; આથી તેના મા-બાપ સ્વાભાવિક મૂંઝાયા હતા. અજાયબ જેવું હતું કે તે વર્ષ દરમ્યાન પ્રસંગોપાત આ સાધારણ મૂંગી રહેતી છોકરી એકદમ બોલવા ઉપર ઉતરી પડતી હતી ત્યારે લાંબા પ્રવચનો કરતી ત્યારે તે કહેતી હતી કે તેનાં પુનર્જન્મનું ઘર મથુરામાં હતું. તેનો નવો જન્મ દીલ્હીમાં થયેલો હતો. જ્યારે તે આઠ વર્ષની થઇ ત્યારે તે કહેતી કે એક કેદારનાથ ચોબે તેના પૂર્વાવતારનો પતિ હતો. શાંતિદેવીના પિતાના એક મિત્રે આ હકીકત ચોબેને જણાવેલી હતી.

૧૯૩૬ માં ચોબે દીલ્હીમાં આવ્યા હતા. અને શાન્તિદેવીના ઘરની મુલાકાત લીધી હતી. શાંતિદેવીએ તરત તેના પતિને ઓળખ્યો હતો. અને તેની પોતાની માતાને તેને માટે તે ખાસ પસંદ કરતો હતો તેવી વાનીઓ બનાવવા સૂચવ્યું હતું. ત્યાર પછી તેને મથુરા લઈ જવામાં આવી હતી. ત્યાં તેણે તેના પૂર્વાવતારના ઘરમાં તેની બધી જ વસ્તુઓ ઓળખી બતાવી હતી. આ કિસ્સાની ઝીણવટથી તપાસ કરવામાં આવી હતી અને પંદર માણસોની બનેલી તપાસ સમીતિએ તે હકીકત ખરી હોવાનું જાહેર કરેલું હતું.

આ કિસ્સાથી દસ વર્ષ અગાઉ બરેલીના એક કોઇક નંદન સૂહાર્યે આ પ્રકારના કેટલાક કિસ્સાઓનો અભ્યાસ કરેલો હતો.

આવો એક કીસ્સો એક વિશ્વનાથ નામના છોકરા વિષે હતો, તે છોકરો બરેલીના ખન્ના મહોલ્લાનાં તા-૭ ફેબ્રુઆરી ૧૯૨૧ના રોજ જન્મ્યો હતો તે છોકરો જ્યારે દોઢ વર્ષનો હતો ત્યારે તે ઉત્તર પ્રદેશમાં આવેલા પીલીભીત

નામના ગામ વિષે વારેવારે પૂછતો હતો. ત્રણ વર્ષની વયે તે તેના પૂર્વજન્મની હકીકત વિગતવાર કહેતો હતો. કેટલાક વખત પછી તેને પીલીભીત લઇ જવામાં આવ્યો હતો. ત્યાં તેણે તેનું જૂનું ઘર તથા તેના ત્યારના પાડોશીઓના ઘર બતાવ્યા હતાં. તેણે તેની તે વખતની એશ-આરામની જીંદગીનું વર્ણન આપ્યું હતું. આ છોકરા વિશ્વનાથે કહેલી હકીકતને પીલીભીતનાં સંભવિત ગૃહસ્થોએ પુષ્ટિ આપેલી હતી.

મજકુર શ્રી સહાયે તપાસ કરેલો બીજો કીસ્સો હલ્દવાના સ્ટેશન માસ્તર શ્રી શ્યામસુંદરલાલની પુત્રી હીરાકુંવરનો હતો. એમ કહેવામાં આવ્યું હતું કે તે પૂર્વજન્મમાં છોકરો હતી. અને મથુરા જિલ્લાના ગોકુળ ગામે ઓકટોબર ૧૯૧૬ માં જન્મેલી હતી. ૧૯૨૨માં જ્યારે તેના પિતાએ તેને સાથે લઇને તે ગામની મુલાકાત લીધી હતી. ત્યારે તેણે તેના વિષે માહિતી ભેગી કરેલી હતી. એમ કહેવામાં આવે છે કે જ્યારે તેઓ (પિતા–પુત્રી) આ ગામમાંથી પસાર થતાં હતા ત્યારે તેઓ નાના ઘર આગળથી પસાર થતા હતાં, ત્યાં એક વૃદ્ધ સ્ત્રી બેઠેલી હતી તે સ્ત્રી પાસે હીરાકુંવર દોડી ગઈ હતી અને તેને હિરાએ પોતાના પૂર્વજન્મ વિષે કેટલાક પ્રશ્નો પૂછયા હતા, ને વૃધ્ધ સ્ત્રી આ સવાલો સાંભળીને આશ્ચર્ય પામી હતી. તેણે કહ્યું હતું કે, કેટલાક વર્ષો અગાઉ તેનો બાર વર્ષનો એક પુત્ર ડુબવાથી મરણ પામ્યો હતો.

૦

થોડા સમય ઉપર આવો જ એક કિસ્સો જાણવામાં આવેલો હતો તે બીસા ઉલીની એમ. એલ. કોલેજના લેકચરર બંકીલાલ શર્માના પુત્ર પ્રમોદ વિષે હતો. તે બહુ જ નાની વયે 'મોહન' અને 'મુરાદાબાદ' બોલતો હતો. થોડા વખત પછી ક્યારે ક્યારેક તે એક બીસ્કીટની દુકાન આગળથી પસાર થતો હતો ત્યારે તે કહેતો હતો કે તેની પોતાની દુકાન છે. તે દુકાન મોટી હતી અને તેની તે દુકાનનું નામ 'મોહન' બ્રધર્સ હતું. મુરાદાબાદના ટાઉન હોલ પાસે તેની તે દુકાન હોવાનું તે કહેતો હતો. તદુપરાંત તેના પૂર્વજીવન વિષે તે બીજી પણ ઘણી હકીકત કહેતો હતો. તેની ખાત્રી કરતાં તે સાચી હોવાનું જણાયું હતું.

૦

થોડા સમય ઉપર રાજસ્થાનના શ્રી ગંગાનગરના 'શેઠ સોહનલાલનાં માનસશાસ્ત્રના સ્મારક ભવનમાં આવો એક કિસ્સો રિપોર્ટ કરવામાં આવેલો હતો. તે કિસ્સો આગ્રાના પોસ્ટ માસ્તર પી. એન. ભાર્ગવની પાંચ વર્ષની વયની પુત્રી મંજુલતા વિષે હતો. મંજુ અઢી વર્ષની હતી ત્યારથી તે કહેતી હતી કે તેને બે મકાનો હતાં, તે તેનું વર્ણન આપતી હતી અને કહેતી હતી કે તેમાં મોટા ઓરડાઓ હતા અને તેમાં વીજળીની બત્તીઓ હતી. શરૂ–શરૂમાં તો તેના આ કથનો કોઇ ધ્યાનમાં લેતું નહોતું; પરંતુ જ્યારે જ્યારે તે આગ્રાના ધુળિયાગંજમાંના એક મકાન પાસેથી પસાર થતી હતી ત્યારે તે કહેતી હતી કે "અમારૂં ઘર છે" ત તેના પિતાને ઘેર પાછી આવી ત્યારે તે રડતી હતી અને કહેતી હતી કે "મારે ધુળિયાગંજવાળા મકાને જેવું છે. મારા અગાઉના જમાનામાં હું ત્યાં રહેતી હતી."

એક દિવસ, મંજુની મા તેને તે ઘેર લઇ ગઈ હતી. તે ઘરના માલિક શ્રી પ્રતાપસિંહ ચતુર્વેદી વકીલ હતા. તે ઘરમાં મંજુએ તેના પૂર્વ જીવનની કેટલીક વસ્તુઓ ઓળખી બતાવી હતી. કેટલાક વખત પછી જાણવામાં આવ્યું હતું કે આ શ્રી ચતુર્વેદીના કાકા બીશેશ્વરનાથ ચતુર્વેદીની સ્ત્રી, જે ફિરોઝાબાદના બોર્ડકા મહોલ્લામાં રહેતી હતી, તે ૧૯૫૨ માં ગુજરી ગયેલી હતી. અનુમાન કરવામાં આવ્યું હતું.

કે તે શ્રી ભાર્ગવની પુત્રી તરીકે જન્મેલી હતી.

પછી મંજુને ફિરોઝાબાદ લઇ જવામાં આવેલી હતી. ત્યાં તેણે તેના પૂર્વજન્મ સાથે સંકળાયેલા કેટલાક શખ્સોને ઓળખી બતાવ્યા હતા.

આજના વિજ્ઞાનવાદી જગતને આ બનાવો પડકાર આપે છે.

પુનર્જન્મના સિદ્ધાંતને સાબીત કરે તેવી એક દશ વર્ષની બાળાએ લોકોને આશ્ચર્ય ચક્તિ કરી મૂક્યાં છે. એ બાળાનો જન્મ મધ્યપ્રદેશના રેવા જીલ્લાના છતારપુરમાં થયો છે પણ એણે તો, જબલપુર, કટની અને મઇહરના લોકોને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દીધાં છે, જેની મુલાકાત તેણે તાજેતરમાં લીધી હતી. અને પોતાના બે પૂર્વજન્મની ઘટનાઓ અને વાતાવરણનું વર્ણન લોકો સમક્ષ કર્યું હતું.

સાગર યુનિ૦ના ઉપકુલપતિ અને મધ્યપ્રદેશના માજી ગ્રહપ્રધાન શ્રી. ડી. પી. મિશ્ર, સંસદ સભ્ય શેઠ ગોવિંદદાસ, જાણીતા લેખક ડૉ. એન. ડી. બાજપાઈ અને જબલપુરના આગેવાન વેપારી શ્રી. મણીભાઈ પટેલ આ છોકરીની ભૂતકાળની ઝાંખી સાંભળી દંગ થઇ ગયા હતા. તેણે આ જન્મમાં આસામની કદીય મુલાકાત લીધી નથી, એટલું જ નહીં બલ્કે કોઈ પણ આસામીના સંપર્કમાં આવી નથી છતાં આસામી લોકગીતો એજ મૌલિક હલક અને અભિનય સાથે ગાઇ શકે છે.

જબલપુર ખાતે તેના કાકાને ત્યાં એ બાળા અવાર-નવાર જાય છે, અને સંસદ સભ્ય શેઠ શ્રી ગોવિંદદાસને ઘેર તેણે તેના જેમને તે પૂર્વ જન્મના નાનાભાઇ તરીકે ઓળખાવે છે તે શ્રી હરિપ્રસાદ પાઠકની હાજરીમાં જે વિગતો રજુ કરી એ તેની વાતના સમર્થનમાં એક મહત્ત્વનો પ્રસંગ છે.

શ્રી પાઠક કટનીના અગ્રણી ખાણ માલિક અને કોન્ટ્રાકટર છે. તેઓએ કહ્યું છે કે એ બાળાએ તેમના કુટુંબમાં દશકાઓ પૂર્વે જે મહત્વની ઘટનાઓ બની ચૂકેલી તેની રજુઆત કરી છે.

આ બાળાના કથન અનુસાર શ્રી પાઠકના કુટુંબમાં તેનો જન્મ કટનીમાં આશરે ૧૯૦૦ ની સાલમાં થયેલ, વળી તે કુટુંબમાં ચાર ભાઇ અને બે બહેનો હતી. આ છોકરી તે સૌમાં ઉંમરે મોટી હતી અને 'બીયા' નામે ઓળખાતી, જ્યારે તે તેના નાના ભાઇને 'બાબુ' કહેતી. કહે છે કે ૪૦ વર્ષની વયે તેનું મૃત્યુ થયેલું.

આશ્ચર્ય અને રહસ્ય ભરપુર કિસ્સો રજુ કરતી આ બાળાનું નામ છે સ્વર્ણલતા મિશ્રા, અને તેના પિતા સરકારી કર્મચારી છે.

સ્વર્ણલતા તેના બીજા જન્મ માટે કહે છે કે ફરીથી આસામ રાજ્યના સીલ્હાટ્ટી ગામના એક બ્રાહ્મણ કુટુંબમાં તેનો જન્મ થયો હતો, જે ભાગ અત્યારે પૂર્વ પાકિસ્તાનના કબ્જે છે. અહીં તેના–માતા–પિતાના નામ શશીમતા અને રમેશ હતાં જ્યારે તેનું નામ 'કમલેશ' હતુ.

## નાની વયે મૃત્યુ

આસામમાં શાળાએ જવા તેને માટે ખાસ આગવી મોટર હતી. એક સવારે એ મોટરને અકસ્માત થતાં આ બાળા ઘાયલ થયેલી અને લગભગ ૯ વર્ષની વયે તેનું મૃત્યુ નીપજ્યું હતું.

પોતાનો પહેલો જન્મ કટનીમાં થયો કે બીજો એ કહેવામાં છોકરી મૂંઝવણ અનુભવે છે પણ અનુમાન કરતાં એમ દઢ થાય છે કે સીલ્હાટ્ટી ખાતે તેનો બીજો જન્મ હતો. જ્યારે 'બીયાં' (સુવર્ણલત્તા) ૧૯૩૯ માં મૃત્યુ પામેલી

ત્યારે તેની વય ૩૯-૪૦ ની હતી અને આજે જો તે જીવતી હોત તો તેની વય ૬૦ વર્ષની હોત. ૯ વર્ષની વયે તેનું સીહાટ્ટી ખાતે બીજી વખત મૃત્યુ થયું અને હાલ તેની વય ૧૦ વર્ષની છે, આ રીતે તેના પહેલા અને ત્રીજા જન્મ વચ્ચે રહેતો. ૨૦ વર્ષનો ગાળો તેના બીજા જીવનનાં વર્ષો અને હાલની વયનો સરવાળો કરતાં પુરો થાય છે.

પોતાની 'અદ્દભુત' છોકરી વિષે તેના પિતા શ્રી એમ. એલ. મિશ્રાએ જણાવ્યું છે કે સાતેક વર્ષ પહેલાં તેઓ કુટુંબસહ જબલપુરથી પન્ના તરફ મોટર ટ્રકમાં જઈ રહ્યા હતા ત્યારે ચારેક વર્ષની સ્વર્ણલતાએ ડ્રાઈવરને મોટર ડાબી તરફ હંકારવા કહેલું, જે માર્ગ કટની તરફ જતો હતો; એટલું જ નહીં તે જ્યાં જન્મી હતી એ ઘર સુધી ડ્રાઈવરને લઇ જવા કહેલું એજ રીતે બસ સ્ટેન્ડ ઉપર સારી ચા નથી મળતી માટે પોતાનાં જુના ઘેર ચા પીવાનો આગ્રહ પણ તેણે તે વખતે કરેલો તેના પિતાએ આ પ્રસંગને બાલ સહજ માની ખાસ ધ્યાન આપેલું નહિં.

ત્યાર પછી ચાર વર્ષની વયે સ્વર્ણલતાએ તેની બા સમક્ષ ગીતો ગાવાની ઈચ્છા વ્યકત કરેલી અને તેની માતા ન સમજી શકે એવી ભાષામાં ગીતો ગાઈ તેણે તેની માતાનું મન રંજન કરેલું.

તેની માતાને આ બનાવે દાકતરી સલાહ માટે પ્રેર્યાં તેના પિતાએ સ્થાનિક ડો. મુખરજીનો આ બાબતમાં સંપર્ક સાધ્યો હતો અને તેઓ સમક્ષ પણ બાળાએ પેલાં લોકગીતો ગાયેલાં, ડોકટરે કહેલું કે તે બંગાળી મિશ્ર આસામી ભાષા બોલે છે, જેનો ડોકટરને પરિચય હતો વધુમાં જણાવેલું કે બાળાની માનસિક સ્થિતિ માટે જરાય ચિંતા કરવા જેવી નથી. વધુમાં ગંગાનગરની માનસ ચિકિત્સા સંસ્થાના ડીરેકટર શ્રી. બેનરજીએ માર્ચ ૧૯૫૯માં છતારપુરની મુલાકાતે જઈ 'અદ્દભુત બાળા' વિષેની પુરી માહિતી મેળવી હતી, તેઓએ બાળાને પૂર્વજન્મ અંગે પ્રશ્નો પૂછી તેના જવાબોનું 'ટેપ રેકોર્ડીંગ' કરી લીધું હતું અને પાઠક અને લાગતા વળગતાને પૂછીને કથાનું સમર્થન મેળવ્યું હતું. શ્રી. એચ. પી. પેસ્તોર 'સોહમ', સુધરાઈના માજી પ્રમુખે પણ પૂર્વના બે જન્મની માહિતિ બાળા પાસેથી મેળવી હતી, તેમનું માનવું છે કે "બાળાના પૂર્વ જન્મની કહાણી વજુદવાળી છે અને મને ભય છે કે બાળા એક-બે વર્ષમાં પૂર્વજન્મની વિગતો ભૂલી જશે, જે એક રીતે તેને માટે લાભકર્તા થશે" શ્રી. પેસ્તોરે સૂચન કર્યું છે કે બાળા તેના પૂર્વજન્મો વીસરી જાય તે પહેલાં તેનું ચિત્ર ઉતારવું જોઇએ, જેમાં તેનાં ગીત નૃત્ય આદિ મઢી લેવાં જોઈએ.

બાળાના પિતા જણાવે છે કે, ગઇ ૧૨ મી એપ્રીલે બાળાના પૂર્વજન્મના ભાઈ શ્રી. પાઠકે છતારપુરની મુલાકાત લીધેલી અને એ દરમ્યાન ઘરની વિગતો, વપરાશની ચીજો, કુટુંબના મહીત્વના બનાવો અને અન્ય માહિતિ માટે પ્રશ્નો પૂછ્યા હતા. શ્રી. પાઠકે કટની પાછા ફર્યા બાદ જ્યાં 'બીયા' (સ્વર્ણલતા) પરણી હતી તે મહીયર ગામે તેના ભૂતકાળના પતિને આ વાતની જાણ કરી હતી.

આથી ૬૨ વર્ષની વયના મરનાર 'બીયા'ના પતિ અને પુત્ર મુરલી છતારપુરની મુલાકાતે ગયેલા અને એ બંનેને સ્વર્ણલતાએ ઓળખી કાઢેલા, એટલું જ નહિ. બાળાએ જૂના ગૃપ ફોટોમાંથી શ્રી પાંડેને શોધી કાઢેલા.

બાળાના પિતાએ કુટુંબ સહિત ગઇ ૧૩ મી જુલાઇએ કટનીનો પ્રવાસ ખેડેલો, તેઓ ત્યાં પહોંચે તે પહેલાં શ્રી હરિપ્રસાદ પાઠકે વૃદ્ધ સ્ત્રી-પુરૂષોની છબીઓ એકઠી કરી તેમનાં ડ્રોઇંગ રૂમમાં ટીંગાવી દીધેલી ત્યાં પહોંચતાંજ સ્વર્ણ-

# શંકા અને સમાધાન

સમાધાનકાર: પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

[પ્રશ્નકાર: મંગલદાસ ગુલાબચંદ શાહ.]
મસૂર.

શં૦ જગચિંતામણી બન્યું ત્યારે કર્મભૂમિમાં કેટલા તિર્થંકરો વિચરતા હતા ?

સ૦ જગચિંતામણી સૂત્રની રચના થઈ ત્યારે ૨૦ વિહરમાન જિન, પાંચ ભરતના પાંચ જિન અને પાંચ ઐરવતના પાંચ જિન એમ ૩૦ જિનેશ્વર ભગવંતો વિચરતા હતા.

શં૦ વીરપ્રભુને અને નવક્ષેત્રના પ્રભુના જન્મનો તેમજ અભિષેકનો આંતરો કેટલો કે જેથી ઈન્દ્રને અભિષેકે શંકા ઉત્પન્ન થઇ ?

સ૦ નવક્ષેત્રના શ્રી તીર્થંકર પરમાત્માઓનું વર્ણન આપણે ત્યાં આવતું ન હોવાથી શ્રી મહાવીર સ્વામી ભગવાનના અભિષેકની જેમ ઇન્દ્રને શંકા થઈ છે કે નહિ તે કહી શકાય નહિ.

શં૦ આદીનાથ પ્રભુએ યુદ્ધ અટકાવ્યું નહિ ને પછી બાહુબલજીને બ્રાહ્મી અને સુંદરી સાથે સંદેશો કેમ મોકલ્યો કે પછી નિમિત્ત ?

સ૦ કેવલજ્ઞાનીઓ કેવલજ્ઞાનથી જ્યારે લાભ દેખે ત્યારે પ્રેરણાત્મક ઉપદેશ આપે છે અથવા તે જીવો સુધરે એવું નિમિત્ત સર્જે છે.

શં૦ મહાવીર સ્વામીના પહેલાં નવક્ષેત્રના પ્રભુએ કેટલી વહેલી દીક્ષા લીધી હતી ?

સ૦ અવસર્પિણીકાલના દશેક્ષેત્રના શ્રીતીર્થંકર ભગવંતોનું ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને મોક્ષકલ્યાણક બધા એક જ ટાઇમે હોય છે. એટલે પ્રભુ શ્રીવીરભગવંતની દીક્ષા કલ્યાણક પછીથી તીર્થંકરનો દીક્ષા કાલ થયો એમ ન સમજવું પણ નવક્ષેત્રના શ્રી તીર્થંકર ભગવંતોના પણ દીક્ષાદિકાલ અહિંના શ્રી તીર્થંકર ભગવંતોનો સાથે સરખામણી ધરાવે છે.

શં૦ બીજા દેવલોક સુધીના દેવોથી બત્રીશગુણી દેવીઓ કે સર્વાર્થ સિદ્ધના દેવો સહિત બત્રીસગણી ?

સ૦ ભુવનપતિથી લઈને બેજ દેવલોક સુધી દેવીઓની ઉત્પત્તિ હોય છે, ઉપરના દેવલોકમાં દેવીઓની ઉત્પત્તિ હોતી નથી તેથી બત્રીશગણી સંખ્યા બે દેવલોક સુધીના દેવો આશ્રિત સમજવી.

શં૦ જંબૂદ્વિપના સૂર્યથી ચંદ્રનું અને સૂર્યથી સૂર્યનું સીધુ અને ત્રાંસુ અંતર કેટલું ?

સ૦ જંબુદ્વીપના સૂર્યથી સૂર્યનું સીધું અંતર લગભગ એક લાખ યોજનથી કાંઈક

---

લતાએ 'લીમડા'ના ઝાડની તપાસ કરેલી, જે ઘર નજીક ફાલેલું, તેણે ભુતકાળના નાના ભાઈઓને ઓળખી કાઢયા એટલું જ નહિં બલ્કે ટોળામાં ઉભેલા એક જુના નોકરને પણ પીછાની લીધો હતો.

જ્યારે સ્વર્ણલતા પૂર્વ જન્મની કથા સંભળાવે છે ત્યાં તેની આસપાસનું બધું ભૂલી જાય છે, અને એ ભવ્ય ભૂતકાળની યાદમાં લુપ્ત થઇ જાય છે, બોલતી વખતે તેનો ચહેરો ગાંભીર્ય ધારણ કરે છે. આસામી ગીતો ગાતી વખતે ત્યાંના આદિવાસીઓની જેમ નાચવા માંડે છે, તે જણાવે છે કે જેની સાથે પોતે સીધી રીતે સંકળાયેલી ન હોય તેવા સ્થાનિક, પ્રાંતિક, અને રાષ્ટ્રીય બનાવો પણ તેના સ્મૃતિ પટ ઉપર અંકિત છે.

અધિક છે. અને સૂર્યથી ચંદ્રનું અંતર લગભગ પચાશ હજાર યોજનનું છે. તેઓનું ત્રાંસુ અંતર હોતું નથી કારણ કે બંન્ને ચર છે.

શં૦ મરૂદેવીમાતાનું આયુષ્ય, શરીર સંઘયણ કેટલું અને બાલ પાલન કેટલું ?

સ૦ મરૂદેવીમાતાનું આયુષ્ય ચોરાશીલાખ પૂર્વનું હતું. વજ-ઋષભનારાચ સંઘયણ હતું બાલપાલન કાલનો ઉલ્લેખ જોવામાં આવ્યો નથી.

શં. છાસઠ સાગરોપમથી ઝાઝેરૂ અવધિજ્ઞાન ક્યારે અને કયા ક્ષેત્રના અશ્રિત છે ?

સ૦ છાસઠ સાગરોપમથી અધિક અવધિજ્ઞાન માટે અમુક ક્ષેત્ર આશ્રિત જ અને અમુક કાલ અશ્રિત જ છે એમ સમજવું નહિ.

[પ્રશ્નકાર: શા. રમણીકલાલ નગીનદાસ થરા]

શં૦ અહિંસક ભાવ કયારે ગણાય ?

સ૦ અપ્રમત્ત ભાવે સંયમ આવ્યા પછી અહિંસક ભાવ ગણાય.

શં૦ સમક્તિ દૃષ્ટિ આત્માએ ભાવથી કરેલી એક દિવસની નવકારશીનું ફળ કેટલું ?

સ૦ નારકીના જીવો સો વર્ષ સુધી અકામ-નિર્જરાએ જે કર્મ ખપાવે તેટલાં કર્મ સમકિત દૃષ્ટિ આત્મા ભાવપૂર્વક કરેલ એક દિવસની નવકારશીના પચ્ચખાણથી કર્મનો ક્ષય કરે છે.

[પ્રશ્નકાર:–પ્રવીણચંદ્ર. એ. કોઠારી. ધ્રાંગધ્રા.]

શં૦ સિધ્ધપરમાત્માના આત્માને સિદ્ધ-શિલાએ સ્થિર થયા પછી કેવલજ્ઞાન કાયમ હોઈ શકે કે કેમ ?

સ૦ સિદ્ધ પદ પામ્યા પછી પણ કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય છે જ.

[પ્રશ્નકાર:– જયન્તિલાલ કે. વાલાણી (શરવાડા)]

શં૦ ભગવાન યોનિમાર્ગે જન્મે ખરા ?

સ૦ શ્રી જિનેશ્વર ભગવંતો પણ દુનિયાના નિયમ પ્રમાણે જન્મેલ છે.

[પ્રશ્નકાર:–શા. રીખવદાસજી ખીમાજી દાવણગેરે સીટી.]

શં૦ દેવ તથા નારકીનું જઘન્ય આયુષ્ય હજારો વર્ષનું હોય છે તો બેઉને અપર્યાપ્તા-વસ્થા કેવી રીતે સંભવે ? કારણ કે પર્યાપ્ત વસ્થા વિના જીવ જીવનક્રિયા કરી શકતો નથી તો પછી નરક અને દેવને અપર્યાપ્તાવસ્થા કેવી રીતે ઘટે ?

સ૦ નરક અને દેવગતિમાં જીવ જ્યારે ઉત્પન્ન થાય છે તે કાલે અંતરમુહૂર્ત સુધી તેઓ અપર્યાપ્તાવસ્થામાં હોય છે કેમકે તેટલા જ કાળમાં છ પર્યાપ્તિઓ પુરી કરે છે.

અપર્યાપ્તાવસ્થામાં મરે નહિ. પર્યાપ્ત અને અપર્યાપ્તાવસ્થામાં પણ જીવનક્રિયા હોય છે.

[પ્રશ્નકાર:–શા. શંકરલાલ તલકચંદ જમણપુર.]

શં૦ પલ્યોપમ કેટલા વર્ષનું થાય ?

સ૦ અસંખ્યાતાવર્ષનું એક પલ્યોપમ થાય છે.

શં૦ કોડાકોડી કેટલા વર્ષનું થાય ?

સ૦ ક્રોડ વર્ષને ક્રોડ વર્ષથી ગુણીએ તો એક કોડાકોડી થાય.

[પ્રશ્નકાર: સુરેશ. એલ. શેઠ. મુન્દ્રા. (કચ્છ)]

શં૦ દુર્લભ શું માનવું ? ધર્મપ્રાપ્તિ કે ધર્મપ્રવૃત્તિ ?

સ૦ ધર્મપ્રાપ્તિ દુર્લભ છે અને ધર્મમાં પ્રવૃત્તિ એ તેના કરતાં પણ અતિ દુર્લભ છે.

શં૦ ધર્મપ્રવૃત્તિ વગર ધર્મપ્રાપ્તિ શકય બને ખરી ?

સ૦ ધર્મપ્રવૃત્તિ પહેલાં પણ ધર્મપ્રાપ્તિ, ધર્મશ્રદ્ધા થઈ શકે છે ત્યાર પછી વીર્યોલ્લાસ જાગતાં ધમધોકકાર ધર્મપ્રવૃત્તિ ચાલે છે.

[પ્રશ્નકાર:- શા. મંગલચંદ ભૂરમલ. મદ્રાસ ૧]

શં૦ તીવ્ર આર્તધ્યાન કરવાથી કઈ ગતિ પ્રાપ્ત થાય ?

સ૦ તીવ્ર આર્તધ્યાન કરવાથી તિર્યંચ ગતિનો બંધ થાય છે.

# સંસાર ચાલ્યો જાય છે!

**વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી**

'કલ્યાણ'માં ચાલુ ઐતિહાસિક વાર્તા

## વહી ગયેલી વાર્તા

યુવરાજ કનકરથ **ઋષિદત્તા** સાથે લગ્ન કરીને રથમર્દનનગરી તરફ પાછો વળે છે. તે સમાચાર કાવેરીના રાજા સુંદરપાણિની **કન્યા** રૂક્ષ્મણીને પ્રાપ્ત થાય છે. પોતાને પરણવા નીકળેલ યુવરાજ આમ અર્ધે રસ્તેથી પાછો **ચાલ્યો** જાય એ આઘાત રાજકન્યા રૂક્ષ્મણીને વ્યથિત કરે છે. મનથી તે યુવરાજ કનકરથને વરી **ચૂકી** છે. તેનાં મનોદુઃખનો કોઇ પાર **નથી**. રાજકન્યાની પ્રિય સખી સુંદરી આનું નિવારણ કરવા **તે** કનકરથને વશ કરવા યોગિની સુલસાનો પરિચય કરે છે. પોતાની અદ્દશ્યશકિતથી યોગિની સુલસા **રાજકુમારીના** રાજભવનમાં ગુપ્ત રીતે આવે છે. ને રાજકન્યાને શાંત્વન આપે છે. રાજકન્યા તેને **મહામૂલ્ય** ભેટણું ધરે છે. સુલસા ત્યાંથી વિદાય લઇ પોતાના આવાસમાં આવે છે, ને પોતાની શકિતથી **કનકરથનું** વૃત્તાંત જાણીને પોતે પોતાની દાસી સાથે રથમર્દનનગરી તરફ જવાનું નકકી કરે છે, ને ગેબી વૃક્ષ પર તે બાજુ પ્રયાણ કરવાની તૈયારી કરે છે. **હવે વાંચો આગળ.**

*

## પ્રકરણ ૧૩ મું

### અતૃપ્તિની જ્વાળા!

**મ**ધરાતનાં અંધારાં પૃથ્વીને આવરી ચૂકયાં હતાં. ભયંકર નીરવતા વ્યાપ્ત બની ગઇ હતી. નગરીમાં પણ પરમ શાંતિ હતી. આબાલવૃધ્ધ સર્વ નિદ્રાનાં ખોળે પોઢી ગયા હતા....

હા, આવા સમયે રોગી, ભોગી અને વિલાસી સવાય કોઈ અનિદ્રાનું આરાધન કરતું નહોતું.

અને નગરી બહારના જનશૂન્ય વિસ્તારમાં તો જાણે સોપો પડી ગયો હતો. નિશાચર પશુ પંખીઓ સિવાય આ ગાઢ અંધકારમાં કોઇને રઝળવાનું મન થતું નહોતું.

આવા અઘોર અંધકાર વચ્ચે સુલસા પોતાની દાસી કુબ્જા સાથે મકાનમાંથી બહાર નીકળી અને એક વૃક્ષ તરફ ચાલવા લાગી. કુબ્જાનાં હાથમાં એક પોટલું હતું અને તે તેણે ખભા પર ઉચક્યું હતું.

મકાનના ઉત્તર ભાગમાં આવેલા ઝાડી જેવા ઉપવનમાં સુલસા આવી પહોંચી અને એક ઊંચાઈમાં નહાના છતાં ઘટાદાર વૃક્ષ પાસે ઉભી રહી. કુબ્જા પણ તેની બાજુમાં ઉભી રહી.

સુલસાએ મનમાં કંઈક જાપ કરતાં-કરતાં વૃક્ષને ત્રણ પ્રદક્ષિણા લીધી. ત્યાર પછી બે હાથ જોડીને થોડી પળો સુધી મનમાં કંઈક બોલવા માંડી.

એનો પ્રાથમિક વિધિ પુરો થયા પછી સુલસાએ વૃક્ષને નમસ્કાર કર્યા અને કુબ્જા સામે જોઇને કહ્યું: 'પહેલાં તું ઉપર ચડી જા. પોટલું મારા હાથમાં દે. પછી હું તને આપી દઈશ.'

કુબ્જાએ પોટલું સુલસાના હાથમાં મૂકયું અને તે વૃક્ષના થડ પાસે ગઈ. કુબ્જાનું શરીર

અષ્ટાવક્ર જેવું હતું. છતાં તે વૃક્ષ પર ત્વરિત ગતિએ ચડી ગઈ અને એક મજબુત ડાળ પર બેસીને કહ્યું: 'દેવી, લાવો.'

સુલસાએ પોટલું આપતાં કહ્યું: 'બરાબર બેસી ગઈ છે ને?'

'હા...'

'પોટલું એક ડાળીમાં ભરાવી દે અને તું બરાબર ડાળને પકડી રાખજે.'

'જી.' કહીને કુબ્જાએ તેમ કર્યું.

ત્યાર પછી સુલસા ઉપર ચડી ગઈ અને એક બેઠક જેવી મજબુત ડાળ પર બેસી ગઇ.

બે પળ પછી સુલસાએ ગંભીર સ્વરે કહ્યું: 'રથમર્દન નગરીના પાદરમાં અમને મૂકીને તમે પાછા આવી જજો.'

વળતી જ પળે વિજ્ઞાનના કોઇ અકલ્પનીય ચમત્કાર માફક વૃક્ષ તીર વેગે આકાશ તરફ અદ્ધર ચડયું અને જે રીતે કોઈ દેવનું વિમાન તીવ્ર ગતિએ ગગનમાર્ગે ઉડે તે રીતે સણાસણાટ કરતું વૃક્ષ રથમર્દન નગરીની દિશાએ ઉડવા માંડયું.

મંત્રશકિત એ પણ એક વિજ્ઞાન જ છે. જેમ ભૌતિકશકિતનાં ચમત્કારો સર્જતું વિજ્ઞાન સાધના વગર સિદ્ધ થતું નથી તેમ મંત્રશકિતનું વિજ્ઞાન પણ સાધના વગર સિદ્ધ થતું નથી.

ભૌતિક વિજ્ઞાનમાં બધાં સાધનો ભૌતિક જોઇએ છીએ જ્યારે મંત્રશકિતમાં મન અને આત્માની ઇચ્છાશકિત આવશ્યક બને છે.

અને મંત્રશકિતનો સાધક જ્યારે સિદ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે સિદ્ધ થયેલું વિજ્ઞાન એની જ ભાવનાનો પડઘો પાડતું હોય છે. સાધકની ભાવના સાત્વિક હોય તો મંત્રશકિત પરકલ્યાણના કાર્યમાં સહાયક બને છે અને સાધકનું મન મેલું કે સ્વાર્થી હોય તો એ મંત્રશકિત અન્યને અભિશાપ રૂપ બને છે એટલું જ નહિ પણ સાધકની પણ દુર્ગતિ કરનારૂં પુરવાર થાય છે.

સુલસા અને કુબ્જાને લઇને ઉડેલું વૃક્ષ માત્ર એક જ પ્રહરમાં રથમર્દન નગરીના પાદરમાં આવીને ઉભું રહ્યું. હજી રાત્રિના ચોથા પ્રહરની શરૂઆત થઈ હતી. સુલસા અને કુબ્જા બંને વૃક્ષ પરથી નીચે ઉતરી ગયાં. તરત વૃક્ષ તીર વેગે આકાશમાં ચડયું અને પોતાના સ્થાને જવા વિદાય થયું.

કુબ્જાએ કહ્યું: 'મહાદેવી, આપણે નગરીમાં જ જવું છે ને?'

'ના. આપણે નગરી બહારનાં કોઈ ઉપવનમાં ઉતરીશું અને સૂર્યોદય પછી નગરીમાં જઈશું.' કહી સુલસા આગળ ચાલતી થઇ. ખભે પોટલું લઇને કુબ્જા પણ પાછળ પાછળ ચાલવા માંડી.

અર્ધકોશ નગરી દૂર રહી ત્યારે એક નાનુ ઉપવન આવ્યું. નાની સરીતા દેખાણી. સરીતામાં જળ નિર્મળ હતું; પરંતુ સરીતા સાવ નાની હતી. માત્ર ગોઠણ પર્યંત જ જળ હતું. નદી પાર કરીને બંને ઉપવનમાં ગયાં અને સઘન વૃક્ષ તળે બેઠાં.

સુલસાએ બંને પગ લાંબા કર્યાં. કુબ્જા પગ દબાવવા માંડી. સુલસાએ કહ્યું: 'કુબ્જા, નદી ઘણી મજાની છે. આપણે સ્નાનાદિથી નિવૃત્ત થઈને જ નગરીમાં દાખલ થઈશું.'

'નગરીમાં ઉતારો કયાં રાખશું? આપણે બીજાં કશાં સાધનો તો લીધાં નથી.'

સુલસા આછું હસી અને હસતાં હસતાં બોલી: 'ગાંડી, સાધનો તો મારી મુઠ્ઠીમાં પડયાં છે. આ ઉપવનમાં તને ગમતું હોય તો અહીં બધું વસાવી દઉં. પણ આપણે નગરીમાં જ રહેવું છે અને કામ કરવું છે એટલે કોઈ સરસ પાંથશાળામાં આશ્રય લઇશું.'

થોડીવાર વિસામો લીધો ત્યાં ઉષાનાં અજવાળા પૂર્વગગનમાં રમવા માંડયાં. ઉપવનનાં પંખીઓ કલ્લોલ કરવા લાગ્યાં. સુલસા અને કુબ્જા પુનઃ નદીકિનારે ગયાં. બંનેએ સ્નાન કર્યું. પોટલીમાં એક ડબરો હતો. તેમાં થોડી મીઠાઈ હતી. બંનેએ ખાધી અને ત્યાર પછી નગરી તરફ ચાલવા માંડયું.

નગરી એકાદ ખેતરવા રહી હશે, ત્યારે કેટલાક પ્રજાજનો પ્રાતઃકાર્ય માટે બહાર નીકળ્યા હતાં. અને કેટલાક નગરીમાં જતા હતા. એક વૃદ્ધ ખેડૂત જેવા માણસને ઉભો રાખીને સુલસાએ પૂછ્યું. 'શ્રીમાન, અમે પરદેશી છીએ. આ નગરીથી સાવ અપરિચિત છીએ. યાત્રાર્થે નીકળ્યાં છીએ. આ નગરીમાં અમારે થોડા દિવસ રહેવું છે, તો નગરીમાં ઉત્તમ પાંથશાળા કઈ બાજુ હશે ?'

ભોળા ખેડૂતે કહ્યું: "માતા, આ નગરીમાં ઘણી પાંથશાળાઓ છે; પરંતુ પૂર્વ દરવાજા પાસેની અશોક પાંથશાળા ઘણી ઉત્તમ છે."

"પૂર્વ દરવાજે કયે રસ્તેથી જવું ?" કુબ્જાએ સવાલ કર્યો.

"સામે દરવાજો દેખાય તેમાં દાખલ થઈને થોડેક આગળ જજો એટલે એક મોટો ચોક આવશે. એ ચોકમાં ચાર રસ્તા ભેગા થાય છે. ડાબા હાથના રસ્તે તમે ચાલ્યા જજો. એ રસ્તો સીધો પૂર્વ દરવાજે જશે."

"ધન્યવાદ. મા ભૈરવી તમારૂં કલ્યાણ કરે !" કહીને સુલસા આગળ ચાલવા માંડી.

સૂર્યોદય થઈ ગયો હતો.

નગરીમાં ગણુ જનતાનો કલરવ શરૂ થઈ ગયો હતો. નગરીની સુંદર નારીઓ જળાશયેથી જળ ભરીને આવતી જતી હતી. બાળકો પોતાના વિદ્યાગુરૂ પાસે જઈ રહ્યા હતા. કેટલાક મકાનના ઓટલે બેઠેલા માણસો હજુ દંતધાવન કરી રહ્યા હતા. કોઈ કોઈ ભવનમાંથી ઈષ્ટની આરાધનાનો ઉચ્ચાર સંભળાતો હતો.

સુલસાએ જોયું. નગરી કેવળ રમણીય છે. એમ નથી પણ સ્વચ્છ, સુખી અને નિરોગી પણ લાગે છે.

માર્ગમાં તે જોઈ શકી કે અતિ વૃધ્ધ સ્ત્રી પુરૂષો પણ ભારે તંદુરસ્ત જણાતાં હતાં અને બાળકો તો જાણે સ્થિર આરોગ્યના પ્રતિક સમાં જ લાગતાં હતાં.

પ્રજાના સુખનું સાચું માપ એના ખજાનાઓમાં કે એના સુખ માટેના વિરાટ ભૌતિક સાધનોમાં નથી છૂપાયું. પ્રજાના સુખનું સાચું દર્શન તો પ્રજાની આવરદા અને પ્રજાના આરોગ્યમાંથી મળી શકે.

પેલા ખેડૂતે કહેલો ચોક આવી ગયો. ચોક ખરેખર વિશાળ હતો. ચોકની મધ્યમાં શ્વેત પ્રસ્તરની એક છત્રી હતી. એ છત્રીમાં પંખીઓ કલ્લોલ કરતાં હતાં.

સુલસા અને કુબ્જા ખેડુતે કહેલા રસ્તે વળી ગયા અને થોડે દૂર ગયા પછી એક જુવાન સામો મળ્યો એટલે સુલસાએ પ્રશ્ન કર્યો: 'ભાઈ, પૂર્વ દરવાજે આ રસ્તેથી જવાશે ?'

'હા મા. આપને કઇ બાજુ જવું છે ?'

'અમારે અશોક પાંથશાળામાં જવું છે.'

'તો તો સીધા રસ્તે જ ચાલ્યા જાઓ. પણ મા લગભગ એકાદ કોશ ચાલવું પડશે.' જુવાને કહ્યું.

'માતાજી તારૂં કલ્યાણ કરે ! અમે પહોંચી જઇશું.' સુલસાએ કહ્યું.

અને જ્યારે બંને અશોક પાંથશાળામાં પહોંચ્યા, ત્યારે દિવસનો પ્રથમ પ્રહર કયારનો પુરો થઇ ગયો હતો.

સુલસાએ જોયું, પાંથશાળા ઘણીજ સ્વચ્છ અને સુંદર હતી. વિશાળ પણ હતી. પાંથશાળાની મધ્યમાં નાનું છતાં સુંદર–ઉપવન હતું. ઉપવનની વચ્ચે એક નાનું મંદિર હતું.

સુલસાએ પાંથશાળાના સંચાલક પાસે જઇને બે ખંડની માગણી કરી.

સંચાલકે કહ્યું: 'મા, આ પાંથશાળા, નિઃશુલ્ક છે. આપ બે જ વ્યક્તિ છો એટલે આપને એક ખંડ મળી શકશે. ખંડ મોટો હશે. રસોઇગૃહ પણ જુદું હશે.'

'બહુ ઉત્તમ. અમને એક ખંડ પણ ચાલશે. પણ અમારે અહીં પંદર વીસ દિવસ પર્યંત રહેવું છે.'

'ઘણાજ આનંદથી આપ રહી શકશો. આપ કયાંથી આવો છો ?'

'અમે દક્ષીણની યાત્રા કરતાં કરતાં આ તરફ આવ્યાં છીએ અને આ નગરી યાત્રાના ધામ જેવી છે એટલે અહીં નીરાંતે વિસામો લેવો છે.'

'ખરેખર મા, આ નગરી એક જીવંતતીર્થ સમાન જ છે. આ નગરીમાં ત્રણસો જિનમંદિરો છે. એટલાં જ શિવાલયો છે અને અન્ય દેવ દેવીઓનાં મંદિરો તો મહોલ્લે–મહોલ્લે છે.'

કુબ્જાએ કહ્યું: 'શ્રીમાન, ભોજનનો પ્રબંધ થઇ શકે એવું...'

વચ્ચે જ સંચાલકે કહ્યું: 'પાંથશાળા તરફથી દરેકને હંમેશ એકવાર સીધું અપાય છે અને કોઇને સીધું ન લેવું હોય તો પાંથશાળાની બહાર એક બ્રાહ્મણની ભોજનશાળા છે, ત્યાં આપને ઉત્તમ પ્રકારની તૈયાર રસોઈ મળશે. આપ કહેશો તો ભોજનશાળાનો માણસ આપના ખંડમાં આવીને ભોજનનાં થાળ આપી જશે.'

સુલસા અને કુબ્જા ખૂબજ પ્રસન્ન થયાં. તેઓને જેવું સ્થળ જોઈતું હતું તેવુંજ મળી ગયું.

સંચાલકે આ બંને સ્ત્રીઓને એક સુંદર ખંડ કાઢી આપ્યો. સુલસાની માગણીથી એક દાસી પણ નકકી કરી આપી.

ભોજન આદિથી નિવૃત્ત થયા પછી સુલસા એક શય્યા પર આડે પડખે થઇ અને કુબ્જા તેના પગ દબાવવા બેઠી. સુલસાએ કહ્યું: 'કુબ્જા, તું પણ ઘડિક આરામ કરી લે. આજ સંધ્યા વખતે હું યુવરાજના મહેલમાં જવાની છું'

'આપ એકલાં જશો ?'

'હા....હું અદ્રશ્ય બનીને જઈશ. પ્રથમ મારે બધું જાણી લેવું છે. ત્યાર પછી કયો માર્ગ લેવો તે નકકી કરી શકાશે.' સુલસાએ કહ્યું.

સુલસા સામે સ્થિર નજરે જોતી જોતી તે પગ દબાવતી રહી. સુલસાએ કહ્યું; 'કુબ્જા, તું ઘડિક આડે પડખે થા. આખી રાતનો ઉજાગરો વેઠવો પડયો છે.'

'આપે કયાં નિદ્રા લીધી છે ?' કહી કુબ્જા આછું હસી.

સુલસાએ પ્રસન્ન સ્વરે કહ્યું. 'તારી મમતા આગળ હું લાચાર બની જઉં છું. તું ઘડિક સૂઈ રહે. વળી આપણે રાતનાં કયાંક જવું પડે !'

કુબ્જા કશો પ્રતિવાદ કર્યા વગર બીજી એક શય્યામાં આડે પડખે થઇ.

પાગરણાં વગેરે બધી સામગ્રી પાંથશાળામાંથી મળી ગઇ હતી.

અપરાન્હ સમયે સુલસા શય્યામાંથી બેઠી થઇ. કુબ્જા પણ થોડીવાર પહેલાં જાગી ગઈ હતી. દેવીને બેઠા થતાં જોઇને તે ઉભી થઈ ગઇ અને ઠંડુ જળ એક પાત્રમાં લઇ આવી.

અને સંધ્યા પહેલાંજ સુલસા એકલી સુવરાજ કનકરથના મહેલ તરફ જવા નીકળી પડી. તેણે પાંથશાળામાંથી બહાર નીકળ્યા પછી એક પાલખી ભાડે કરી લીધી અને તેમાં બેસીને તે રવાના થઈ.

લગભગ એકાદિ ઘટિકા પછી પાલખી ઉપાડનારા ભોઈએ કહ્યું: 'માજી સામે દેખાય તે યુવરાજનો મહેલ છે. આપને કઈ બાજુ જવું છે?

'પાલખી અહીંજ ઉભી રાખો....'

પાલખી ઉભી રહી ગઇ. સુલસા નીચે ઉતરી. એક રૌપ્યમુદ્રા આપીને પાલખીવાળાને ખુશ કર્યા. તેઓ પ્રસન્ન ચિત્ત સાથે વિદાય થયા.

સુલસાએ આસપાસ નજર કરી. લોકોનો બહુ અવરજવર હતો નહિં, તેમ આસપાસ જ મકાનો હતાં તે છૂટાં છૂટાં અને ભવ્ય હતાં એટલે રાજકર્મચારીઓનાં અથવા તો ભાયાતોનાં હશે તેમ સુલસાએ કલ્પી લીધું. સામે યુવરાજનો સુંદર મહેલ દેખાતો હતો. મહેલ ફરતો વિશાળ બગીચો હતો અને નાના મોટાં અનેક પ્રકારનાં વૃક્ષો શોભતાં હતાં. ઉપવન ફરતી પત્થરની ઉંચી દિવાલ ચણવામાં આવી હતી અને મહેલમાં જવાનો મુખ્ય દરવાજો વિશાળ, ઉંચો અને દોઢી જેવો જણાતો હતો. એમાં આઠ–દસ સશસ્ત્ર ચોકિયાતો બેઠા હતા.

સુલસા એક વૃક્ષના ઓથ પાછળ જઇને ઉભી રહી. પોતા તરફ કોઈની નજર નથી એવી ખાત્રી કર્યા પછી તેણે પોતાના અંતર-વાસકમાંથી એક નાની થેલી કાઢી. એ થેલીમાં નાની નાની ઘણી વસ્તુઓ હતી. પણ સુલસાએ કાળા દોરામાં પરોવેલો એક ચાંદી જેવો ચળકતો મણુકો બહાર કાઢયો. ત્યાર પછી તેણે થેલી બંધ કરી, વીંટીને અંતરવાસકમાં મૂકી દીધી.

જમણા હાથમાં ચળકતો મણુકો રાખીને થોડી પળો સુધી તે મનથી કંઇક બોલી અને ત્યાર પછી તરત જ મણુકો મોઢામાં મૂકી દીધો. મણુકા પાછળ લટકતો કાળો દોરો જે એકાદ વેંત જેવડો જ હતો તે બહાર લટકતો રહ્યો હતો.

સંધ્યા પુરી થઈ ગઈ હતી.

આસપાસના ભવ્ય મકાનોમાં સંધ્યા પ્રદીપ ચેતવાઈ રહ્યા હોય એમ જણાતું હતું.

અને....

થોડી જ પળોમાં સુલસા અદશ્ય થઇ ગઈ. મોઢામાં મૂકેલા મણુકામાં રહેલી વિશિષ્ટ વૈજ્ઞાનિક શકિતના પ્રભાવે સુલસાની કાયા વાતાવરણમય બની ગઈ હતી. તેણે પહેરેલાં વસ્ત્રો પણ અદશ્ય બની ગયાં હતાં. અને તે ધીરે ધીરે યુવરાજના મહેલના મુખ્ય દરવાજામાં દાખલ થઈ.

ચોકિયાતો કશું જોઈ શકયા નહોતા. તેઓ વાતો કરી રહ્યા હતા. એમને કલ્પના પણ નહોતી કે કોઈ ભયંકર નારી અદૃશ્ય બનીને દરવાજામાં દાખલ થઈ ચૂકી છે.

કોઈ પણ પ્રકારના ભયવગર સુલસા અંદરના સુંદર-સ્વચ્છ માર્ગ પર ચાલવા માંડી. ઉપવન ઘણું વિશાળ હતું. મહેલ પણ મધ્યમાં જ આવેલો હતો એટલે તે ચારે તરફ તીવ્ર નજરે જોતી જોતી આગળ વધી રહી હતી.

જરા દૂર જતાં તેની નજર એક તરફની સુંદર કુંજો તરફ ગઈ અને તે તરફ જોતાં જ તે ચમકી અને ત્યાંને ત્યાં ઉભી રહી ગઈ.

ચાર–પાંચ નાની નાની કુંજો વચ્ચે એક વિશાળ વૃક્ષ હતું. એ વૃક્ષ પર રેશમની દોરીનો ઝૂલો બાંધેલો હતો અને એ ઝૂલા પર જેનું રૂપ દેવતાઓને પણ પાગલ બનાવી શકે એવું દીવ્ય હતું તે ઋષિદત્તા પોતાના સ્વામી યુવરાજ

કનકરથ સાથે બેઠી હતી અને ધીરેથી ઝૂલો ઝૂલાવી રહી હતી.

બંને પ્રેમભરી વાતો કરતાં હતાં પણ સુલસાના કાન સુધી એ શબ્દો આવતા નહોતા. કારણ કે કુંજો દૂર હતી. ઝૂલો પણ દૂર હતો.

સુલસા એ તરફ આગળ વધી. તેણે જોયું કુંજાથી થોડે દૂર ચાર પાંચ પરિચારિકાઓ પણ ઉભી છે અને કઇ પળે કયા પ્રકારની આજ્ઞા થશે તે જાણવા માટે જાણ્યે ખડે પગે તત્પર બની રહી છે !

સુલસા એક કુંજ પાસે પહોંચી ગઈ. અહીંથી ઝૂલો નજીક પડતો હતો અને બંનેની વાતો તેમજ બંનેના ભાવ બરાબર જોઇ–સાંભળી શકાતા હતા.

સુલસા કંઇક આરકત નયને આ દંપતિ સામે જોઈ રહી.

પત્નીએ કહેલી કોઈ વાતના જવાબમાં કનકરથ બોલતો હતો: 'પ્રિયે ! સંસારમાં બધા પુરુષો એક સરખા નથી હોતા. અપવાદને પણ અવકાશ હોય છે. તારી વાત હું સાચી પણ માનું છું કે કે મોટા ભાગનાં પુરુષો પત્નીને પ્રસન્ન રાખવા ખાતર જ વચનો આપતા હોય છે અથવા મીઠી મીઠી વાતો કરતા હોય છે. પરંતુ એવા પણ પુરુષો હોય છે કે જે પત્નીને પોતાનું જ અંગ માનતા હોય છે એટલું જ નહિં પણ પત્નીના સુખમાં સુખ અને દુ:ખમાં દુ:ખ અનુભવતા હોય છે. આવા પુરૂષો પત્નીને જે વચનો આપે છે તે પત્નીને પ્રસન્ન કરવા ખાતર નહિં, પણ પોતાના અંતરની શ્રદ્ધા વ્યકત કરવા ખાતર. મેં તેને જે વચન આપ્યું હતું, તે કેવળ મારા અંતરની શ્રધ્ધાના પ્રતિક સમાન જ હતું.

'આપના વચન પર મને વિશ્વાસ નથી એવું ન માની લેશો. આતો વાત વાતમાં મેં આપને પુરુષની મનોવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો. કદી ઋષિદત્તાએ સ્વામીનાં નયનો સામે નયનો સ્થિર કર્યાં.

કનકરથે પત્નીની પીઠ પર એક હાથ મૂકતાં કહ્યું : 'દેવી, જ્યાં પ્રેમ હોય છે ત્યાં શ્રદ્ધા અને વિશ્વાસ સ્વયં સ્થિર બનતાં હોય છે, અને જયાં મોહ હોય છે, યૌવન અને રૂપની ભૂખ હોય છે. ત્યાં શ્રધ્ધા અને વિશ્વાસને સ્થાન પણ હોતું નથી. તારા મનમાં મારા વચન પ્રત્યે વિશ્વાસ નથી એવી કલ્પના પણ હું કરી શકતો નથી, મને એ પણ ખાત્રી છે કે મારા વચનમાં તને કદી સંશય થયો નથી અને થવાનો પણ નથી.'

તાપસકન્યાએ કશો ઉત્તર ન આપ્યો. સ્વામીના વક્ષ:સ્થળમાં મસ્તક છૂપાવી દીધું.

ઝૂલો ધીરે ધીરે ચાલતો હતો.

કુંજ પાસે ઉભેલી સુલસા આ દશ્ય જીરવી શકી નહોતી. એક તો તેનું જીવનએકાકિ હતુ,. મેલી સાધના ઓની જાળમાં અટવાયેલું હતું અને પ્રણુય જીવનની મસ્તીની એક રેખા પણ તેણે કદી માણી નહોતી.

સુલસા ગમે તેવી મંત્રવાદિની હોય છતાં તે એક નારી પણ હતી. નારીની સુપ્ત લાગણીઓ પણ કોઇ વાર કમકમી ઉઠતી હોય છે સુલસા પતિપત્નીના આ નિર્દોષ પ્રેમભાવને જીરવી ન શકી. એના હૈયામાં ખાખ બનીને પોઢેલી લાગણીઓ જાણ્યે કમકમી ઉઠી.

લાગણીઓના કંપમાંથી કોઇ વાર કરુણા પ્રગટે છે ને કોઇ વાર જવાળા પણ જાગે છે !

સુલસાની ખળભળેલી લાગણીઓમાંથી આશીર્વાદના બદલે એક પ્રકારની અતૃપ્ત ઈર્ષાની જવાળા જાગી ઉઠી.

પણ એની સળગતી આંખો કોઈથી જોઇ શકાતી નહોતી કારણુ કે તે અદશ્ય બની ગઈ હતી.

સુલસાના મનમાં જાગેલી જવાળા શાંત થાય તે પહેલાં જ એક દાસીએ ઝૂલા નજીક આવતાં આવતાં મધુર સ્વરે કહ્યું:, 'મહારાજ કુમાર, રાત્રિ શરૂ થઇ છે. શ્રી જિનમંદિરમાં આરતીનો સમય થઈ ગયો છે.'

“હા. ચાલો અમે આવીએ છીએ.” કહી યુવરાજે ઝૂલો ઉભો રાખ્યો અને પ્રિયતમાનો હાથ પકડી નીચે ઉતારી.

ઋષિદત્તા આકાશ તરફ જોતાં જોતાં બોલી ઉઠી: “ઓહ, સમયની કલ્પના પણ ન રહી.”

યુવરાજે હસીને કહ્યું: દેવી, જ્યાં પ્રેમની મસ્તી છે ત્યાં સમયનું કોઈ મૂલ્ય નથી,’’

ઋષિદત્તા કશું બોલી નહીં. સ્વામીનો હાથ પકડીને ચાલવા માંડી.

કુંજ પાછળ ઉભેલી સુલસા મનમાં બોલી ઉઠી: “પ્રેમની મસ્તી! મારો પંજો એ મસ્તીને ચોળી નાખશે. આજનો પ્રેમ આવતી કાલનાં વેરમાં પરિણમશે.”

મનથી આટલું બોલીને તે મુખ્ય દરવાજા તરફ અગ્રસર થઈ ને જે રીતે આવી હતી તે રીતે દરવાજા બહાર નીકળી ગઈ. રાત્રિનો પ્રથમ પ્રહર ક્યારનો શરૂ થઈ ગયો હતો. આટલામાં કોઈ મેના કે પાલખી કશું મળે તેમ નહોતું. એટલે સુલસા થોડે દૂર નીકળી ગઈ અને એક વૃક્ષના ઓથે ઉભી રહી મોઢામાંથી અદૃશ્ય કરણ ગુટીકા બહાર કાઢી અને સાચવીને પોતાની થેલીમાં મૂકી દીધી.

થોડી પળોમાં જ તે દૃશ્ય બની ગઈ અને ધીમે ધીમે આગળ ચાલવા માંડી. તેના ચિત્તમાં દંપતિના નિર્દોષ પ્રેમના ચિત્રથી ભારે ઉથલ પાથલ થઇ રહી આ પ્રેમની મસ્તી માણતી એ નરનારને કેવીરીતે પોતાની મેલી શકિત વડે કચડી નાખવા તેના વિચારો તેને ભારે સતાવી રહ્યા હતા.

પણ એને ખબર નહોતી કે જ્યાં શુદ્ધ પ્રેમભાવ પડયો હોય છે, ત્યાં કોઈ પણ અશુદ્ધ શકિત પછી તે મંત્ર શકિત હોય કે મારણ શકિત હોય. કદી સફળ થઇ શકતી નથી.

માર્ગમાં પૂછતી પૂછતી તે જ્યારે અશોક પાંથશાળામાં આવી પહોંચી ત્યારે રાત્રિનો પ્રથમ પ્રહર પુરો થવા આવ્યો હતો અને કુબ્જા ભોજનનો થાળ ઢાંકીને રાહ જોતી ઉભી હતી.

-ક્રમશઃ

જીવદયા નેત્રપ્રભા

આંખના દરદો મટાડવા તેમજ રોશની જાળવવા ઉપયોગી

* આંખને ઠંડક આપે છે.
* આંખને સ્વચ્છ રાખે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય

ગામદેવી રોડ મુંબઈ નં. ૭

ભાવનગરના સ્ટોકીસ્ટ :— પ્રતાપરાય નાનચંદ કાપડીઆ—આંબાચોક

કચ્છ—ભૂજના સ્ટોકીસ્ટ :— લક્ષ્મીચંદ કુંવરજી

### શ્રી શંખેશ્વર મહાતીર્થમાં ઉજવાયેલું શ્રી નમસ્કારમહામંત્રના આરાધકોનું

# અપૂર્વ અધિવેશન

**જૈન સમાજમાં હમણાં હમણાં મહાપ્રભાવશાલી નવકારમંત્રની આરાધના માટે તથા તેના જાપ આદિ અનુષ્ઠાનો માટે ઠીક પ્રમાણમાં જાગૃતિ આવતી જાય છે! પૂ. પાદ આચાર્યદેવાદિ મુનિવરોની શુભનિશ્રામાં આવા અનુષ્ઠાનોની આરાધના દિન-પ્રતિદિન વધતી જ જાય છે. શ્રી નવકારમંત્રની ભક્તિ માટે તેના જાપ, સ્મરણ તથા શ્રદ્ધા અને બહુમાન ભાવની વૃદ્ધિ માટે 'કલ્યાણે' પણ પોતાની શક્તિ-સામગ્રી મુજબ શક્ય કર્યું છે. શ્રી નવકારમંત્રની શ્રદ્ધા તથા તેની આરાધના માટે સમાજમાં જાગૃતિ સવિશેષ જગાવે તે માટે તેના આરાધકોનું એક સંમેલન શ્રી શંખેશ્વરજી તીર્થમાં તાજેતરમાં ભરાઇ ગયું. તેનો અહેવાલ નવકારમંત્રના આરાધક વાચક વર્ગને ઉપયોગી માની અમારા પ્રતિનિધિ દ્વારા અમને જે રીતે પ્રાપ્ત થયેલ છે તે અહિં અમે પ્રસિધ્ધ કરીએ છીએ.**

★

પાંચ વર્ષ પહેલાં મુંબઇના અંધેરી પરામાં સર્વજીવોને સુખનો અદ્ભુત પુંજ આપનાર એવા પંચ પરમેષ્ઠી ભગવંતોના જાપની શરૂઆત થઇ હતી. ત્યારપછી શિવ (મુંબઈ) ભુજપુર, ડીસા જામનગર, ખંભાત અને સાંગલીમાં પણ આ નમસ્કાર મહામંત્રની આરાધના થઇ. અને આ વખતે, છઠ્ઠી વાર શ્રી શંખેશ્વર મહાતીર્થમાં શ્રી નમસ્કાર મહામંત્રનું અનુષ્ઠાન શરૂ થયું છે.

અમદાવાદ નિવાસી સ્વ. શેઠ શ્રી મણિલાલ સાંકલચંદ અને તેમનાં ધર્મપત્ની ગં. સ્વ. શ્રી મણીબેનના શ્રેયાર્થે તેમના સુપુત્રો શેઠ શ્રી કાંતિભાઇ શેઠ શ્રી હીરાભાઈ તથા શેઠ શ્રી ભીખાભાઈને આ વખતની શાશ્વતી ઓળી કરાવવાની ભાવના થઈ.

જ્યારે શ્રી સિદ્ધચક્રના પરમ આરાધક બંધુ શ્રેષ્ઠીવર્ય હીરાલાલભાઈ પ. પૂ. આ. શ્રી વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પંન્યાસજી મ. ભદ્રંકરવિજયજી મહારાજનાં દર્શનાર્થે જામનગર ગયા ત્યારે એવી સ્ફુરણા અને પ્રેરણા થઈ કે શાશ્વતી ઓળી સાથે એક લક્ષ નવકાર જપ અને ભારતના જુદા જુદા પ્રાંતોના નિષ્ઠાવાન આરાધકોનું અધિવેશન શ્રી શંખેશ્વર ભગવાનની પવિત્ર છત્ર છાયામાં ભરવું. આ પવિત્ર કાર્ય માટે તીવ્રભાવપૂર્વક પ્રયત્ન કરીને પૂ. આચાર્ય ભગવંત પાસેથી આજ્ઞા મેળવી અને એ રીતે એક અભૂતપૂર્વ શ્રી નમસ્કાર મહામંત્રના આરાધકોનું અધિવેશન ચૈત્ર શુ. ૩-૪ અને ૫ (તા. ૩૦-૩૧ માર્ચ અને ૧લી અપ્રિલ ૧૯૬૦ ના દિવસોમાં નિષ્પન્ન થયું હતું. આવું અધિવેશન એ પોતાની રીતનું સર્વ પ્રથમ હતું.

એ ચૈત્ર શુકલ તૃતીયા-તા. ૩૦-૩-૬૦ બુધવારનો દિવસ હતો, શ્રી નમસ્કાર મહામંત્રના આરાધકોના અધિવેશનની પહેલી બેઠક બપોરે બે વાગે મળવાની હતી. મદ્રાસ, કલકત્તા, પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, આદિ દૂર દૂર ના પ્રાંતોના જે આરાધકો પધાર્યા હતા, તેઓ અધિવેશન માટે ખાસ બાંધેલ મંડપમાં પધારવા લાગ્યા હતા. બરાબર બે ના ટકોરા થયા તે વખતે સભા ખીચોખીચ ભરાઇ ગઈ હતી. શ્રી ઋષભદાસ જૈન મદ્રાસ, શ્રી ચંદ્રકાંત ઝવેરી, કલકત્તા, પં. શ્રી શૌરીલાલજી નાહર બ્યાવર શ્રી ચીમનલાલ શાહ પૂના, શ્રી ફતેચંદ ઝવેરભાઇ મુંબઈ, શ્રી પ્રાણજીવનદાસ ગાંધી મુંબઈ શ્રી લીલાધર મેઘજી મુંબઈ, શ્રી ચીનુભાઈ કડિયા, આદિની હાજરી ખાસ તરી આવતી હતી. એજ વખતે પૂ. પંન્યાસજી મ. શ્રી કાંતિવિજયજી

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ., પૂ. પં. શ્રી મલયવિજયજી મ. પૂ. પં. શ્રી જયંતવિજયજી મ. પૂ. પં. શ્રી રવિવિજયજી મહારાજ આદિ પંન્યાસ પ્રવરો તથા પ. પૂ. સ્વ. આચાર્યદેવ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ આદિ સર્વ વિશાલ મુનિ ગણ સાથે પધાર્યા હતા. પૂ. સાધ્વીજી મહારાજો તથા બહેનો પોતાના યથાયોગ્ય સ્થાને ગોઠવાઈ ગયા હતાં. પૂ. પં. શ્રી કાન્તિવિજયજી મહારાજે પ્રમુખસ્થાનેથી મંગળાચરણ સંભળાવ્યું અને સભાની કાર્યવાહીનો આરંભ થયો.

## કાર્યવાહીનો પ્રારંભ

પ્રારંભમાં બાળ મુનિશ્રી પુણ્યપાલવિજયજીએ પોતાની મધુર ધ્વનિમાં પં. વીરવિજયજી કૃત 'નિત્ય સમરૂં સાહિબ સયાણા' એ શ્રી શંખેશ્વર ભગવાનનું ભાવવાહી સ્તવન સંભળાવ્યું હતું. આથી સર્વત્ર ભકિતરસ પ્રધાન પરમ શાન્તિનું એક છત્ર વાતાવરણ પ્રસરી ગયું હતું.

ત્યાર બાદ પૂ. પં. શ્રી કાન્તિવિજયજી મહારાજનું મંગળ પ્રવચન થયું હતું. તેમાં તેઓશ્રીએ ફરમાવ્યું હતું કે, 'નમસ્કાર્ય પંચ પરમેષ્ઠિ અને નમસ્કાર આરાધકોની વચ્ચે શ્રી નમસ્કાર મહામંત્ર પુલનું કામ કરે છે. મોક્ષમાર્ગમાં વિકાસ કરનારા ગુણસ્થાન ક્રમોની સાધનામાં સર્વત્ર નમસ્કાર સમાનરૂપે સહાયક થાય છે; એટલે સાધનાની પ્રત્યેક ભૂમિકામાં મહામંત્રની આવશ્યકતા રહે છે, માટે પ્રત્યેક સાધકે તેનો આશ્રય મજબૂત રીતે પકડી રાખવો જરૂરી છે.'

પછી પૂ. મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજે નમસ્કાર મહામંત્રના મહિમાના અનુસંધાનમાં એમ ફરમાવ્યું કે, જો કર્મો સાથે સંબંધ તોડવાનું ધ્યેય સાધવું હોય તો પ્રત્યેક સજાતીય જીવ દ્રવ્ય સાથે કાયમી સંબંધ જોડવાથી જ થઈ શકશે. અને હંમેશનો સંબંધ જોડવા માટે સર્વ જીવોને સમાન માનીને બધાને સુખી કરવાની ભાવનાથી શ્રી નમસ્કાર મંત્રનો જાપ સફળ થશે.'

ત્યાર બાદ શ્રી ફતેચંદ ઝવેરભાઈએ અને શ્રી ઋષભદાસજીએ જૈન શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક દષ્ટિએ નમસ્કારમંત્રનું રહસ્ય અને પ્રભાવ બતાવતું તલસ્પર્શી વિવેચન કર્યું હતું.

## અધિવેશનનો બીજો દિવસ.

બીજા દિવસે ચૈત્ર શુકલ ૪ ગુરુવારના તા. ૩૧-૩-૬૦ ના બપોરે બે વાગે અધિવેશનની બીજી બેઠક મળી હતી આજના મુખ્ય વકતા મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજનું અનેકાંતદષ્ટિ ધરાવતું નમસ્કારમંત્રના જાપની વિધિ પર ઉત્તમ પ્રકાશ પાડનારૂં વક્તવ્ય થયું હતું. કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય જેવા મહાન્ યોગી પુરૂષે પણ પોતાની સાધ્વી માતાને અંત સમયે પરમ સંતોષ આપવા માટે કહ્યું કે 'તમારા શ્રેયાર્થે હું શ્રી નમસ્કારમહામંત્રનો એક ક્રોડનો જાપ કરીશ.' ઉપરના દષ્ટાંતથી બધી શ્રેણિના જીવો માટે નમસ્કાર મહામંત્ર સમાન રૂપે ઉપકારક છે, એમ પૂ. મહારાજશ્રીએ ફરમાવ્યું હતું.

ત્યારબાદ શ્રી બાબુભાઈ કડીવાળા, મફતલાલ સંઘવી ડીસાવાળા, શ્રી દીપચંદભાઇ ઘેલાભાઈ મુંબઇ–દાદરવાળા, મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી આદિશ્રી નવકારમંત્રના આરાધકોએ આ પ્રભાવશાળી મહામંત્ર દ્વારા અનુભવેલા પોતાના લૌકિક-લોકોત્તર ચમત્કારિક લાભોનું અસરકારક વર્ણન કર્યું હતું. તેથી સાચેજ મહામંત્રના જાપમાં વિશેષ શ્રદ્ધાનો સંચાર થયો હતો.

અધિવેશનનો છેલ્લો દિવસ હતો. ચૈત્ર શુકલપંચમી ને શુક્રવાર (તા. ૧-૪-૬૦) બપોરે બે વાગે પંચપરમેષ્ઠિના જાપમાં પ્રબળ પ્રેરણા આપતા અધિવેશનમાં પાંચ પ્રસ્તાવો મુકયા,

તેનું સમર્થન થયું અને સર્વની સંમતિથી પસાર થયા હતા. આ પ્રસ્તાવો નમસ્કાર-મહામંત્રના ધારકો, આરાધકો અને સાધકોના વિચારો સાંભળી વિષય-વિચારિણી સમિતિ દ્વારા મનનપૂર્વક પાંચ પ્રસ્તાવો ઘડાયા અને મૂકાયા હતા. તે પ્રસ્તાવોની વિગત આ પ્રમાણે છે.

## પ્રસ્તાવ પહેલો.

આ અધિવેશન પ્રસ્તાવ કરે છે કે, વર્તમાન દેશકાળમાં શ્રી તીર્થંકર પ્રણીત શાસન પ્રત્યેની રુચિમાં પ્રગતિ સાધવા માટે શાસ્ત્રાજ્ઞા મુજબ આપણું એ કર્તવ્ય છે કે પ્રત્યેક આરાધકે નમસ્કાર મહામંત્રના ધારકને પોતાનો પરમ બાંધવ લેખી તેના સુખદુ:ખમાં સહાનુભૂતિપૂર્ણ પરસ્પર વ્યવહાર કરવો કે જેથી તેમનાં હૃદયમાં વસેલા ધર્મભાવને સર્વપ્રકારે પોષણ મળે.

પ્રસ્તાવ મૂકનાર-શ્રી હીરાભાઈ મણીલાલ શાહ.
પ્રસ્તાવ સમર્થક-શ્રી રીખવદાસજી જૈન મદ્રાસ.

## પ્રસ્તાવ-બીજો

આ અધિવેશન માને છે કે જૈન ધર્મની પ્રભાવના માટે વિશ્વ-મૈત્રીનો ભાવ પ્રધાન છે, એટલા માટે ચતુર્વિધ સંઘમાં પારસ્પરિક વાત્સલ્ય જગાવવા માટે સર્વ પ્રકારના પ્રયત્નો કરવા અતિ આવશ્યક છે.

પ્રસ્તાવ મૂકનાર-શ્રી શૌરીલાલ નાહર
પ્રસ્તાવ સમર્થક-પં. શ્રી સૂરજચંદ્રજી ડાંગી

## પ્રસ્તાવ-ત્રીજો

આ અધિવેશન માને છે કે ભૌતિક વિજ્ઞાનના કહેવાતા વિકાસથી અંજાઇને કેટલાકને આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ ઘણો ઉતરતો લાગે છે. તે ભ્રાંતિ નિવારવા અને આધ્યાત્મિક જ્ઞાનના પ્રકાશને સુલભ બનાવવા તપ, જપ, પરમેષ્ઠી ભગવંતોની ભક્તિ, શાસ્ત્રોના સ્વાધ્યાય આદિ સાધનોમાં વિશેષપણે પ્રયત્નો કરવા જોઇએ, તે માટે પ્રારંભમાં ઓછામાં ઓછું નિમ્ન લિખિત નિયમોનું પ્રત્યેક સાધકે પાલન કરવું જોઈએ.

૧. અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ.

૨. દુર્વ્યસનોનો ત્યાગ.

૩. શ્રાવકાચારનું યથાશકય પાલન.

૪. રોજ ઓછામાં ઓછી દસ મીનીટ પર્યંત નવકાર પ્રત્યે પ્રીતિ-ભકિત જાગે તેવું વાંચન મનન કરવું.

પ્રસ્તાવ મૂકનાર-શ્રી બાબુભાઈ કડીવાળા
પ્રસ્તાવ સમર્થક-શ્રી મફતલાલ સંઘવી

## પ્રસ્તાવ ચોથો

આ અધિવેશન બધાને અનુરોધ કરે છે કે શ્રી નમસ્કાર મહામંત્રને સદ્‌ગુરુ ભગવંતના મુખારવિંદથી વિધિપૂર્વક લઇને દિવસભરમાં ત્રણે સંધ્યાએ ઓછામાં ઓછા બાર-બાર નવકાર-મંત્રનો નિયમિત જાપ કરવો. અને તેના અનુભવોની નોંધ રાખવી, અને જ્યારે જ્યારે જ્યાં જ્યાં સામૂહિક સાધના થાય ત્યારે ત્યારે નમસ્કાર મહામંત્રની આરાધનામાં જોડાવું, વળી આવાં અધિવેશનોમાં પણ પધારવું.

પ્રસ્તાવ મૂકનાર-શ્રી રસિકલાલ ચીમનલાલ શાહ
પ્રસ્તાવ સમર્થક-શ્રી છબીલદાસ પી. શાહ.

## પ્રસ્તાવ પાંચમો.

આ અધિવેશન નવકારના ઉત્સાહી પ્રેમીઓને વિનંતિ કરે છે કે જુદા જુદા તીર્થસ્થાનોમાં જઇને નમસ્કાર મહામંત્રની આરાધનાનાં કેન્દ્રો કરે અને સર્વ આરાધકોને નમસ્કારની સાધનામાં ઉત્તેજન મળે એ હેતુથી સાહિત્યની વૃદ્ધિ, અનુભવની સામગ્રી તથા જાપના અભ્યાસક્રમની વિધિ આદિ યોજનાઓ દ્વારા માર્ગદર્શન આપવાના પ્રયત્નો કરે અને કરાવે.

પ્રસ્તાવ મૂકનાર-શ્રી હિંમતમલ રૂગનાથમલ.
પ્રસ્તાવ સમર્થક-શ્રી મણિલાલ ઝીણાભાઈ.

## ઉપસંહાર

પ્રસ્તાવો પસાર થયા બાદ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણીવરે અધિવેશનની કાર્યવાહીનો ઉપસંહાર કરતાં જણાવ્યું હતું કે 'શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા જૈનશાસનમાં સુપ્રસિદ્ધ છે. લાખો અને કરોડોની સંખ્યામાં આ મહામંત્રનો જાપ આજે પણ જૈન સમાજમાં થઈ રહ્યો છે. તમામ મહાપુરુષોએ આ મહામંત્રના એક સરખા મુકત કંઠે ગુણગાન કર્યાં છે. છતાં પણ તેનું જોઈએ તેવું ફળ આજે અનુભવી શકાતું નથી. તેનું શું કારણ હશે ?'

આપણે આ વસ્તુનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરશું તો જણાશે કે પંચ પરમેષ્ઠીઓને પંચ પરમેષ્ઠી બનાવનાર જ ભાવના છે, તે આપણામાં ખૂટે છે, માટે આપણે ઇચ્છિત ફળ પ્રાપ્ત કરી શકતા નથી. આ ભાવના કઈ છે? આ ભાવના છે, 'સવિ જીવ કરૂં શાસન રસી' જગતના તમામ જીવોની આ રીતે કરેલી હિત-ચિંતામાંથી જીવને તીર્થંકર પદની નિકાચના થાય છે, અને ત્યારપછી પણ આ ચિંતા તેઓ નિરંતર કર્યા કરે છે, માટે જ્યાં સર્વના કલ્યાણની ભાવનાનો અભાવ છે પણ કેવળ પોતાનો જ સ્વાર્થ ભરેલો પડયો છે ત્યાં ધર્મની શરૂઆત થતી નથી. પણ સ્વાર્થને કાઢી પરમાર્થની-સર્વ જીવોના કલ્યાણની ભાવના આવે અને ત્યાર પછી નવકાર ગણાય તો નવકારના ફળનો સાક્ષાત્ અનુભવ થયા વિના નહિ રહે. શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનામાં ખૂબ વેગ મળશે, કારણ પંચ પરમેષ્ઠીઓનું જે પરમેષ્ઠીપણું છે, તે આ ભાવનાને આભારી છે.

એક વખત પણ આ જાતનો ભાવનાપૂર્ણ નમસ્કાર મહામંત્ર બોલવાથી ચિત્તની વિશુદ્ધિ થાય છે. ચિત્તની વિશુદ્ધિમાં એ શકિત છે કે ક્ષણવારમાં તે સ્વર્ગ અને અપવર્ગના સુખ અપાવી શકે છે. જેમાં માત્ર પોતાનાજ સુખનો વિચાર છે તેમાં ચિત્તની અશુદ્ધિ છે, એવા અશુદ્ધ ચિત્તવાળાને આ મહામંત્ર શી રીતે ફળે? માટે ભાવનાને ભૂલી આપણે શ્રી નમસ્કાર મહામંત્રની વાસ્તવિક રીતે આરાધના નહિ કરી શકીએ.

શ્રી જિનેશ્વર ભગવંતોના જન્માભિષેક સમયે દેવેન્દ્રો પણ શાંતિપાઠમાં વિશ્વ-કલ્યાણની ભાવનાના મંત્રો જ ઉચ્ચારતા હતા જેમ કે—

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥

આ ભાવના જ તમામ સત્ક્રિયાનું બીજ છે. તેના વિના કોઈપણ ક્રિયાનું સુમધુર ફળ મળી શકે નહિ. આ ભાવનાજ તીર્થંકર પદની જનેતા છે, એ વાત ત્યાર પછીના શ્લોકમાં સ્પષ્ટ છે.

अहं तित्थयरमाया सिवादेवी तुम्हनयर निवासिनी।
अम्ह्रासिवं तुम्हासिवं असिवोवसमं सिवंभवतुस्वाहा॥

માટે જ શ્રી નમસ્કારમહામંત્રના જાપ કરતાં પહેલાં આ ભાવનાને હૃદયમાં સિંચવામાં આવે તો તેની અપૂર્વ શકિતનું દર્શન થયા વિના ન રહે.

વળી આસનના સિદ્ધિ કરી વર્ણ (અક્ષર)ની સિદ્ધિ કરવામાં આવે તો નવકારના ફળની વિશેષ પ્રકારે પ્રતીતિ થયા વિના નહિ રહે. જે લોકો આવું કંઈ ન કરી શકે પણ જઘન્યથી ત્રિકાળ માત્ર બાર-બાર નવકાર છ મહિના સુધી ગણે તો પણ તેનું સુંદર ફળ દેખાયા વગર નહિ રહે.

## આમંત્રણ

પૂ. પંન્યાસજી મહારાજના ઉપસંહાર બાદ શ્રી હિંમતમલજી રૂગનાથજી બેડાવાળાએ (હાલ-

મુંબઇમાં રહે છે) વિનંતિ કરી હતી કે પૂજ્ય પંન્યાસજી મહારાજ પીંડવાડા પધારશે અને ત્યાંથી તેઓશ્રીને ચાતુર્માસ માટે અમારા બેડા ગામમાં પધારવા વિનંતિ કરૂં છું જો તેઓ-શ્રીના ચાતુર્માસ માટે પૂજ્ય આચાર્ય ભગવંત આજ્ઞા આપવા કૃપા કરે તો આવતા આસો મહીનામાં બેડા ગામમાં લક્ષ નવકારનું અનુષ્ઠાન યોજાશે અને શ્રી નમસ્કારમહામંત્રના આરાધક ભાઇઓનું દ્વિતીય અધિવેશન બોલાવવામાં આવશે, માટે આપ સહુ જરૂર પધારશો. ચાતુર્માસ નિશ્ચિત થયે યોગ્ય સમયે આપ સહુને આમંત્રણ મોકલાવીશું.

ત્યાર બાદ પં. શ્રી સૂરજચંદ્રજી ડાંગીજીએ શ્રી કાંતીભાઈ, શ્રી હીરાભાઈ, શ્રી ભીખાભાઈ આદિ ત્રણે ભાઇઓને અધિવેશન બોલાવવા બદ્દલ અને આમંત્રિત સર્વ સજ્જનોનું આતિથ્ય કરવા બદ્દલ સર્વ સભાજનો વતી આભાર માન્યો હતો.

શ્રી હીરાભાઈ મણીભાઇએ આમંત્રિત ગૃહસ્થોનો પોતાનું આમંત્રણ સ્વીકારીને પધાર્યા તે બદ્દલ આભાર માન્યો હતો.

ત્યાર બાદ પૂ. પં. શ્રી કાંતિવિજયજી ગણિવરે સર્વમંગલ સંભળાવ્યું હતું. અને 'જૈનં જયતિ શાસનમ્' ના ગગનભેદી અવાજ સાથે સભા વિસર્જન થઇ હતી.

શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના માટે સાહિત્ય, અનુભવની સામગ્રી તથા જાપાદિના અભ્યાસક્રમની વિધિ આદિની વિશેષ જાણકારી માટે લખો :–

**જૈન સાહિત્ય વિકાસ મંડળ**
ઈરલાબ્રીજ, ઘોડબંદર રોડ.
વીલે પારલે, મુંબઈ ૨૪.

卐


વર્ષીતપના પારણા નિમીત્તે પ્રભાવના કરવા શ્રી જીવન મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટનાં
નીચેના પુસ્તકો ખરીદી આપનો સહકાર આપી આભારી કરશોજી.

**લ્હાણી પ્રભાવના માટે અત્યુત્તમ છે.**

પં. વિરવિજયજી કૃત **શ્રી સ્નાત્ર પૂજા** સચિત્ર નવી આવૃત્તિ જેમાં સ્થાપનાજી પચ્ચખાણો તથા પચ્ચખાણના સમયનો કોઠો આપવામાં આવ્યો છે. આ પુસ્તક રોજઉપયોગી, ૮૦ પાનાનું સચિત્ર પુસ્તક કિંમત રૂા. ૦—૫૦

| | | |
|---|---|---|
| **અક્ષય તૃતિયા** | લે. : જયભિખ્ખુ | ૦—૪૫ |
| **રાજા શ્રીપાળ** | ” | ૦—૬૦ |
| **દહીંની વાટકી** | ” | ૦—૪૫ |
| **જીવનમાં ધર્મ** | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૦—૨૫ |

આ ઉપરાંત બીજા પુસ્તકો પણ મળશે. : : દરેકમાં પોસ્ટ ખર્ચ જુદું

**શ્રી જીવન–મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ**

હઠીભાઇની વાડી સામે—અમદાવાદ

# શ્રી દ્વાદશાર નયચક્રનો અપૂર્વ પ્રકાશન સમારોહ

'કલ્યાણ' ના શંકા–સમાધન વિભાગમાં જેઓશ્રીના શાસ્ત્રીય સમાધાનો પ્રસિદ્ધ થાય છે, તે પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીના વરદ હસ્તે સંયોજિત-સંપાદિત થયેલ જૈન સિદ્ધાંતની અણમોલકૃતિ શ્રી દ્વાદશાર નયચક્રનો પ્રકાશન મહોત્સવ મુંબઇ ખાતે અપૂર્વ ઉત્સાહ વચ્ચે ઉપરાષ્ટ્રપતિ ડૉ. શ્રી રાધાકૃષ્ણનનાં શુભહસ્તે થયેલ, તેનો અહેવાલ અમારા પ્રતિનિધિ દ્વારા અમને પ્રાપ્ત થયો છે; તે અમે અહિં પ્રસિધ્ધ કરીએ છીએ.

( અમારા પ્રતિનિધિ તરફથી )

મુંબઇની જનતાએ ગ્રંથ-પ્રકાશનના કેટલાક સુંદર સમારોહો નિહાળ્યાં છે. પરંતુ એ બધામાં ભાત પાડનારો તથા જિનશાસનની સુંદર પ્રભાવના કરનારો એક ભવ્ય ગ્રંથપ્રકાશન મહોત્સવ આજરોજ મુંબઈનાં આંગણે ઉજવાઈ ગયો.

આ સમારોહની ઉજવણી કરવા માટે જૈન સમાજના આગેવાનો, જૈન જૈનેતર વિદ્વાનો તથા રાષ્ટ્રીય ક્ષેત્રમાં કામ કરતી કેટલીક આગેવાન વ્યકિતઓની એક સમિતિ રચવામાં આવી હતી આ સમિતિના પ્રમુખ તરીકે ધર્મપ્રિય શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈશ્રોફની નિમણુંક થઇ હતી. મંત્રીઓ તરીકે શ્રી દામજી જેઠાભાઈ તથા શ્રી કાંતિલાલ કેશવલાલ કાપડિયાની વરણી થઇ હતી.

આ કાર્યમાં શ્રી આત્મકમલ-લબ્ધિ સૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓએ પૂરો સાથ આપ્યો હતો.

### દ્વાદશાર નયચક્રઃ

જે ગ્રંથનું પ્રકાશન થવાનું હતું, તે દ્વાદશાર નયચક્ર આજથી લગભગ ૧૬૦૦ વર્ષ પહેલાં તાર્કિક શિરોમણિ વાદિ ચૂડામણિ શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણ દ્વારા રચાયેલો હતો અને તે દાર્શનિક તથા ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણું મહત્વ ધરાવતો હતો. આ ગ્રંથનો મૂળ પાઠ હાલ મળતો નથી, પરંતુ તેના પર શ્રી સિંહસૂરિગણિએ રચેલી ન્યાયાગમાનુસારિણી ટીકા પ્રાપ્ત થાય છે. આ ટીકાની એક પ્રતિ વિ. સં.-૨૦૦૧-૨ નાં મુંબઇ ચાતુર્માસમાં જૈન કવિ–કુલ–કિરીટ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનાં હાથમાં આવતાં તેમની ભાવના આ ગ્રંથને પ્રકાશમાં મૂકવાની થઈ અને મંગલ મુહૂર્તે કાર્યનો આરંભ થયો. આ કાર્ય ઘણું કઠિન હતું, પણ આચાર્ય શ્રી ન્યાયશાસ્ત્રના પરમ અભ્યાસી હતા અને શાસ્ત્રોનું ઘણું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. એટલે તે કાર્ય બરાબર આગળ ધપ્યું અને અભ્યાસીઓની સરળતા ખાતર આચાર્યશ્રીએ તેના પર વિષમપદ વિવેચન નામનું એક વિવરણ લખવા માંડયું. સં. ૨૦૦૪ માં તેનો પ્રથમ ભાગ બહાર પડ્યો. સં. ૨૦૦૭ માં તેનો બીજો ભાગ બહાર પડયો, અને સં. ૨૦૧૩ માં ત્રીજો ભાગ બહાર પડયો હાલમાં તેનો ચોથો એટલે છેલ્લો ભાગ તૈયાર થતાં તેનું પ્રકાશન ભવ્ય સમારોહ પૂર્વક કરવાની યોજના તૈયાર થઇ હતી. અને તેમાં દક્ષિણદીપક દક્ષિણદેશોદ્ધારક આચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહરાજની પ્રેરણા મુખ્ય હતી.

### આશ્ચર્યજનક પણ સાચુંઃ

ભારતના ઉપરાષ્ટ્રપતિ અને સુપ્રસિદ્ધ તત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના શુભહસ્તે આ પ્રકાશનનું ઉદ્ઘાટન થાય અને એ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે મુંબઈ રાજ્યના રાજ્યપાલ શ્રીપ્રકાશ પધારે એ વાત ઘણાંને આશ્ચર્યજનક લાગતી હતી, પણ એ સાચી હતી અને તેથી ઘણા લોકો આ સમારોહમાં ભાગ લેવાને ઇંતેજાર બન્યા હતા.

### ઉજવણીનું સ્થાનઃ

આ ભવ્ય સમારોહની ઉજવણી માટે

જ્ઞાનમંદિરની નજીકમાં આવેલી ડો. એન્ટોનિયો ડી. સીલ્વા હાઇસ્કૂલનો નવો વિશાળ હોલ પસંદગી પામ્યો હતો અને તેને કાગળનાં મનોહર પુષ્પો તથા બીજી વસ્તુઓથી સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. હોલ બહારના વિશાળપ્રાંગણમાં એક ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો અને પ્રવેશનાં મુખ્ય બંને સ્થાનો પર મનોહર દરવાજા ખડા કરવામાં આવ્યા હતા.

## આમંત્રણ અને પ્રવેશપત્રો:

આ સમારોહમાં ભાગ લેવા માટે મુંબઈનાં જૈન આગેવાનો ઉપરાંત ઘણા મીનીસ્ટરો, અધિકારીઓ, વિદ્વાનો વગેરેને આમંત્રવામાં આવ્યા હતા અને બીજાઓ માટે પ્રવેશપત્રની ગોઠવણ રાખવામાં આવી જેથી હોલની અંદરની વ્યવસ્થા બરાબર જળવાઈ રહે, પણ પ્રવેશપત્રો જોતજોતામાં ખૂટી ગયાં હતાં અને ઘણાને નિરાશ થવું પડયું હતું.

## ભવ્ય વરઘોડો:

જે ગ્રંથરાજનું પ્રકાશન થવાનું હતું, તેને સવારના સાડા આઠ વાગતાં ચાંદીના રથમાં પધરાવવામાં આવ્યો હતો અને તેનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. આ વરઘોડામાં શ્રાવક-શ્રાવિકાઓ તથા મુનિ મંડળની વિશાળ હાજરી સહુનું ધ્યાન ખેંચી રહી હતી, આગળ જૈન સ્વયંસેવક મંડળનું સુપ્રસિદ્ધ બેન્ડ અનેક પ્રકારના સુંદર સ્વરોથી વાતાવરણને ભરી દઈ ચાલી રહ્યું હતું. ગ્રંથરાજનું આ સન્માન તેના મૂળ રચયિતા શ્રી મલ્લવાદિ ક્ષમાશ્રમણની સ્મૃતિ તાજી કરતું હતું અને તેનાં સંપાદક વયોવૃદ્ધ આચાર્ય શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ પ્રત્યે અતિ માન ભર્યો અંગુલી નિર્દેશ કરતું હતું. લગભગ સાડા નવ વાગતાં આ વરઘોડો ડો. એન્ટોનિયો ડી. સીલ્વા હાઇસ્કૂલના પ્રવેશદ્વાર આગળ આવ્યો હતો અને શાસનદેવની પ્રચંડ ગર્જનાઓ સાથે સમાપ્ત થયો હતો. પછી એ ગ્રંથરાજને સ્ટેજ ઉપર જરીના વસ્ત્રથી આચ્છાદિત કરેલ એક ટેબલ પર પધરાવવામાં આવ્યા હતા. અને તેની આગળ ધૂપ-દીપ પ્રકટાવવામાં આવ્યા હતા તથા પુષ્પોનો શણગાર કરવામાં આવ્યો હતો.

## આગમન:

ઘડિયાળે દશ પર પચીશ મીનીટ બતાવી તેજ વખતે માન્યવર-ડો. રાધાકૃષ્ણન તથા શ્રી-પ્રકાશ તેમના રસાલા સાથે આવી પહોંચ્યા હતા, અને સમિતિના પ્રમુખ શેઠશ્રી રમણભાઈ તથા મંત્રી શ્રી દામજી જેઠાભાઇ વગેરેએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ જૈન સ્વયં-સેવક મંડળે આપેલી બેન્ડની સલામી ઝીલતા ઝીલતા તેઓ હોલના પ્રવેશદ્વારે આવી પહોંચ્યા હતા, અને પોતાના આસને આવી પહોંચીને આ બંને મહાનુભાવોએ ત્યાં બિરાજતા બંને આચાર્ય ભગવંતોને તથા મુનિરાજોને વિનમ્રભાવે વંદન કર્યું હતું. આ શિષ્ટાચારે સહુનાં દિલ ઉપર ઊંડી છાપ પાડી હતી, અને પ્રજાએ ત્યાગી સાધુ સંતો પ્રત્યે કેવો વ્યવહાર રાખવો જોઇએ તેનો ઉમદા પાઠ પૂરો પાડયો હતો.

## કાર્યક્રમનો પ્રારંભ:

કાર્યક્રમનો પ્રારંભ આ સમારોહના અધ્યક્ષ પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાના મંગલાચરણથી થયો હતો. મંગલાચરણ બાદ શ્રી કેશવલાલ એમ. શાહ અને તેમના દશ બાર સાથીદારોએ વિવિધ-વાજીંત્રોના મધુર સ્વર સાથે શ્રી નમસ્કાર મહામંત્રનું સંગીત રજુ કર્યું હતું, અને તે સૌની પ્રશંસા પામ્યું હતું.

## અભિનંદન મંગલમ્:

ત્યાર બાદ શતાવધાની પંડિતશ્રી ધીરજલાલ ભાઇએ જૈનમંત્રોના ઉચ્ચારપૂર્વક અભિનંદન મંગલમાં પાંચ શ્લોકો ભાવવાહી સ્વરે ગયા હતા, અને તે અભિનંદન સર્વેના હર્ષોલ્લાસ વચ્ચે ઉપરાષ્ટ્રપતિને સમર્પણ કર્યું હતું. આ અભિનંદન મંગલમ્ સુંદર ચિત્રપૂર્વક હસ્તા-

ક્ષરેથી લખેલું હતું. અને સુંદર ફ્રેમમાં મઢવામાં આવ્યું હતું.

### સ્વાગતનું ભાષણ:

ત્યારબાદ સમિતિના પ્રમુખ શ્રી રમણલાલ દલસુખભાઈએ સ્વાગતનું ભાષણ કર્યું હતું, જેમાં જૈનધર્મ તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રમાં આપેલી સ્યાદ્વાદ તથા નયવાદની ભેટનો તેમજ આચારના ક્ષેત્રમાં આપેલી ઉચ્ચત્તમ અહિંસાનો પણ ઈશારો કર્યો હતો. ઉપરાંત તેમણે જૈન શ્રમણોનાં પવિત્ર જીવનનો તથા તેમની દમનોપાસનાનો ઉલ્લેખ કરી પ્રસ્તુત ગ્રંથનો નિર્દેશ કર્યો હતો, અને તેમાં સંપાદક તરીકે પૂજ્ય આચાર્યશ્રીની ઓળખાણ આપી હતી.

### ગ્રંથ પરિચય:

ત્યાર બાદ પૂજ્યશ્રી વિક્રમવિજયજી મહારાજ કે, જેઓ દ્વાદશારનયચક્ર સંપાદન કાર્યમાં વર્ષોથી સહકાર આપી રહ્યા હતા, તેમણે દ્વાદશાર નયચક્રનો પરિચય આપ્યો હતો, અને તેમાં રહેલી ખૂબીઓ બતલાવી હતી.

### આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી:

બાદ પૂ. આચાર્યદેવશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું હતું કે, 'દ્વાદશાર નયચક્ર એ શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણની એક ભવ્ય કૃતિ છે, તેનું સંપાદન ગુરૂમહારાજાએ ઘણો પરિશ્રમ વેઠીને કર્યું છે. આજે તેનું પ્રકાશન ભારતના ઉપરાષ્ટ્રપતિનાં હસ્તે થઈ રહ્યું છે, તે ઘણો આનંદનો વિષય છે, આ ગ્રંથમાં નયનું જ્ઞાન ઠાંસીને ભરેલું છે, તે વિવિધ વાદો સમજવામાં ઘણું ઉપયોગી છે. અપેક્ષાવાદ-સ્યાદ્વાદ તથા અનેકાન્તવાદ એ એકજ વાદના જુદા જુદા નામો છે નયવાદ એ તેનોજ એક ભાગ છે. દરેક નય પોતાનું મંડન કરી સત્યનો એક અંશ રજુ કરે છે. જ્યારે તે બીજા નયોનો નિષેધ કરે છે. ત્યારે તે નયાભાસ બની જાય છે. આ ગ્રંથ તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં એક સમૃધ્ધ ઉમેરો કરે છે.'

### ગ્રંથ પ્રકાશન

ત્યારબાદ સમિતિના મંત્રી શ્રી કાન્તિલાલ કેશવલાલ કાપડીઆએ ઉપરાષ્ટ્રપતિને ગ્રંથનું પ્રકાશન કરવાની વિનંતિ કરી હતી, અને ઉપરાષ્ટ્ર-પતિએ ઉભા થઇને પ્લાસ્ટીકની એક કલામય પેટીમાં મૂકાયેલા દ્વાદશાર નયચક્ર ગ્રંથ ઉપરની રેશમની દોરીઓ છોડી તેનું પ્રકાશન જાહેર કર્યું હતું. તે વખતે સર્વ સભાજનોના મુખ પર અપૂર્વ આનંદ તરવરી રહ્યો હતો, અને બ્યુગલે પોતાની વાણીમાં હર્ષનાદ પ્રગટ કર્યો હતો.

### માન્યવર ડો. રાધાકૃષ્ણનનું મનનીય વક્તવ્ય

ત્યાર બાદ ડો. રાધાકૃષ્ણને પોતાની લાક્ષણિક શૈલિમાં લગભગ ૨૦ મીનીટ સુધી એક પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'દુનિયાની ખટપટમાં મશગુલ બની ગયેલા માનવીઓ શાંત અને ધર્મમાં મસ્ત મુનિવરોને અને તેમની કૃતિઓને પૂરતું મહત્વ આપતા નથી, એ ખરેખર ખેદનો વિષય છે. તેમણે પૂજ્ય આચાર્ય ભગવંત તરફ અંગુલિ નિર્દેશ કરીને જણાવ્યું હતું, કે આવા સાધુઓ અને તપસ્વીઓ જ પોતાના ધ્યાન અને ઉગ્ર તપથી જગતને ધારણ કરતા આવ્યા છે. આવા મુનિવરો અજ્ઞાનથી અંધ થયેલા મનુષ્યોનાં ચક્ષુઓ ખોલે છે, અને સત્ય તરફ દોરી જાય છે તેમજ તેથીજ તેમને નમસ્કાર કરવામાં આવે છે. આપણે જરા, વ્યાધિ અને મૃત્યુથી ઘેરાયેલી આ દુનિયામાં ખોવાયેલા છીએ, અને પ્રાર્થીએ છીએ, કે અમને અસત્યમાંથી સત્ય તરફ લઇ જાઓ. આ દુઃખ અને ગ્લાનિથી ભરેલા જગતમાંથી બહાર કેમ આવવું? એજ આપણો પ્રશ્ન છે.

મૃદુતા, નમ્રતા અને સહિષ્ણુતાથી જ તમે બધી મુશ્કેલીઓ જીતી શકો. મૃદુતા આપનું સૌથી તીક્ષ્ણ હથિયાર છે. બીજાઓ તરફ કોમળતાથી વર્તવું એ જૈનધર્મની અહિંસાનું સૌથી

વધારે સંસ્કૃત સ્વરૂપ છે. આમ વાક્ય અને અર્થજ્ઞાનથી જ અમૃતની પ્રાપ્તિ થતી નથી, તે માટે આચારની પણ જરૂર છે.

આ ગ્રંથમાં સ્યાદ્વાદનું અમૃત ભરેલું છે, તે કહે છે, કે તમે વિચાર જડત્વને દૂર કરો, આત્યંતિક વિવાદથી આઘા રહો.'

ત્યાર બાદ પંચશીલનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું, કે, 'એ આંતરરાષ્ટ્રીય નીતિમત્તાનો નિયમ નથી, એતો આત્મ સુધારણાનો માર્ગ છે. જ્યાં સુધી વ્યક્તિઓ તરીકે આપણે સુધરીએ નહી, ત્યાં સુધી જગતને શી રીતે સુધારી શકીશું ? જૈન ધર્મના સાધુઓએ આપણને આજ શીખવ્યું છે. જૈન ધર્મ જીવનને અતિ પવિત્ર માને છે અને તે માટે અહિંસાને ઉપદેશે છે. જગતને આજે એ અહિંસાની ઘણી જરૂર છે.

જગત આજે બે પરસ્પર વિરોધી વિચાર સરણીઓમાં અટવાઈ ગયું છે, અને બંને પક્ષો પોતપોતાના આત્યંતિક દષ્ટિબિંદુઓ ત્યજી દે નહિ, અને વિનમ્રતા તથા સહિષ્ણુતાથી એક બીજાને સમજવાનો પ્રયાસ કરે નહિ, ત્યાં સુધી એ ખેંચતાણ અને સંઘર્ષણનો અંત આવશે નહિ તે માટે અનેકાન્તવાદ કે સ્યાદ્વાદનો સિદ્ધાંત ઘણો ઉપયોગી છે.'

અંતે તેમણે આ ગ્રંથનું સંપાદન કરવા માટે આચાર્યશ્રીને ધન્યવાદ આપ્યા હતા.

## શ્રી શ્રીપ્રકાશ :

મુંબઈના રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશે જણાવ્યું હતું, કે, 'આઝાદી પછી ભારતની સંસ્કૃતિનો પુનરુદ્ધાર કરવાના પ્રશંસનીય પ્રયાસો થાય છે. તેની પ્રાચીન સંસ્કૃતિ તેની પરંપરાઓ અને નીતિમત્તાને આભારી છે. જૈનોએ ભારતીય કલા અને સંસ્કૃતિમાં ઘણો મહત્વનો ફાળો આપ્યો છે. તેમણે સંસ્કૃત ભાષાને પણ પુનર્જીવિત કરી છે.'

તેમણે જૈન સમાજની દાનવૃત્તિની પણ પ્રશંસા કરી હતી, અને પોતાની વિચાર સરણીના કેન્દ્રમાં માત્ર વ્યક્તિ નહિ પણ સમાજને રાખવાનો અનુરોધ કર્યો હતો.

## આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસુરીશ્વરજી મહારાજ

ત્યારબાદ આ સમારોહના અધ્યક્ષ પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ સંસ્કૃત ભાષામાં પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, 'ભારત ભૂમિમાં આચાર્ય વિભૂતિઓ, ઉપાધ્યાય વિભૂતિઓ અને સાધુ વિભૂતિઓ થઈ છે. આ ભારતદેશમાં સૌરાષ્ટ્ર દેશાંતર્ગત વલ્લભીપુરમાં શ્રી મલ્લવાદીસૂરિ જન્મ્યા હતા. તેમના મામા—જેઓ તેમના દીક્ષાગુરૂ હતા, જેમને ભૃગુપુરમાં રાજ્યસભામાં બૌદ્ધાચાર્ય સાથે વિવાદ થયો હતો, અને તેમાં તેઓ હારી ગયા હતા. આથી તેમનાં દિલને આઘાત થયો હતો. ત્યારબાદ તેમણે ખૂબ વિદ્યાભ્યાસ કર્યો અને એજ ભૃગુપુરમાં બૌદ્ધવાદીને હરાવી જય પ્રાપ્ત કર્યો હતો તેઓશ્રીએ આ નયચક્ર ગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથ તૈયાર કરવા માટે મને મારા ગુરૂદેવે સં. ૧૯૭૨ માં ખંભાતમાં આજ્ઞા આપી હતી. તે પછી સં. ૨૦૦૧ માં લાલબાગમાં મારા શિષ્ય વિક્રમવિજયજીએ શાન્તિનાથ જૈન ઉપાશ્રયના ભંડારની નયચક્રની પ્રતિ મારા હાથમાં મૂકી, મેં તે દિવસથી કામ શરૂ કર્યું. પ્રથમ દિવસે થોડું જ્ઞાન થયું, બીજુ પાનું બીજા દિવસે બેઠું, ત્રીજા પાનું ત્રીજા દિવસે બેઠું,

આમ એમાંથી ખૂબ સૂત્રો તારવવાનું કાર્ય આરંભ્યું, તે કામ ધીરે ધીરે આગળ વધ્યું, અને આજે ૧૪ વર્ષે તે ગ્રંથ સંપૂર્ણ થતાં શ્રી રાધકૃષ્ણ જેવા એક મહાનુભાવનાં હાથે તેનું પ્રકાશન થયું છે. જૈન સાહિત્ય આવા અનેક ગ્રંથ રત્નોથી ભરપૂર છે.'

# સમાચાર સાર

## શ્રી શત્રુંજય ગિરિરાજની તીર્થભૂમિમાં આયંબિલતપની ઓળીનું થયેલું અપૂર્વ આરાધન

શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ અમદાવાદના ઉપક્રમે કંડ નિવાસી સ્વ. શેઠશ્રી શીવલાલભાઈ અમીચંદ મુંબઇના ટ્રસ્ટ તરફથી ગિરિરાજની શીતળ છાયામાં આગમમંદિર ખાતે પૂ. મુનિરાજ મહારાજશ્રી હંસસાગરજી ગણિવરની નિશ્રામાં શ્રી નવપદ ઓળીનું આરાધન સુંદર રીતે ઉજવાયું હતું. સેંકડો ભાઇ-બ્હેનો આરાધનામાં જોડાયાં હતાં.

ઓળીના નવે દિવસ પૂજા, આંગી, ભાવના, વ્યાખ્યાન, રોશની વગેરે સારા પ્રમાણમાં થયું હતું. પૂજા-ભાવના માટે મુંબઇથી સુપ્રસિદ્ધ સંગીતરત્ન શ્રી લક્ષ્મીચંદભાઈ પોતાની મંડળી સાથે પધાર્યા હતા. પ્રભુભક્તિમાં સુંદર જમાવટ થઇ હતી.

પુણ્યશાળી આરાધક ભાઈ–બ્હેનોની ભક્તિ શ્રી મણિલાલભાઇ શ્રી નેમચંદભાઈ તથા શ્રી ચિનુભાઇ વગેરેએ ખડે પગે કરી હતી.

સ્વ. શેઠ શ્રી શીવલાલભાઈ તરફથી અગાઉ મહેસાણા, શંખેશ્વર, ઓળીનું આરાધન કરાવાયું હતું. આ વર્ષે પણ તેમના તરફથી જ પાલીતાણામાં ઓળીનું આરાધન હતું.

તા. ૧૧-૪-૬૦ ના આગમમંદિર ખાતે સ્વ. શેઠશ્રીના ટ્રસ્ટના ટ્રસ્ટીઓને અભિનંદન પત્ર અર્પણ કરવાનો એક મેળાવડો શેઠશ્રી અનુભાઈ ચીમનલાલના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. મંગલાચરણ બાદ સંસ્થાના સેક્રેટરી શ્રી વાડીભાઇએ સંસ્થાનો અહેવાલ રજુ કર્યો હતો. ત્યારબાદ શ્રી કપુરચંદભાઈ, શ્રી સોમચંદ ડી. શાહ, શ્રી શામજીભાઇ માસ્તર અને શ્રી પુલચંદભાઈ મહુવાકરે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. પ્રમુખશ્રી એ કેટલુંક વિવેચન કર્યા બાદ સ્વ. શેઠશ્રીના જમાઇને અભિનંદન પત્ર અર્પણ કર્યું હતું. હારતોરા તથા આભારવિધિ બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

**અનુમોદનીય આરાધના :** મુંબઇ-કોટ ખાતે રહેતા પોરબંદર નિવાસી શેઠ કેશવજી નેમચંદ જેમની વય હાલ ૮૨ વર્ષની વૃદ્ધ છે, છતાં તેઓ કાયમ ઉપાશ્રયમા રહે છે, ફકત જમવા ઘેર જાય છે, તેમણે ૭૨ વર્ષની વયથી સામાયિક તથા નવકાર મંત્રનો જાપ શરૂ કરેલ.

---

### ઈનામોની વહેંચણી:

ત્યાર બાદ શેઠ માણેકલાલ ચુનીલાલની વિનંતિથી ઉપરાષ્ટ્રપતિએ મુંબઈનાં જૈનધાર્મિક સંઘની ઉચ્ચ ધોરણની પરીક્ષાઓમાં-ઉત્તીર્ણ થનાર દશ બ્હેનો અને બે ભાઇઓને પ્રમાણપત્ર તથા ઇનામો વ્હેંચ્યા હતા.

### આભાર દર્શન:

ત્યાર બાદ શ્રી દામજી જેઠાભાઇએ પૂજ્ય આચાર્ય ભગવંત, મુનિરાજો, ઉપરાષ્ટ્રપતિ, શ્રી શ્રીપ્રકાશ, તથા આમંત્રિત સજ્જનોનો, તેમજ કાર્યવાહકો, સ્વયંસેવકો, અને શુભેચ્છાના સંદેશાઓ પાઠવનારાઓ વગેરેના આભાર માન્યો હતો, અને સમિતિના પ્રમુખશ્રી રમણલાલ દલસુખભાઇએ બંને મહાનુભાવોને હાર પહેરાવ્યા હતા.

આ ગ્રંથનું પૂજન કરવા માટે અગાઉથી બોલી બોલાયેલ હતી, તે મુજબ પાંચ ગૃહસ્થોએ આ ગ્રંથનું વિધિપૂર્વક પૂજન કર્યું હતું. અને ત્યાર બાદ આચાર્યશ્રીએ સર્વ મંગલ સંભળાવ્યું, પછીથી આ સમારોહની પૂર્ણાહુતિ થઈ હતી.

તે આજે તેઓએ ૫૨૨૨૫ સામાયિકો કરેલ છે, ૧૨૫૮૫૧ નવકારવાળીઓ બાંધી ગણી છે, એટલે એક ક્રોડને પાંત્રીશ લાખ એકાણુ હજાર પાંચસો આઠ ૧,૩૫,૯૧,૫૦૮ નવકારનો જાપ તેમને થયેલ છે. આજે ૮૨ વર્ષની વયે તેઓની આરાધના ચાલુ છે, આખો દિવસ સામાયિકમાં તેઓ રહે છે, સ્વાધ્યાય કરે છે, ને નવકાર મંત્રનો જાપ કરે છે, તેઓ આટલી વૃધ્ધવયે પણ ટેકો લેતા નથી. પ્રતિક્રમણાદિ ક્રિયામાં વાંદણામાં તેઓ ૧૭ પ્રમાર્જના સાથે ઉભા થઈને લે છે, બે ઘડિ પહેલાં ચોવિહાર કરે છે, અલ્પ આહાર તથા અલ્પનિંદ્રા તેઓ લે છે. ખરેખર જૈન શાસન જયવંતુ છે, તે આવા આરાધકોના કારણે ! શ્રી નેમિદાસ અભેચંદ શાહ મુંબઈ.

**સિદ્ધક્ષેત્રની પુણ્યભુમિ પર:** અત્રે ફા. સુદિ. ૧૩ ની છ ગાઉની યાત્રામાં લગભગ છ હજાર યાત્રિકો હતા. ચતુર્વિધ સંઘની ભકિત માટે ભાવનગર સંઘ, જૈન શ્રેયસ્કર મંડળ આદિના પાલોની વ્યવસ્થા સારી હતી. ચૈત્રી પૂર્ણિમાની યાત્રા માટે યાત્રાળુઓ સારી સંખ્યામાં હતા. અક્ષયતૃતીયાના પારણા માટે યાત્રિકો સારી સંખ્યામાં આવી રહ્યા છે. હજાર લગભગ પારણા હોવાનું સંભળાય છે.

**અનુષ્ઠાનની પૂર્ણાહુતિ અને વિહાર:** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીએ શ્રી સિદ્ધક્ષેત્રની તીર્થભૂમિ પર સૂરિમંત્રના પંચપ્રસ્થાનની આરાધના નિર્વિઘ્ને પૂર્ણ કરી, તે નિમિત્તે મુંબઇ નિવાસી શેઠ છગનલાલ લખમીચંદ તરફથી આરિસાભુવન ખાતે પંચકલ્યાણી મહોત્સવ ચૈત્ર સુદિ૦ પાંચમથી શરૂ થયેલ સુદિ. નોમના દિવસે નવાણું અભિષેકની પૂજા ઠાઠથી ભણાવાયેલ. સુરત સ્ટેશન પર શેઠ નેમચંદ નાથાભાઈ તરફથી બંધાવેલ શિખરબંધી દેરાસરમાં પ્રતિષ્ઠા માટે પૂ. પાદ આચાર્યદેવ શ્રીને વિનંતિ થતાં તેઓ શ્રીએ તેનો સ્વીકાર કર્યો છે. તેઓશ્રીએ સપરિવાર ચૈત્ર સુદિ ૧૧ ના પાલીતાણાથી વિહાર કર્યો છે. તેઓશ્રી પેટલાદ પાસે મહેલાવ મુકામે વૈશાક સુદિ છઠનાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ત્યાં પધારી, વૈ. વદિ ૬ ના ઉજવવામાં આવનાર સુરત ખાતેના પ્રતિષ્ઠા મહોત્સવ પર પધારશે.

**આયંબિલ તપશ્ચર્યા અને યાત્રાઓ:** પાલીતાણા ખાતે પૂ. સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી મ. ના શિષ્યા સાધ્વીજી શ્રી હેમપ્રભાશ્રીજી મ. ના શિષ્યા સાધ્વીજી શ્રી પદ્મયશાશ્રીજી મહારાજે ૩૦૦ આયંબિલ પૂર્ણ કરી, પારણું કર્યા બાદ થોડા જ ટાઈમમાં આયંબિલ શરૂ કર્યા, આજે તેમને બીજી વાર ૩૦૦ આયંબિલ થયા છે, ૫૦૦ આયંબિલ કરવાની ભાવના છે. તેઓ દરરોજ યાત્રા કરે છે. સાધ્વીજીશ્રી ત્રિલોચનાશ્રીજી મ. ના શિષ્યા સાધ્વીજી શ્રી રત્નકીર્તિશ્રીજીએ ૫૦૦ આયંબિલો શરૂ કર્યા છે. આજે તમને ૧૫૦ આયંબિલો થયા છે. દરરોજ તેઓ બે યાત્રાઓ કરે છે. પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયજંબુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજશ્રી મનોગુપ્તવિજયજી મહારાજે ૪૨-૪૩ તથા ૪૪ એ રીતે ત્રણ આયંબિલની ઓલી સાથે કરી, ને ત્રણ નવાણુ યાત્રાઓ કરી. તેઓ દરરોજ ત્રણ યાત્રાઓ કરતા હતા. પૂ. મુનિરાજ નિત્યાનંદવિજયજી મહારાજે ૫૪ મી ઓલીની સાથે નવાણુ શરૂ કરી, ને પૂર્ણ કરી. તેઓ દરરોજ બે યાત્રાઓ કરતા હતા.

**વરસીતપની તપશ્ચર્યા**–પાલીતાણા આરીસાભુવન ખાતે બિરાજમાન પૂ પાદ પંન્યાસજી મહારાજશ્રી ભકિતવિજયજી ગણિવરશ્રીને સતત આઠ વર્ષીતપ થયા છે, હાલ નવમો વર્ષીતપ ચાલે છે. તેઓશ્રી વર્ષીતપ ચાલુ રાખવા ભાવના રાખે છે. દરરોજ તલાટીની યાત્રા નિયમીત કરે છે.

**મહાવીર કલ્યાણક નિમિત્તે**–શ્રી સિદ્ધક્ષેત્રની છત્ર છાયામાં અનેક સંસ્થાઓના આશ્રયે શ્રી મહાવીર દેવ જન્મ કલ્યાણક નિમિત્તે આગમ–

મંદિરેથી રથયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. અને મોતી સુખીયાની ધર્મશાળામાં પ્રવચનો થયેલ.

**શાશ્વતી ઓળીની ઉજવણી**-શ્રી નવપદ આરાધક સમાજ-મુંબઇ તરફથી શ્રી શંખેશ્વરજી તીર્થમાં શાશ્વતી ઓળીની આરાધના સુંદરરીતે થયેલ. હજારોની સંખ્યામાં આરાધકોએ લાભ લીધેલ. પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીની શુભપ્રેરણાથી નવકાર મંત્રના જાપનું અનુષ્ઠાન થયેલ.

**પૂજા તથા સાધર્મિક વાત્સલ્ય:** પાલીતાણા ખાતે ઉદ્યાપન તથા પ્રતિષ્ઠા મહોત્સવ પૂ પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભનિશ્રામાં નરશી નાથાની ધર્મશાળા ખાતે ઉદારતાપૂર્વક ઉજવીને મુંબઇ આવેલા શેઠશ્રી શિવજી વેલજીના ધર્મપત્ની ઝવેરબેન તરફથી મહોત્સવ નિમિત્તે ફાગણ વદિ ૬ ના દિવસે શ્રી અનંતનાથજીના જિનાલયમાં પૂજા ઠાઠથી ભણાવાઈ હતી. ભવ્ય આંગી થયેલ પૂજામાં ગવૈયા શ્રી શાંતિલાલ શાહ આવ્યા હતા. સાંજે સાધર્મિક વાત્સલ્ય થયેલ.

**ભાવનગરથી પાલીતાણા:** પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર સપરિવાર ભાવનગરથી ચૈત્ર સુદિ ૧ ના વિહાર કરી, વરતેજ, દેવગાણા, અગીયાળી ટાણા મઢડા થઇને ચૈત્ર સુદિ. નોમના તેઓશ્રીએ પાલીતાણા આરિસાભુવન ખાતે પ્રવેશ કર્યો છે. ભાવનગરના હાડવૈદ ડો. ભુવાની ટ્રીટમેંટથી તેઓશ્રીના પગે હવે આરામ છે. પૂ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીને ઓપરેશન પછી શાતા છે. તેઓશ્રી અક્ષયતૃતીયા સુધી પાલીતાણા ખાતે સ્થિરતા કરશે. બાદ તળાજા, કદંબગિરિજી આદિ તરફ તેઓ વિહાર કરનાર છે.

**મહેસાણા જીલ્લામાં કુતરાઓનો નાશ:** મહેસાણા જીલ્લાના નીચેના શહેરોમાં રખડતા કુતરાઓનો નાશ કરવા માટે સત્તાવાળા તરફથીફરમાન પ્રસિદ્ધ થયું છે. જે ગામો આ મુજબ છે; મહેસાણા, વિસનગર, પાટણ, કલોલ, કડી, સિદ્ધપુર, વડનગર, ચાણસ્મા, ખેરાળુ, વિજાપુર, માણસા. આ શહેરોમાં પોલીસધારાની કલમ ૪૪ પેટા કલમ ૧ અન્વયે જીલ્લા પોલીસ ઈન્સ્પેકટર તરફથી જાહેર કરવામાં આવેલ છે કે, ૩૧-૧૨-૬૦ સુધીમાં જાહેર શેરીઓ તથા જાહેર સ્થળોએ રખડતા માલુમ પડતા કુતરાઓનો નાશ કરવામાં આવશે. ખરેખર કોંગ્રેસી તંત્રમાં હિંસા આ રીતે વધતી જાય છે, તે સત્તા તથા પ્રજાની શરમ છે. આજનું રાજ્ય તેની જાણે હિંસાને જ ધ્યેય માનીને રહેલું દેખાય છે. જિલ્લા પોલીસ સુપરિટેન્ડના આ ફરમાનની સામે તે તે ગામોના મહાજનોએ તથા શ્રી સંઘોએ સખ્ત વિરોધ ઉઠાવી આંદોલન ઉભું કરવું જોઇએ. પાટણશહેરમાં તાજેતરમાં પ્રતિષ્ઠા પ્રસંગે જૈન-સમાજ સારી સંખ્યામાં એકત્ર થશે તો આને અંગે અવશ્ય જાહેર વિરોધ નોંધાવી પાટણ જૈન સંઘે ઘટતું તાત્કાલિક કરવું જોઇએ.

**કાલધર્મ પામ્યા** પૂ. પાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મ. ના સમુદાયના સાધ્વીજી શ્રી ચતુરશ્રીજી મ. ૭૧ વર્ષનો દીર્ઘ ચારિત્ર પર્યાય પાળીને ૯૫ વર્ષની વૃદ્ધવયે મહામંત્રના સ્મરણપૂર્વક જાવાલ-રાજસ્થાન ખાતે તા. ૨૩-૩-૬૦ના દિવસે સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. તેઓની અંતિમયાત્રામાં આજુ-બાજુના અનેક ગામોના શ્રીસંઘે લાભ લીધો હતો. તેઓના કાલધર્મ નિમિત્તે તાજેતરમાં અઠ્ઠાઈ મહોત્સવ આદિ થનાર છે.

**અઠ્ઠાઇ મહોત્સવ શાંતિસ્નાત્ર:**-તલાજા ખાતે પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયન્યાયસૂરીશ્વરજી મ. શ્રીના સમુદાયના સાધ્વીજીશ્રી મનોહરશ્રીજીના ૭૨ વર્ષની વયે કાલધર્મ પામ્યા તે નિમિત્તે શ્રીસંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ઉજવાયેલ.

**ભાગવતી દીક્ષાઓ:**- બહુધાનવાળા શાહ

**વર્ષગાંઠનો ભવ્ય ઉજવણી:** ફા સુદિ. ૩ ના ચાણસ્મા મંડન શ્રી ભટેવાજી પાર્શ્વનાથ ભગવાનની વર્ષગાંઠ ચાણસ્માખાતે શ્રી લાવણ્ય-સૂરિ જૈન સંગીત મંડળ તરફથી તેમજ ચાણસ્મા જૈનયુવક મંડળ-મુંબઇ તરફથી દાદર શ્રી શાંતિનાથજીના દેરાસરે અને ચાણસ્મા જૈન મિત્રમંડળ અમદાવાદ તરફથી રાજપુરના દેરાસરે ઘણી ધામધુમથી ઉજવવામાં આવેલ. પૂજા, ભાવના, પ્રભાવના, જમણ વગેરે થયેલ, ફા. સુદિ. ૧૫ ના અમદાવાદ ખાતે પાંજરાપોળ જૈન ઉપાશ્રયે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય-અમૃતસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી રામવિજયજી મ.ની નિશ્રામાં ચાણસ્મા જૈનમિત્રમંડળ-અમદાવાદ તરફથી ચાણસ્મા મંડન શ્રી ભટેવાજી પાર્શ્વનાથ તીર્થનું મહાત્મ્ય તે ઉપર પ્રવચન થયેલ.

**ધાર્મિક પરીક્ષા અને મેળાવડાઓ:-** મહેસાણા પાઠશાળાના પરીક્ષકો શ્રી રામચંદ ડી શાહ તથા શ્રી કાંતિલાલ ભાઇચંદ મહેતા રાજસ્થાન તથા બનાસકાઠામાંની નીચેના સ્થલોની પાઠશાળાઓની પરીક્ષાઓ લીધેલ ઇનામી મેળાવડાઓ યોજી, ધાર્મિક શિક્ષણને અંગે સ્થાનિક સંઘોને, સંચાલકોને યોગ્ય માર્ગદર્શન આપેલ. ફાલના જૈન કોલેજ, વરકાણા જૈન હાઇસ્કુલ, સુમેરપુર, પાલનપુર, ડીસા, માલવાડા, જૈન બોર્ડીંગ શિવગંજ વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક વિદ્યાલય, તદુપરાંત; ધાનેરા, ખીમત, ડીસાકેંપ, જુનાડીસા સાહડી, વાલી, રાણી, નાડોલ, ઘાણેરાવ, ખુડાલા, બ્યાવર, સાંડેરાવ, તખતગઢ, ગુડા, આહોર, પીંડવાડા, માલવાડા, ઉમેદાબાદ, વાંકલી, ખીવાંદી શિવગંજ, શિરોહી, જાવાલ, બર્લુટ, લાસ, માંડવલા આદિ ગામોની પાઠશાળા, કન્યાશાળા ઈત્યાદિની ધાર્મિક પરીક્ષાઓ લઇ ઇનામી મેળાવડાઓ યોજવામાં આવેલ. પરીક્ષકો

તા. ૧૨-૨-૬૦

## જાહેર વિનંતિ

વડોદરા પાસે બોડેલી તીર્થ દહેરાસરજીમાં શ્રી મહાવીરસ્વામી આદિ પ્રભુની પ્રતિમાઓની વર્ષગાંઠ વૈશાખ શુદિ ૭ મંગળવાર તા. ૩-૫-૬૦ ના રોજ છે, તે પ્રસંગે ધ્વજા ચઢશે, આંગી, પૂજા, ભાવના થશે, તો આપ સૌ મિત્ર મંડળ સહિત જરૂર પધારશો. આપના પધારવાથી શાસનની શોભામાં અભિવૃદ્ધિ થશે, તથા નજીકના સાલપરા ગામમાં **શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઇએ** બંધાવેલ દહેરાસરનાં દર્શન પૂજનનો લાભ મળશે.

લિ૦ મંત્રીઓ,
**પરમાર ક્ષત્રીય જૈન ધ. પ્ર. સભા,**
૪૫૭, સરદાર વી. પી. રોડ, **મુંબઈ ૪.**

**પૂજામાં પહેરવાની રેશમી**

મૂલ્ય ૧૭-૦૦ **પૂજાની જોડ** ધોતી ખેસ

વ્યાજબી ભાવે આપવાનું ઠરાવ્યું છે.

૧ ત્રિકમલાલ વાડીલાલ શાહ
માણેકચોક-અમદાવાદ

૨ સોમચંદ ડી. શાહ—પાલીતાણા

દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત

**દિવ્ય અગરબત્તી**

તથા

**કાશ્મીરી અગરબત્તી**

પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.

— નમુના માટે લખો —

**ધી નડીયાદ અગરબત્તી વર્કસ**

ઠે. સ્ટેશન રોડ, નડીયાદ (ગુજરાત)

## વરસીતપનાં પારણા ઉપર સમ્યગ્જ્ઞાનનાં સુંદર પુસ્તકોની પ્રભાવના કરી અમૂલ્ય લાભ ઉઠાવો !

સામાયિક સૂત્ર મૂળ-ગુજરાતી
૧૦૦ ના રૂા. ૧૨-૫૦

સામાયિક સૂત્ર મૂળ--હિન્દી
૧૦૦ ના રૂા. ૧૫-૦૦

બે પ્રતિક્રમણ મૂળ-ગુજરાતી
૧૦૦ ના રૂા. ૪૦-૦૦

આરાધના સંગ્રહ-ગુજરાતી
૧૦૦ ના રૂા. ૩૫-૦૦

અક્ષયનિધિ તપની વિધિ
૧૦૦ ના રૂા. ૬૫-૦૦

સ્થાપનાજી અને આત્મભાવના
૧૦૦ ના રૂા. ૮-૦૦

નેમનાથનો શ્લોકાદિ સંગ્રહ
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

નવાણું યાત્રાની વિધિ
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

અનાનુપૂર્વિ ગુજરાતી
૧૦૦ ના રૂા. ૭-૦૦

શત્રુંજય ઉદ્ધાર રાસ
(શત્રુંજય લઘુ કલ્પ-મહાકલ્પ સાથે)
૧૦૦ ના રૂા. ૨૦-૦૦

બે પ્રતિક્રમણ વિધિ સહિત
૧૦૦ ના રૂા. ૭૫-૦૦

સ્નાત્ર પૂજા વિધિ સહિત
૧૦૦ ના રૂા. ૧૫-૦૦

નવસ્મરણ ગુજરાતિ
૧૦૦ ના રૂા. ૪૦-૦૦

દર્શનચોવીસી અનાનુપૂર્વિ
૧૦૦ ના રૂા. ૬૫-૦૦

આત્મભાવના સંગ્રહ
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

નવકાર મહિમા (૧૦૮ ખમાસમણ)
૧૦૦ ના રૂા. ૧૫-૦૦

સ્થાપનાજી-પાકા
૧૦૦ ના રૂા. ૧૨-૫૦

નમસ્કાર ગીતગંગા
૧૦૦ ના રૂા. ૫૫-૦૦

દેવપાલ કથા
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

બાર વ્રતની ટીપ
૧૦૦ ના રૂા. ૧૫-૦૦

અક્ષય તૃતીયા
૧૦૦ ના રૂા. ૪૧-૦૦

અંત સમયની આરાધના
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

આપનું નામ વગેરે છાપવું હશે તો છાપી શકાશે. અગાઉથી જણાવો.

**સોમચંદ ડી. શાહ :** ઠે૦ જીવન નિવાસ સામે **પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]

તંત્રી, મુદ્રક, પ્રકાશક : સોમચંદ ડી. શાહ : મુદ્રણસ્થાન : શ્રી જશવંતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ
વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.